અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો સુદ ૦૨ | અંક : ૮૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### રાજનાથસિંહનું મોરક્કોમાં મહત્વપૂર્ણ નિવેદન

# જરૂર પડશે તો ઓપરેશન સિંદુર પાર્ટ ૨ અને ૩ ફરી શરૂ કરીશું

## પીઓકેની ચિંતા નથી, કારણ કે POK પોતાની જાતે જ ભારતમાં સામેલ થઈ જશે, લોકો કહેશે, હું પણ ભારત છું : રાજનાથસિંહ

। (એજન્સી) મોરક્કો, તા.૨૨ ।

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ હાલમાં મોરોક્કોના બે દિવસના પ્રવાસે છે. તેઓ કાસાબ્લાકા પહોંચ્યા, જ્યાં તેઓ ભારત અને મોરોક્કો વચ્ચે સંરક્ષણ સહયોગને વધુ મજબૂત બનાવવા માટે ચર્ચા કરશે. આ મુલાકાતને બંને દેશો વચ્ચે સંરક્ષણ અને વ્યૂહાત્મક સંબંધોને વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. તેમની મુલાકાત દરમિયાન રાજનાથ સિંહ દ્વિપક્ષીય વાટાઘાટોમાં ભાગ લેશે અને સંરક્ષણ સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે. રાજનાથ સિંહે મોરોક્કોમાં ભારતીય સમુદાય સાથે મુલાકાત કરી. વાતચીત દરમિયાન તેમણે જમ્મુ અને કાશ્મીરમાં પહેલગામ હુમલાનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું, "આપણા લોકો ફક્ત તેમના ધર્મના આધારે માર્યા ગયા હતા. મેં તાત્કાલિક એક બેઠક બોલાવી અને તેમને ઓપરેશન માટે તૈયાર રહેવા કહ્યું. બધા મુખ્ય અધિકારીઓએ કહ્યું કે અમે ઓપરેશન કરવા માટે તૈયાર છીએ." સંરક્ષણ પ્રધાને પાકિસ્તાન અંગે પણ નિવેદન આપ્યું, જેમાં કહ્યું કે પાકિસ્તાનમાં સુધારો કરવાની જવાબદારી તેમની છે, અને





પીઓકેની ચિંતા નથી, કારણ કે POK પોતાની જાતે જ ભારતમાં સામેલ થઈ જશે, અને ત્યાંના લોકો જાતે જ કહેશે, "હું પણ ભારત છું." સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે મોરોક્કોમાં ભારતીય સમુદાય સાથેની વાતચીત દરમિયાન અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પોતાના વિચારો શેર કર્યા. તેમણે જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર પછી પાકિસ્તાને યુદ્ધવિરામની માંગ કરી હતી, પરંતુ ભારતનું વલણ સ્પષ્ટ છે. ભારત તેના પડોશીઓ સાથે સારા સંબંધો ઈચ્છે છે, પરંતુ તે પણ સમજે છે કે પડોશીઓ બદલાઈ શકતા નથી. તેમણે કહ્યું, "આપણા પડોશીઓને સાચા માર્ગ પર પાછા લાવવાની જવાબદારી આપણી છે, અને અમે તેમ કરવાનું ચાલુ રાખીશું.

## પાકિસ્તાની સેનાએ પોતાના દેશમાં જ કરી એરસ્ટ્રાઇક

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં, જ્યાં ગયા અઠવાડિયે વૈશ્વિક આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ માટે ભરતી અભિયાનના ભાગ રૂપે પાકિસ્તાની પોલીસના રક્ષણ હેઠળ એક મેળાવડો યોજાયો હતો, ત્યાં ગઈકાલે રાત્રે પાકિસ્તાની સેનાએ તે જ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના લંડી કોટલ તહસીલના માત્રે દારા વિસ્તારમાં રહેણાંક વિસ્તાર પર હવાઈ હુમલો કર્યો, જેમાં અત્યાર સુધીમાં ૩૦ થી વધુ લોકો માર્યા ગયા. મૃતકોમાં ઘણા બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. ખૈબર પખ્તુનખ્વાના જે માત્રે દારા ગામમાં પાકિસ્તાની સેનાએ ઘરો પર હવાઈ હુમલા કર્યા હતા, તે તિરાહ ઘાટીમાં અફઘાનિસ્તાન સરહદ પાસે સ્થિત છે. દાવા પ્રમાણે પાકિસ્તાની સેનાએ તિરાહ ઘાટીમાં સ્થિત આ ગામમાં મોડી રાત્રે ૨ કલાકે JF-17 વિમાનથી ઓછામાં ઓછા 8 LS-6 બોમ્બ ફેંક્યા હતા અને આ હુમલો કથિત ઓપરેશનનો ભાગ ગણાવવામાં આવ્યો છે, જેના નામ પર પાકિસ્તાની સેના છેલ્લા ત્રણ સપ્તાહથી તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના કેમ્પો પર કાર્યવાહીનો દાવો કરી રહી છે. પરંતુ સત્ય એવું છે કે આતંકીઓની જગ્યાએ સતત સામાન્ય લોકો તેનો ભોગ બની જીવ ગુમાવી રહ્યાં છે.

### અરુણાચલનો પહેલો રંગ કેસરી : વડાપ્રધાન મોદી

# અરુણાચલમાં PM મોદીના હસ્તે ૫૧૦૦ કરોડના પ્રોજેક્ટના લોકાર્પણ

।(એજન્સી) ઈટાનગર, તા.૨૨।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે ૫૧૦૦ કરોડ રૂપિયાની માળખાગત પ્રોજેક્ટ્સનું અનાવરણ કરવા અરુણાચલ પ્રદેશ પહોંચ્યા. તેમણે વર્ચ્યુઅલ માધ્યમથી શિયોમી જિલ્લામાં બે પ્રમુખ જળવિદ્યુત પરિયોજના અને તવાંગમાં એક કન્વેન્શન સેન્ટરની આધારશિલા મૂકી. આ દરમિયાન તેમણે કહ્યું કે, અરુણાચલની મારા આ યાત્રા વિશેષ બની ગઈ છે. નવરાત્રિના પહેલા દિવસે મને આટલા સુંદર પહાડ જોવા મળ્યા. આજે આવનારી પેઢીના જીએસટી સુધારા લાગુ થઈ ગયા છે. જીએસટી બચત ઉત્સવ શરુ થઈ ગયો છે. અરુણાચલને વીજળી, સ્વાસ્થ્ય, પર્યટન અને અનેક અન્ય વિસ્તારની પરિયોજના આપવામાં આવી છે. અરુણાચલમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, જેમ તિરંગાનો પહેલો રંગ કેસરી છે, તેમ જ અરુણાચલનો પહેલો રંગ કેસરી છે. આ ભૂમિ વીરતાની ભૂમિ છે. અહીં દરેક વ્યક્તિ સાહસ અને શાંતિનું પ્રતિક છે. જો કે, અરુણાચલ પ્રદેશ જ એ જગ્યા છે, જ્યાં સૂર્યની કિરણ સૌથી પહેલાં પડે છે. પરંતુ, તેજ વિકાસની કિરણ અહીં પહોંચવામાં અનેક દાયકા લાગી ગયા. તે સમયે દિલ્હીથી દેશ ચલાવનારા લોકો હંમેશા અરુણાચલને અવગણતા હતા. કોંગ્રેસ જેવી પાર્ટીને લાગતુ હતું કે, આટલા ઓછા લોકો છે અને લોકસભાની પણ ફક્ત બે બેઠક છે, તો અરુણાચલ પર ધ્યાન કેમ આપવું? કોંગ્રેસની આ માનસિકતાએ અરુણાચલ અને આખા પૂર્વોત્તરને ખૂબ નુકસાન પહોંચાડ્યું છે. વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, કોંગ્રેસની એક જૂની આદત છે કે, વિકાસનું જે કામ અઘરું હોય છે તે કામને હાથ જ ન લગાડવો. કોંગ્રેસની આ આદતથી ઉત્તરપૂર્વને ખૂબ નુકસાન પહોંચાડ્યું. જ્યાં વિકાસ કાર્ય કરવું પડકાર હોય છે, તેને કોંગ્રેસ પછાત જાહેર કરીને ભૂલી જાય છે.

### ચૂંટણી કમિશનર બોલતા દેખાયા માલિક

# કોંગ્રેસે ફરી જાહેર કર્યો PM મોદીનો AI વીડિયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

અનેક વિવાદો બાદ, કોંગ્રેસે PM મોદીનો વધુ એક AI વીડિયો જાહેર કર્યો છે. તેમાં PM મોદી અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વચ્ચેની વાતચીત બતાવવામાં આવી છે. વીડિયોમાં, PM મોદી જ્ઞાનેશ કુમારને પૂછતા જોવા મળે છે કે, રાહુલ ગાંધી આટલા બધા ખુલાસા કેવી રીતે કરી રહ્યા છે. જણાવી દઈએ કે, કોંગ્રેસે પોતાના X એકાઉન્ટ આ વીડિયો શેર કર્યો છે. રાહુલ ગાંધીને વોટ ચોરી જેવા ખુલાસા કરવામાં કોણ મદદ કરી રહ્યું હતું, તે અંગે ઘણી ચર્ચા થઈ હતી. ત્યારે તાજેતરની એક પ્રેસ કોન્ફરન્સમાં, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ખુલાસો કર્યો હતો કે, તેમને ચૂંટણી પંચની અંદરથી મદદ મળી રહી છે. આ વીડિયોમાં, PM મોદી જ્ઞાનેશ કુમારને આ જ પ્રશ્ન પૂછે છે, જેનાથી જ્ઞાનેશ કુમાર સ્તબ્ધ થઈ જાય છે. વીડિયોમાં, મુખ્ય ચૂંટણી કમિશનર PM મોદીને "માલિક" કહીને સંબોધે છે. વીડિયોમાં PM મોદી કહે છે કે, "મેં તમને જે માંગ્યું તે આપ્યું, તો પણ રાહુલ ગાંધી દરરોજ નવા ખુલાસા કરી રહ્યા છે. આ પ્રશ્નના જવાબમાં, જ્ઞાનેશ કુમાર PM મોદીને "માલિક" કહીને સંબોધીને કહે છે કે, "માલિક, મને ખબર નથી કે, આ બધું કેવી રીતે થઈ રહ્યું છે."



## નવરાત્રી ખેલૈયાઓ માટે ખાસ અને યાદગાર રહે તે માટે પોલીસ દ્વારા વિશેષ વ્યવસ્થા કરાઈ

। (એજન્સી) સુરત, તા.૨૨ ।

સુરતમાં નવરાત્રીના પર્વને લઈને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ મહત્વનું નિવેદન આપ્યું છે. આ વર્ષે નવરાત્રી ખેલૈયાઓ માટે ખાસ અને યાદગાર રહે તે માટે પોલીસ દ્વારા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મોડી રાત સુધી ગરબા રમી શકાય તે માટે પોલીસ સહયોગ આપશે. આ ઉપરાંત, નવરાત્રીમાં ખાણીપીણીની લારીઓ માટે પણ વિશેષ વ્યવસ્થા કરાતાં અનેક લોકોને રોજગારીની તકો મળશે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આ વખતે નવરાત્રી સ્વદેશી અપનાવો ના નારા સાથે ઉજવાશે. રાજ્યની સંસ્કૃતિ અને અંબાની આરાધના પર ભાર મૂકવામાં આવશે. ગરબાના આયોજનોમાં ભક્તિને ખલેલ પહોંચાડે તેવા ગીતો વગાડવા પર પ્રતિબંધ રહેશે અને તે ચલાવી લેવામાં આવશે નહીં. મહિલાઓ અને માતા-પિતાની સુરક્ષા માટે પોલીસ સંપૂર્ણપણે સજ્જ છે. હર્ષ સંઘવીએ તમામ બહેનોને અપીલ કરી છે કે, જો કોઈ પણ નાની તકલીફ પણ પડે તો ૧૧૨ પર કોલ કરીને મદદ માંગી શકાય છે. ગુજરાત પોલીસ હંમેશા તેમની સેવા માટે ઉપલબ્ધ છે. ગેરવાજબી લોકો કોઈ પણ રીતે ફાયદો ન ઉઠાવી શકે તે માટે પણ કડક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નવરાત્રી બાદ દિવાળીના તહેવારને લઈને પણ સુરતવાસીઓ માટે સારા સમાચાર છે. "દાદાની સવારી, એસટી અમારી" આ સૂત્ર સાથે સુરતથી દિવાળી પર એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવશે. આગામી ૧૬ થી ૧૯ તારીખ દરમિયાન અંદાજે ૧૬૦૦ જેટલી બસો દોડશે. આ બસો સુરતથી સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દાહોદ અને ગોધરા સહિતના અનેક જિલ્લાઓમાં જશે. બસનું બુકિંગ ઓનલાઈન પણ કરી શકાશે. જો આખી બસ બુક કરવામાં આવે તો મુસાફરોને તેમના ઘર સુધી પહોંચાડવાની પણ સુવિધા આપવામાં આવશે.

### હવે ગુજરાતમાં નવું કૌભાંડ સામે આવ્યું!

# મહેસાણામાં ૨૫૦થી વધુ ખોટી રીતે નોંધાયેલા લગ્નોનો ચોંકાવનારો ઘટસ્ફોટ

## આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ખળભળાટ : સરકારી તંત્રની બેદરકારી પર અનેક સવાલો ઊભા કર્યા છે

। (એજન્સી) મહેસાણા, તા.૨૨ ।

તાજેતરમાં મહેસાણા જિલ્લામાં એક મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે, જેમાં ૨૫૦ કરતાં પણ વધુ લગ્નોની ખોટી નોંધણી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ કૌભાંડનો પર્દાફાશ વરુણ પટેલે પુરાવાઓ સાથે મહેસાણાના વિજાપુર ખાતે કર્યો છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચાવ્યો છે અને સરકારી તંત્રની બેદરકારી પર અનેક સવાલો ઊભા કર્યા છે.

વરુણ પટેલના દાવા મુજબ, આ કૌભાંડનું મૂળ બનાસકાંઠાના ડીસા તાલુકાના સમૌ ગામમાં છે. આ ગામની ગ્રામ પંચાયતમાં લગ્નની ખોટી નોંધણી થતી હોવાનું સામે આવ્યું છે. નોંધણીના રેકોર્ડ્સની તપાસ કરતાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧માં, આ ગામમાં કુલ ૧૫૯ લગ્નોની નોંધણી થઈ હતી, જેમાંથી ૧૩૩ લગ્નો તો માત્ર ૨૦૨૧ના વર્ષમાં જ નોંધાયા હતા. આ આંકડો અસામાન્ય રીતે ઊંચો હતો, જેના પરથી શંકા જાગી.

વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે, ૨૦૨૧માં જ્યારે તલાટીની બદલી થઈ, તે પછીના વર્ષો એટલે કે ૨૦૨૨ અને ૨૦૨૩માં લગ્નની નોંધણીનો આંકડો dramatically ઘટીને માત્ર ૫ જ થઈ ગયો હતો. આ બાબત સ્પષ્ટ સંકેત આપે છે કે ૨૦૨૧માં થયેલા લગ્નની મોટી સંખ્યા પાછળ કંઈક ગેરરીતિ હતી.

**કૌભાંડની પદ્ધતિ : સામાન્ય સાક્ષી અને બનાવટી સ્થળ**

વરુણ પટેલ દ્વારા રજૂ કરાયેલા પુરાવા મુજબ, આ ખોટી નોંધણી પાછળ એક ચોક્કસ પદ્ધતિ અપનાવવામાં આવી હતી.

એક જ સ્થળ: મોટાભાગના લગ્નમાં સ્થળ તરીકે ભગવાનપુરાના જોગમાયા માતા મંદિરનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

સમાન સાક્ષી: મોટાભાગના લગ્નના એફિડેવિટમાં એક જ સાક્ષી અથવા તો એક જ જૂથના સામાન્ય સાક્ષીઓની નોંધણી થઈ હતી.

એક જ પંડિત: લગ્ન કરાવનાર પંડિત તરીકે પાલનપુરના મુકેશભાઈ શાસ્ત્રીનું નામ પણ સામાન્ય હતું.

જોકે, આ મામલે ગામના સરપંચ અને સ્થાનિક લોકોના નિવેદનો પણ ખૂબ જ મહત્ત્વના છે. તેમનું કહેવું છે કે, ગામના આ મંદિરમાં ક્યારેય કોઈ લગ્ન થયા નથી. આ નિવેદનોએ કૌભાંડને વધુ પુષ્ટિ આપી છે.

આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થતાં જિલ્લા વિકાસ અધિકારી સ્વપનિલ ખરેએ આ મામલે પુષ્ટિ આપી છે. વરુણ પટેલ દ્વારા રજૂ કરાયેલા પુરાવાઓની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, આ મામલે કડક તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આ કૌભાંડ પાછળ કોણ કોણ જવાબદાર છે અને તેનો હેતુ શું હતો, તે અંગે આગામી દિવસોમાં વધુ વિગતો બહાર આવી શકે છે.

આ ઘટનાએ માત્ર સરકારી તંત્રની બેદરકારી જ નહીં, પણ ખોટી રીતે લગ્ન નોંધાવીને વિવિધ સરકારી યોજનાઓ અથવા અન્ય લાભો મેળવવાની ગેરરીતિઓ પર પણ પ્રકાશ પાડ્યો છે. આ કૌભાંડમાં સામેલ ગુનેગારો સામે કડક કાર્યવાહી થાય તે જરૂરી છે, જેથી ભવિષ્યમાં આવા બનાવો રોકી શકાય.

### CM ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ કરીને ગરબો શેર કર્યો

## નવરાત્રિ પહેલાં 'ઓપરેશન સિંદૂર' પર દેશભક્તિ ગરબો લોન્ચ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

ગુજરાતમાં નવરાત્રિનો માહોલ જામી રહ્યો છે ત્યારે એક અનોખો અને દેશભક્તિસભર ગરબો લોન્ચ કરવામાં આવ્યો છે. આ ગરબો ભારતીય સેનાના શૌર્ય અને તાજેતરના ઓપરેશન સિંદૂર પર આધારિત છે. આ ગીતને ખુદ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કરીને તેની પ્રશંસા કરી છે, જેના કારણે તે ચર્ચામાં આવ્યો છે. નવરાત્રિના તહેવારની તૈયારીઓ વચ્ચે, આ વર્ષે એક અનોખો ગરબો રજૂ કરવામાં આવ્યો છે જેણે લોકોનું ધ્યાન ખેંચ્યું છે. આ ગરબાનું વિષયવસ્તુ પરંપરાગત ગરબા ગીતોથી તદ્દન અલગ છે. તે ભારતીય સેનાના જવાનોની બહાદુરી અને આતંકવાદીઓ વિરુદ્ધ ચલાવવામાં આવેલા એક મહત્વપૂર્ણ ઓપરેશન, ઓપરેશન સિંદૂર પર આધારિત છે. આ ગીત આપણા સૈનિકોના બલિદાન અને શૌર્યને શ્રદ્ધાંજલિ આપે છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ આ ગરબાની નોંધ લીધી અને તેને પોતાના ટ્વીટર (હવે X) એકાઉન્ટ પર શેર કરીને આ પહેલને બિરદાવી. આ સુંદર અને ભાવનાસભર ગરબાને સુપ્રસિદ્ધ ગુજરાતી ગાયક પાર્થિવ ગોહિલ દ્વારા સ્વરબદ્ધ કરવામાં આવ્યો છે. પાર્થિવ ગોહિલના મધુર અવાજે ગીતમાં દેશભક્તિની લાગણીને વધુ પ્રબળ બનાવી છે. આ ગરબો માત્ર નવરાત્રિના ઉત્સવનો ભાગ નથી, પરંતુ તે દેશ માટે બલિદાન આપનારા જવાનો પ્રત્યેની કૃતજ્ઞતા પણ વ્યક્ત કરે છે.

### "મારા નસીબ નથી," નોકરી ન મળતા જીવન ટૂંકાવ્યું

# MSC-B.ed કરેલી મહિલાએ પતિને અંતિમ મેસેજ કરીને જીવન ટૂંકાવ્યું

। (એજન્સી) મહેસાણા, તા.૨૨ ।

હાલના સમયમાં યુવાનો જાતમહેનત કરીને એક સારી જિંદગી જીવવા માટે કામ-ધંધા અને નોકરીની શોધમાં અહીં તહીં ફટક્યા કરે છે. પરંતુ ઘણો બધો ઉચ્ચ અભ્યાસ કર્યો હોવા છતાં અનેક પ્રયત્નો બાદ અમુક યુવાનોને નોકરી નથી મળતી, ત્યારે તેઓ હતાશ થઈને ના કરવાનું કરી બેસે છે. આવો જ આપણે એક વિચારવા મજબૂર કરતો કિસ્સો હાલ મહેસાણાના વિજાપુરમાંથી સામે આવ્યો છે, જ્યાં આયોધ્યાનગર સોસાયટીમાં રહેતી ૩૨ વર્ષીય પરિણીત મહિલાએ M.SC-B.ed સુધીનો અભ્યાસ કર્યો હોવા છતાં નોકરી ન મળતા તેમણે પોતાનું જીવન ટૂંકાવી લીધું છે. જે બાબતે હાલ વિજાપુર પોલીસે આપઘાતની ઘટનાની તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વિજાપુરના આયોધ્યાનગર સોસાયટીમાં રહેતી રીંકુબેન પટેલ (ઉં.વ. ૩૨)એ પોતાના ઘરમાં જ ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો છે. આ પગલું ભરતા પહેલા રીંકુબેનએ તેમના પતિ રવિભાઈને વોટ્સએપ પર "મારા નસીબ નથી" જેવો હતાશાજનક મેસેજ મોકલ્યો હતો. મેસેજ મળતા જ પતિ દોડતા દોડતા ઘરે પહોંચ્યાં, ત્યારે રીંકુબેનનો લટકતી હાલમાં તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. જે બાદ દુ:ખદ ઘટનાની જાણ થતા તુરંત જ પડોશીઓ અને પરિવારજનોને ભેગા થઈ ગયા હતા અને રિંકુબેનના મૃતદેહને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

રીંકુબેનના પરિવારજનો અનુસાર, તે MSC અને B.Ed.ની ઉચ્ચ શિક્ષિત હતી અને તે લગ્ન પછી ઘરની આર્થિક સ્થિતિ સુધારવા માટે નોકરી કરવા માંગતી હતી. આ માટે તે નોકરી મેળવવા માટે અનેક પ્રયાસો કરતી હતી. દરમિયાન તાજેતરમાં આંગણવાડી કાર્યકરની પસંદગી માટે આપેલી તેણીએ સ્પર્ધાત્મક પરીક્ષા આપી હતી. જેમાં તે નાપાસ થવાથી ગહન હતાશા અનુભવતી હતી. MSC અને B.Ed.ની ઉચ્ચ શિક્ષિત હોવા છતાં તેને નોકરી ન મળી જેથી તેણે આ આત્મઘાતી પગલું ભર્યું હોઈ શકે છે. ઊંચી ઊંચી ડિગ્રીઓ મેળવ્યા છતાં અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે દિન-રાત તનતોડ મહેનત કર્યા છતાં યુવાનોને નોકરી નથી મળતી, ત્યારે આ સમસ્યા નોકરી વાચ્છુકો માટે ચિંતાનો વિષય બની છે. હાલ વિજાપુરની આ ઘટનાથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે અને સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી છે.

### નવરાત્રી પૂર્વે ખેલૈયાઓમાં જોવા મળ્યો ટેટુનો ક્રેઝ

। અમદાવાદ, તા.૨૨ ।

નવરાત્રીને હવે માત્ર ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે. જેના પગલે ગરબા આયોજકોથી લઈને ખેલૈયાઓ સહિતના તમામ લોકો નવરાત્રીને લઈ તડામાર તૈયારીઓ કરી રહ્યાં છે. નવરાત્રીમાં પૂર્વે ખેલૈયાઓમાં કપડા, ઓર્નામેન્ટ્સની સાથે સાથે ટેમ્પરરી ટેટુનો ક્રેઝ પણ ખૂબ જ વધી રહ્યો છે. આ વર્ષે ખેલૈયાઓ માત્ર ફેશનેબલ ડિઝાઈન જ નહીં, પરંતુ સામાજિક સંદેશ આપતા ટેટૂ પણ કરાવી રહ્યા છે. આ વર્ષે ખાસ કરીને અમદાવાદ પ્લેન ક્રેશની ઘટના, ટેરિફ વોર, અને છેં ટેકનોલોજી જેવા વિષયો પર આધારિત ટેટૂ ટ્રેન્ડમાં છે. પરંતુ આવા ટેમ્પરરી ટેટુ ગમે ત્યાં કરાવી લેતા વિવિધ જીવલેણ બીમારીનું કારણ બની શકે છે. કોઈ ચેપી રોગ ધરાવતા વ્યક્તિના શરીર પર ટેટુ કર્યા બાદ તે જ નીડલનો સ્વસ્થ વ્યક્તિના શરીર પર ઉપયોગ કરાય તો બીમારી ફેલાવવાનો ખતરો વધી જાય છે.

### ધોધમાર વરસાદે વાતાવરણમાં ઠંડક પ્રસરાવી દીધી

# સુરત સતત બીજા દિવસે જળબંબાકાર, રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં

। (એજન્સી) સુરત, તા.૨૨ ।

સુરત શહેરમાં છેલ્લા ચાર દિવસથી મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે, જેના કારણે સુરતના કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે. સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે.

સુરતના ઉધના-નવસારી રોડ પર પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા હતા. ભારે વરસાદના કારણે વાહનચાલકો ફસાયા હતા અને રસ્તાઓ પર નદીઓની માફક પાણી વહેતું જોવા મળ્યું હતું. ખાસ કરીને રાત્રિના સમયે અસહ્ય ગરમી અને બફારા બાદ વહેલી સવારથી જ શરૂ થયેલા ધોધમાર વરસાદે વાતાવરણમાં ઠંડક પ્રસરાવી દીધી હતી. હવામાન વિભાગે સુરત અને ભરૂચમાં આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી કરી છે. સુરતના ઉધના, ઉન પાટીયા, ભેસ્તાન વિસ્તારોનો આજે મેઘરાજાએ જાણે વારો પાડી દીધો છે. સતત વરસાદને કારણે રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયેલા જોવા મળી રહ્યા છે. ગઈકાલે લિંબાયતમાં પણ ધોધમાર વરસાદ વરસી જતાં માત્ર એક કલાકના ગાળામાં સાડા ચાર ઈંચ જેટલી મેઘરાજાએ બેટિંગ કરી હતી.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૪ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. નર્મદાના નાંદોદમાં ૪ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો, જ્યારે બોડેલી અને હાલોલમાં ૪ ઈંચ વરસાદ વરસ્યો હતો. જેતપુર પાવી, જાંબુઘોડા, નેત્રંગમાં ૩ ઈંચ, જ્યારે સંખેડા, માલપુર, ખાનપુર અને કપડવંજમાં ૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત, ૩૫ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. રાજ્યના ૧૧ તાલુકાઓમાં ૨ ઈંચથી વધુ વરસાદ અને ૨૦ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના ખેડૂતો અને નાગરિકોને વરસાદના આગમનથી રાહત મળી છે, પરંતુ નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેતી રાખવા જણાવવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી ૩ દિવસ સુધી થન્ડર સ્ટોર્મની સંભાવના છે. ૨૨ તારીખે રાજ્યમાં મધ્યમ વરસાદની આગાહી છે, જ્યારે સુરત અને ભરૂચમાં ભારે વરસાદની શક્યતા છે. અન્ય વિસ્તારોમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

# ધમાલ મચાવનારા આરોપીઓનું પોલીસે જાહેરમાં કાઢ્યું સરઘસ

। (એજન્સી) ગોધરા, તા.૨૨ ।

ગોધરામાં શુક્રવારે (૧૯ સપ્ટેમ્બર) પશ્ચિમ વિસ્તારના એક સમુદાયના લોકોએ ગોધરા બી ડિવિઝન પોલીસ સ્ટેશન પર હુમલો કરી તોડફોડ કરી હતી. આ ઘટનામાં પોલીસે કુલ ૮૮ શખસો સામે નામ જોગ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેમાંથી ૨૧ જેટલા આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. ત્યારે આજે (૨૧મી સપ્ટેમ્બર) પોલીસ મથક પર ધમાલ મચાવનારા આ આરોપીઓનું સરઘસ કાઢવામાં આવ્યું હતું. મળતી માહિતી અનુસાર, નવરાત્રિના તહેવારને ધ્યાનમાં રાખીને પોલીસે એક સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરને પોલીસ સ્ટેશનમાં બોલાવ્યો હતો. આ ઈન્ફ્લુએન્સરને વિનંતી કરવામાં આવી હતી કે તે કોઈ પણ પ્રકારની વિવાદાસ્પદ પોસ્ટ સોશિયલ મીડિયા પર ન મૂકે, જેથી શાંતિ જળવાઈ રહે. ઈન્ફ્લુએન્સર દ્વારા આ અગાઉ કોઈ ધાર્મિક પોસ્ટર સાથે વીડિયો બનાવવામાં આવ્યો હતો, જેના કારણે કેટલાક લોકોમાં એવી ગેરસમજ ફેલાઈ કે પોલીસ તેને આ જ કારણસર બોલાવી રહી છે. આ ગેરસમજને કારણે મોટી સંખ્યામાં લોકોનું ટોળું પોલીસ સ્ટેશન પાસે એકત્ર થઈ ગયું. પરિસ્થિતિ વણસતા ટોળાએ પોલીસ ચોકી નંબર ૪ પાસે તોડફોડ કરી અને પથ્થરમારો પણ કર્યો. ટોળાને વિખેરવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો, જેમાં કેટલાક પોલીસકર્મીઓને સામાન્ય ઈજાઓ પણ થઈ હતી. હુમલાખોરોએ પોલીસ સ્ટેશનમાં રહેલી ખુરશીઓ અને અન્ય સામાન બહાર ગટરમાં ફેંકી દીધો હતો.

# ગરબા ગ્રાઉન્ડમાં પાણી ભરાતા ગરબા આયોજકો તેમજ ખેલૈયાઓમાં ચિંતામાં

। (એજન્સી) વડોદરા, તા.૨૨ ।

મેઘરાજા ફરી એક વાર ગુજરાતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ત્યારે વડોદરાના જુદા-જુદા વિસ્તારોમાં પણ મુશળધાર વરસાદ વરસતા રસ્તા પર પાણી ફરી વળ્યા છે. વાઘોડિયામાં પણ ગાજવીજ સાથે ભારે વરસાદ વરસતા ગરબા ગ્રાઉન્ડમાં પણ પાણી ભરાયા છે. સતત વરસાદ પડતા રસ્તા પર પાણી ભરાયાની સમસ્યા સર્જાઈ છે. ઉલ્લેખનીય છે કે વડોદરાના નાની ભાગોળ અને ઈન્દ્રપુરી ગરબા ગ્રાઉન્ડમાં પાણી ભરાતા આયોજકો સહિત ખેલૈયાઓમાં પણ ચિંતાના વાદળ છવાયા છે. આવતી કાલથી નવલી નવરાત્રીનો પ્રારંભ થવાનો છે ત્યારે નવરાત્રીના એક દિવસ પૂર્વ જ ગરબા ગ્રાઉન્ડ પર પાણી ભરાતા સ્થાનિકોમાં પણ ચિંતા જોવા મળી રહી છે. વડોદરામાં ધોધમાર વરસાદ વરસતા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જેના કારણે વાહનચાલકોને પણ ભારે હાલાકી થઈ છે. બીજી તરફ હવામાન વિભાગે નવરાત્રીમાં મેઘરાજા વિઘ્ન બનશે તેવી આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૫ દિવસ રાજ્યમાં વરસાદી ઝાપટાં પડે તેવી આગાહી કરી છે. જેના કારણે નવરાત્રીમાં વરસાદનું વિઘ્ન આવી શકે છે. મધ્ય ગુજરાતમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદની પડે તેવા એંધાણ વ્યક્ત કરવામાં આવ્યા છે.

## વિશેષ

### સિવિલ હોસ્પિટલમાં દુર્લભ સર્જરી દરમિયાન ૭ વર્ષના બાળકના પેટમાંથી વાળ, ઘાસ અને દોરાનો ગઠ્ઠો દૂર કરવામાં આવ્યો

# સિવિલ સુપરિન્ટેન્ડન્ટ અને પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા શ્રી ડો. રાકેશ જોષીની માતા પિતાને ચેતવણી: બાળકોમાં વાળ કે અજાણી વસ્તુ ખાવાની ટેવ બની શકે છે ખતરનાક છે ને નવાઈ!

। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદની સિવિલ હોસ્પિટલના ડૉક્ટરોએ મધ્યપ્રદેશના રતલામના ૭ વર્ષના બાળક સુભમ નિમાણાના પેટ અને નાના આંતરડામાંથી વાળ, ઘાસ અને શૂ લેસના દોરાનો ગઠ્ઠો (ટ્રાઈકોબેઝોઅર) સફળતાપૂર્વક દૂર કર્યો છે. બાળકોમાં થતી આ અત્યંત દુર્લભ બિમારીનું પ્રમાણ માત્ર ૦.૩–૦.૫% જેટલું છે.






સિવિલ સુપરિન્ટેન્ડન્ટ અને પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા શ્રી ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, સુભમને છેલ્લા બે મહિનાથી પેટમાં દુખાવો, ઉલટી અને વજન ઘટવાની સમસ્યા હતી. અગાઉ મધ્યપ્રદેશની ખાનગી હોસ્પિટલમાં તેનું ઓપરેશન કરી લગભગ ૨ લાખ રૂપિયા ખર્ચાયા છતાં તેને રાહત ન મળી. બાદમાં તેને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો.

સીટીસ્કેન અને એન્ડોસ્કોપી બાદ ડૉક્ટરોને પેટમાં વાળ અને દોરાનો ગઠ્ઠો હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ, પ્રોફેસર ડૉ. જયશ્રી રામજીની આગેવાનીમાં જટિલ એક્સપ્લોરેટરી લેપ્રોટોમી સર્જરી કરીને ગઠ્ઠો સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યો. એનેસ્થેસિયાની જવાબદારી પ્રોફેસર ડૉ. શકુંતલા ગોસ્વામી અને એસોસિએટ પ્રોફેસર ડૉ. ભારત મહેશ્વરીની ટીમે સંભાળી હતી. આ પ્રક્રિયામાં ઓપરેશન પછીના છ દિવસ સુધી બાળકને મોઢેથી ખોરાક ન આપતા સાતમા દિવસે ડાઈ ટેસ્ટ કરી પેટમાં કોઈ અવશેષ ન રહે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું. સાથોસાથ મનોચિકિત્સક દ્વારા કાઉન્સેલિંગ કરી ભવિષ્યમાં આવી આદત ન પડે તે માટે માર્ગદર્શન અપાયું. હાલ સુભમ સ્વસ્થ છે અને તેને રજા અપાઈ છે.

સિવિલ સુપરિન્ટેન્ડન્ટ અને પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા શ્રી ડૉ. રાકેશ જોષી ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, ટ્રાઈકોબેઝોઅર, એટલે કે વાળનો ગૂચ્છો બાળકોમાં થતી એક અત્યંત દુર્લભ સમસ્યા છે. બેઝોઅરના મુખ્ય ચાર પ્રકાર છે: ટ્રાઈકોબેઝોઅર એટલે વાળનો ગૂચ્છો, ફાઈટોબેઝોઅર એટલે શાકભાજી કે ફળના રેશાનો ગૂચ્છો, લેક્ટોબેઝોઅર એટલે દૂધનો ગૂચ્છો, ફાર્માકોબેઝોઅર એટલે દવાઓની ગાંઠ.

આ રોગના લક્ષણોમાં વારંવાર પેટમાં દુખાવો કે ફૂલવું, ઉબકા-ઉલ્ટી, ખાવાનું મન ન થવું, વજન ઘટવું, કબજિયાત અથવા આંતરડામાં અવરોધ જેવી સમસ્યાઓ જોવા મળે છે. નાના બેઝોઅર હોય તો એન્ડોસ્કોપીથી દૂર કરી શકાય છે, જ્યારે મોટા માટે સર્જરી જરૂરી બને છે. આવા કેસમાં માનસિક કાઉન્સેલિંગ પણ મહત્વપૂર્ણ બની જાય છે.

સિવિલ સુપરિન્ટેન્ડન્ટ અને પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા શ્રી ડૉ. રાકેશ જોષીના કહેવા પ્રમાણે, માતા-પિતાએ ધ્યાનમાં રાખવા જેવી બાબતોમાં બાળકોને વાળ કે અજાણી વસ્તુ ખાવાની ટેવ હોય તો તરત જ ધ્યાન આપવું, ખોરાક સારી રીતે ચવીને ખાવાનું શીખવવું, નવજાતમાં ઘટ્ટ દૂધ/ફોર્મ્યુલા ટાળવું, ડૉક્ટરની સલાહ વગર દવા વધારે માત્રામાં ન આપવી અને વારંવાર પેટની તકલીફ થાય તો તરત બાળ સર્જનનો સંપર્ક કરવો જોઈએ. આ રોગના લક્ષણોમાં વારંવાર પેટમાં દુખાવો કે ફૂલવું, ઉબકા-ઉલ્ટી, ખાવાનું મન ન થવું, વજન ઘટવું, કબજિયાત અથવા આંતરડામાં અવરોધ જેવી સમસ્યાઓ જોવા મળે છે. નાના બેઝોઅર હોય તો એન્ડોસ્કોપીથી દૂર કરી શકાય છે, જ્યારે મોટા માટે સર્જરી જરૂરી બને છે. આવા કેસમાં માનસિક કાઉન્સેલિંગ પણ મહત્વપૂર્ણ બની જાય છે. સિવિલ સુપરિન્ટેન્ડન્ટ અને પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા શ્રી ડૉ. રાકેશ જોષીના કહેવા પ્રમાણે, માતા-પિતાએ ધ્યાનમાં રાખવા જેવી બાબતોમાં બાળકોને વાળ કે અજાણી વસ્તુ ખાવાની ટેવ હોય તો તરત જ ધ્યાન આપવું, ખોરાક સારી રીતે ચવીને ખાવાનું શીખવવું, નવજાતમાં ઘટ્ટ દૂધ/ફોર્મ્યુલા ટાળવું, ડૉક્ટરની સલાહ વગર દવા વધારે માત્રામાં ન આપવી અને વારંવાર પેટની તકલીફ થાય તો તરત બાળ સર્જનનો સંપર્ક કરવો જોઈએ.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



આસામના બક્સા જિલ્લાના ઉત્તરપરા ખાતેના મતદાન મથક પર બોડોલેન્ડ ટેરિટોરિયલ કાઉન્સિલ (BTC) ચૂંટણી દરમિયાન મતદાન કર્યા પછી એક મહિલા પોતાની આંગળી પર અમીટ શાહીથી નિશાન બતાવે છે.

### બોલિવૂડ એક્ટર પરેશ રાવલનું મોટું નિવેદન

# PM મોદી ૭૫ વર્ષની ઉંમરમાં પણ ઘણું કામ કામ કરે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

બોલીવૂડ એક્ટર પરેશ રાવલ તેમના કામને લઈને હંમેશા ચર્ચામાં રહેતા હોય છે. જોકે હાલ તેમણે વડાપ્રધાન મોદીને લઈને મહત્વની વાત કરી છે જેને લઈને તેઓ ચર્ચામાં આવ્યા છે. પરેશ રાવલે કહ્યું કે સામાન્ય લોકોને હંમેશા એવું લાગે છે કે રાજનેતાઓની જિંદગી આરામદાયક હોય છે. પરંતુ આ વાતમાં જરા પણ તથ્ય નથી. પરેશ રાવલ ૨૦૧૪થી ભારતીય જનતા પાર્ટીની ટીકીટ પર અમદાવાદ ઈસ્ટમાં સાંસદ ચૂંટવામાં આવ્યા હતા.તેમણે જણાવ્યું કે રાજનેતાઓની જિંદગી



આરામદાયક હોય છે આવી ધારણા કદાચ કોંગ્રેસના સમયમાં સાચી હતી. જોકે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં આ વાત જરા પણ યોગ્ય નથી. આજકાલ મંત્રીથી લઈને નાના કાર્યકર્તાઓને પણ ઘણી મહેનત કરવી પડે છે અને થાકી જવાય ત્યાં સુધી કામ કરવું પડે છે. રાજકારણમાં કેવો અનુભવ રહ્યો આ સવાલ પર પરેશ રાવલે પીએમ મોદીના કાર્યની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે મોદી પહેલા વડાપ્રધાન છે કે જેમણે ચૂંટાયેલા નેતાઓને કહ્યું કે વર્ષમાં એક વાર તમારે જનતાને જણાવવું પડશે કે તેમણે આખું વર્ષ શું કામ કર્યું છે. પરેશ રાવલે કહ્યું કે પીએમ મોદી એવા વ્યક્તિ છે કે જેઓ કહે છે કે ઠીક છે આ કરવું પડશે. હું તમને ૩ દિવસ પછી સંપર્ક કરીશ. તમને એવું લાગશે કે તેઓ ભૂલી જશે પરંતુ તેઓ ભૂલતા નથી અને તમારે તે મુદ્દે દરેક વાતના જવાબ આપવા પડશે. મેં આટલા કઠોર અનુશાસન અને કાર્યશૈલી વાળા વ્યક્તિને ક્યાંય પણ નથી જોયા.

## ન્યૂઝ બ્રિફ

### સિંગર ઝુબિન ગર્ગના અંતિમ દર્શન માટે ઉમટી હજારોની ભીડ

। (એજન્સી) ગુવાહાટી, તા.૨૨ ।

બોલિવૂડના લોકપ્રિય ગાયક દિવંગત ઝુબીન ગર્ગનો પાર્થિવ દેહ આજે સવારે સિંગાપોરથી ગુવાહાટી પહોંચ્યો છે. એરપોર્ટની બહાર ઝુબીનના ચાહકો મોટાપાયે ઉમટી પડ્યા હતાં. તેઓએ જય ઝુબીન દા ની નારેબાજી કરી હતી. ઝુબીનની પત્ની ગરિમા સૈકિયા ગર્ગ પણ ગોપીનાથ બોરદોલાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચી હતી. ઝુબીન ગર્ગની પત્ની ગરિમા સૈકિયા પતિના પાર્થિવ દેહને જોતાં જ પડી ભાંગી હતી. તેનો એક વીડિયો વાઈરલ થયો છે. જેમાં ગરિમા ધ્રુસકેને ધ્રુસકે રડી રહી હતી. તે પોતાની જાતને સંભાળી શકી ન હતી. આસામ રાજ્ય સરકારે ઝુબીન ગર્ગના નિધન બદલ ત્રણ દિવસનો શોક જાહેર કર્યો હતો. ૨૦થી ૨૨ સપ્ટેમ્બર સુધી શોક જાહેર કરાયો હતો. સિંગાપોરમાં સ્કુબા ડાઈવિંગ સમયે ઝુબીન ગર્ગનું નિધન થયુ હતું. ૫૨ વર્ષીય ઝુબીન યા અલી સહિત અનેક લોકપ્રિય ગીતોથી પ્રચલિત બન્યો હતો. કંગના રણૌત અને શાઈની આહુજાની હિટ ફિલ્મ ગેંગસ્ટરમાં યા અલી સોંગથી લાઈમલાઈટમાં આવેલા મૂળ આસામના સિંગર ઝુબીન ગર્ગનું સિંગાપોરમાં સ્કુબા ડાઈવિંગ વખતે અચાનક નિધન થઈ જતાં તેના ચાહકોમાં ભારે શોક ફેલાયો છે. અનેક બોલીવૂડ મ્યુઝિક સેલિબ્રિટીઓએ ઝુબીનનાં આકસ્મિક નિધન માટે શોકની લાગણી વ્યક્ત કરી હતી.

### ટ્રમ્પે અફઘાનિસ્તાનના બગરામ એરબેઝ પર અમેરિકાના કબજાની માંગ કરી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર અફઘાનિસ્તાનના બગરામ એરબેઝ પર અમેરિકાના કબજાની માંગ કરી છે. ટ્રમ્પ આ મુદ્દાને વારંવાર છંછેડી રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટમાં ટ્રમ્પે ખુલ્લેઆમ ધમકી આપી હતી કે જો અફઘાનિસ્તાન બગરામ એર બેઝ અમેરિકાને પરત નહીં કરે તો તેના ભયાનક પરિણામો ભોગવવા પડી શકે છે. ટ્રમ્પે કહ્યું, “અમે હાલમાં અફઘાનિસ્તાન સાથે વાત કરી રહ્યા છીએ. અમે ટૂંક સમયમાં બગરામ એર બેઝને અમારા નિયંત્રણ હેઠળ ઈચ્છીએ છીએ. જો અફઘાનિસ્તાન અમારી વાત નહીં માને તો તમને ખબર પડશે કે હું શું કરીશ.'' અગાઉ, ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા ચીન પર નજર રાખવા માટે કાબુલ નજીક એક મુખ્ય અફઘાન એરબેઝ ફરીથી કબજે કરવાની યોજના બનાવી રહ્યું છે. જોકે, અફઘાનિસ્તાન પર શાસન કરતા તાલિબાને આનો જવાબ આપ્યો છે. તાલિબાને સ્પષ્ટપણે કહ્યું છે કે અફઘાનિસ્તાનમાં કોઈપણ અમેરિકન સૈન્યને પાછા ફરવાની મંજૂરી આપવામાં નહીં આવે. બગરામ એર બેઝ યુએસને સોંપવાનો કોઈ સવાલ જ નથી. દરમિયાન, તાલિબાન વિદેશ મંત્રાલયના રાજકીય નિર્દેશક ઝાકિર જલાલીએ એક્સ પોસ્ટમાં લખ્યું છે કે અફઘાનિસ્તાન અને અમેરિકાએ વાતચીત કરવી જોઈએ. તેઓ પરસ્પર આદર અને સહિયારા હિતોના આધારે આર્થિક અને રાજકીય સંબંધો મજબૂત બનાવી શકે છે, પરંતુ અમેરિકાને તેના સૈનિકો અફઘાનિસ્તાનમાં પાછા તહેનાત કરવાની મંજૂરી આપવામાં નહીં આવે.

### વૃદ્ધો એસીથી ટેવાયેલા નથી, તેમજ તેમના હાથ-પગ એસીની હવામાં જકડાઈ જવાની ફરિયાદો પણ થતી હોય છે

# જાપાનમાં હીટવેવનો કહેર, સેંકડો લોકોના મોત નિપજ્યા, એસીનો ઉપયોગ ટાળવાથી થઈ રહ્યો છે હિટ સ્ટ્રોક

। (એજન્સી) ટોકિયો, તા.૨૨ ।

જાપાને બીજા વિશ્વયુદ્ધ બાદ વીજળીની ગતિએ પ્રગતિ કરી. તેણે વૈશ્વિક સ્તરે ટેક્નોલોજી ક્ષેત્રે વર્ચસ્વ સ્થાપિત કર્યું. વિકાસની આ ઝડપી ગતિએ રાષ્ટ્ર અને સમાજને ઘણું પાછળ છોડી દીધુ છે. આજે જાપાનમાં ક્લાઈમેટ ચેન્જ અને વૃદ્ધની વધતી વસ્તી એક નવું સંકટ ઉભું કરી રહ્યું છે. ૮૪ વર્ષીય તોશિયાકી મોરિયોકા જ્યારે પણ ઘરે હોય ત્યારે પોતાની સાથે એક એલાર્મ ડિવાઈસ રાખે છે. તાપમાન અને ભેજ વધતાં જ તે એક બટન દબાવે છે, જેના કારણે ઈમરજન્સી ટીમ તેમની મદદે આવે છે. આ ટીમ તોસિયાકી મોરિયોકાને નવડાવે છે અને ગરમીથી બચાવે છે. જાપાનના



દર ચોથા કે પાંચમા ઘરની આ એક સામાન્ય વાર્તા છે, કારણ કે હજારો લોકો જાપાનમાં હીટસ્ટ્રોકથી પ્રભાવિત થઈ રહ્યા છે. ઉનાળામાં રેકોર્ડબ્રેક ગરમીના કારણે હજારો લોકો ડિહાઈડ્રેટ થયા હતા. જાપાનની આ પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં સરકારે કટોકટીનો સામનો કરવા માટે એલાર્મ ડિવાઈસનો આશરો લીધો છે. જાપાનના આબોહવા સંકટ વચ્ચે, દેશની ઝડપથી વધતી વૃદ્ધ વસ્તીએ પણ જોખમ ઉભુ કર્યું છે. જાપાનમાં વૃદ્ધોની સંભાળ રાખવા માટે યુવા વર્ગ ખૂબ ઓછો છે.. જાપાનમાં એકલતા અને અન્ય સાંસ્કૃતિક પરિબળોનો સામનો કરતાં વૃદ્ધો માટે આ હિટસ્ટ્રોક વધુ સંવેદનશીલ બન્યો છે. જાપાનમાં લાખો વૃદ્ધ વસે છે. જેમની સંભાળ રાખવા માટે કોઈ નથી. જાપાનમાં રહેતાં તોશિયાકી મોરિયોકા પણ આ જ સમસ્યાનો સામનો કરે છે. તે પોતાના ઘરમાં એકલા છે અને સતત ચિંતા કરે છે કે જો તે બીમાર પડશે તો તેની સંભાળ કોણ રાખશે. એવામાં જાપાનમાં અંગ દઝાડતી ગરમીના કારણે તેઓ હીટસ્ટ્રોકનો સામનો પણ કરી રહ્યા છે. નોંધનીય છે, જાપાન એકમાત્ર એવો દેશ નથી જે આ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે. દક્ષિણ કોરિયા અને ચીનમાં પણ તાજેતરમાં રેકોર્ડ હીટવેવનો અનુભવ થયો છે. યુરોપના મોટાભાગના ભાગોમાં જંગલમાં લાગેલી આગને કારણે અત્યંત ગરમ હવામાનનો અનુભવ થયો છે. જાપાનની સત્તાવાર હવામાન એજન્સી અનુસાર, જાપાને આ વર્ષે સૌથી ભયાવહ હીટવેવનો અનુભવ કર્યો છે. ઓગસ્ટમાં, જાપાને અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન, ૪૧.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધ્યું હતું. આ વર્ષે, જાપાને તેનો સૌથી લાંબો આકરો ઉનાળો અનુભવ્યો છે. જૂનમાં શરૂ થયેલી ઉનાળાની સીઝન સપ્ટેમ્બર સુધી ચાલુ રહી.

# નનકાના સાહિબની યાત્રાને અટકાવાતા ભડક્યાં શીખ સંગઠન

### પાકિસ્તાનના નનકાના સાહિબમાં દર્શન પર પ્રતિબંધ મૂકવાના સરકારના નિર્ણય સામે સેન્ટ્રલ શ્રી ગુરુ સિંહ સભાએ વાંધો ઊઠાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

પાકિસ્તાનના નનકાના સાહિબમાં દર્શન પર પ્રતિબંધ મૂકવાના સરકારના નિર્ણય સામે સેન્ટ્રલ શ્રી ગુરુ સિંહ સભાએ સખત વાંધો ઊઠાવ્યો છે. શીખ સંગઠનના જણાવ્યાનુસાર, આ લઘુમતીઓની બાબતોમાં દખલગીરી છે. શનિવારે (૨૦મી સપ્ટેમ્બર) સભાના મહાસચિવ ડૉ. કુશલ સિંહે કહ્યું કે, ભાગલા પછી, ભારત અને પાકિસ્તાન સંમત થયા હતા કે શીખ ભક્તો ગુરુપર્વ અને અન્ય પ્રસંગોએ પાકિસ્તાનના ગુરુદ્વારાઓની મુલાકાત લઈ શકશે. પ્રેસ કોન્ફરન્સમાં ડૉ. કુશલ સિંહે કહ્યું, છેલ્લા સાત દાયકાથી શીખ યાત્રાળુઓ નનકાના સાહિબની મુલાકાત લઈ



રહ્યા છે, અને કોઈએ ક્યારેય વાંધો ઊઠાવ્યો નથી. ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ દરમિયાન પણ, શીખ જૂથોએ નનકાના સાહિબની મુલાકાત લીધી હતી. ૧૯૮૪માં ઓપરેશન બ્લુ સ્ટાર દરમિયાન, દરબાર સાહિબ ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચેની સરહદ સીલ કરવામાં આવી હતી, જોકે ભારત સરકારે શીખ યાત્રાઓ પર પ્રતિબંધ મૂક્યો ન હતો. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાનમાં શીખ સમુદાય કોઈ ખતરામાં નથી અને લાદવામાં આવી રહેલા કોઈપણ પ્રતિબંધો ફક્ત રાજકીય છે. અમે શીખ સંગઠનોની સલાહ લીધા વિના કેન્દ્ર સરકારના એકપક્ષીય નિર્ણયને સ્વીકારતા નથી. બંધારણની કલમ ૨૫નું ઉલ્લંઘન કરતા ડૉ. કુશલ સિંહે કહ્યું કે, આ સરકારી આદેશ બંધારણની કલમ ૨૫નું ઉલ્લંઘન કરે છે. આ પ્રસંગે, આપણે શ્રી ગુરુ નાનક દેવના ભાઈચારાના સંદેશને ફેલાવવાની જરૂર છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને પગલે, કરતારપુર કોરિડોર પણ બંધ કરી દેવામાં આવ્યો છે.

### અમેરિકામાં પાટીદાર મહિલા હત્યા કેસમાં કાર્યવાહી

# મહિલા પર ફાયરિંગ કરનારા આરોપીને દબોચી લેવાયો

### તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, આ હત્યા કિરણબેનના સ્ટોર નજીક રહેતા યુવક ઝેદાન મેક હીલે કરી હતી

। (એજન્સી) સાઉથ કેરોલાઈના, તા.૨૨ ।

આણંદના સિંગલાવ ગામના વતની અને હાલ અમેરિકાના સાઉથ કેરોલાઈનામાં રહેતા કિરણબેન પટેલની ગોળી મારીને હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ કરુણ ઘટના ગત ૧૬મી સપ્ટેમ્બરના રોજ બની હતી, જ્યારે બુકાનીધારી યુવકે કિરણબેનના સ્ટોર પર ગોળીબાર કર્યો હતો. સાઉથ કેરોલાઈનાની યુનિયન કાઉન્ટીમાં કિરણબેન પટેલ પોતાનો સ્ટોર ચલાવતા હતા. મળતી માહિતી મુજબ, ૧૬મી સપ્ટેમ્બરના રોજ એક બુકાનીધારી શખ્સ લૂંટના ઈરાદે તેમના સ્ટોરમાં ઘૂસી આવ્યો હતો. આ શખ્સે અચાનક કિરણબેન પર ગોળીબાર કરતા તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટના બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, આ હત્યા કિરણબેનના સ્ટોર નજીક રહેતા ૨૧ વર્ષીય યુવક ઝેદાન મેક હીલે કરી હતી. પોલીસે આરોપીના ઘરેથી તેને ઝડપી પાડ્યો હતો. આરોપી પર આર્મ્ડ રોબરી (શસ્ત્રો સાથે લૂંટ), હત્યા અને હિંસક ગુનો કરવાના ઈરાદે હથિયાર રાખવા સહિતના ગંભીર આરોપો (ચાર્જિસ) લગાવવામાં આવ્યા છે. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે. કિરણબેન પટેલની હત્યાના સમાચાર સિંગલાવ ગામમાં પહોંચતા તેમના પરિવાર અને સમગ્ર ગામમાં ગમગીની છવાઈ ગઈ છે. અમેરિકામાં ગુજરાતીઓ પર થતા હુમલાની ઘટનાઓ ફરી એકવાર ચિંતાનો વિષય બની છે. આ દુઃખદ ઘટનાએ વિદેશમાં વસતા ગુજરાતીઓની સુરક્ષા અંગે સવાલો ઉભા કર્યા છે. સાઉથ કેરોલિનાના યુનિયન કાઉન્ટીમાં મંગળવારની રાતે સાડા દસ વાગ્યાના સમયે ગુજરાતી સમાજને હચમચાવી દેતી આ ઘટના બની હતી, જેમાં બોરસદ તાલુકાના સિંગલાવ ગામનાં દિકરી અને આશી ગામની પરિણિતા કિરણબેન પટેલ કે જેઓ છેલ્લા ૧૯ વર્ષથી અમેરિકામાં વસવાટ કરી રહ્યા છે, કિરણબેન પટેલ સ્ટોર બંધ કરી ઘરે જવા પૂર્વે હિસાબ કરી રહ્યાં હતાં. એ દરમ્યાન એક માસ્કધારી અને હૂડી પહેરેલો શખ્સ હાથમાં બંદુક લઈને અંદર ઘૂસ્યો અને આડેધડ ફાયરિંગ શરૂ કરી દીધું. કિરણબેન હિંમતપૂર્વક કાઉન્ટર પરની બોટલ ફેંકીને બહાર નીકળવાનો પ્રયાસ કર્યો, પરંતુ હુમલાખોરે પાછળથી ગોળીબાર ચાલુ જ રાખ્યો. આ ગોળી વાગતાં કિરણબેન પટકાયા અને ગંભીર રીતે ઘવાયા. અને સ્ટોરની બહાર પાર્કિંગ એરીયામાં તેઓનું મોત નિપજયું હતું.

### આધાર કાર્ડ અંગે સરકારનો મોટો નિર્ણય

# બાળકોના બાયોમેટ્રિક અપડેટ કરાવવા પૈસા નહીં ખર્ચવા પડે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

કેન્દ્ર સરકારે આધાર કાર્ડ અંગે એક મોટો નિર્ણય લીધો છે. બાળકો અને કિશોરો માટે નવી નોંધણી અને બાયોમેટ્રિક અપડેટ માટે હવે કોઈ ફી નહીં લાગે. હાલમાં, આ સુવિધા માટે ૫૦ વસૂલવામાં આવતા હતા. નવા નિયમમાં હેઠળ હવે ૫ થી ૭ અને ૧૫ થી ૧૭ વર્ષની વયના બાળકોને આવરી લેવામાં આવશે, જેનો લાભ મોટી વસ્તીને મળશે. સરકારે અગાઉ બાળકો માટે બાયોમેટ્રિક્સ સાથે તેમના આધાર કાર્ડ અપડેટ કરવાનું ફરજિયાત બનાવ્યું હતું. આધાર કાર્ડ અપડેટ કરાવવા માટે સૌપ્રથમ, તમારા નજીકના આધાર નોંધણી કેન્દ્રની મુલાકાત લો. તમે આ અપડેટ માટેૈંઙછૈં ની સત્તાવાર વેબસાઈટ અથવા mAadhaar મોબાઈલ એપ્લિકેશનનો



ઉપયોગ કરીને આધાર નોંધણી કેન્દ્ર શોધી શકો છો. ત્યાંથી ફોર્મ મેળવો પછી કેન્દ્રએ જઈને આધાર નોંધણી અને અપડેટ ફોર્મ ભરીને સબમિટ કરો. ત્યાં તમારો બાયોમેટ્રિક ડેટા પણ સબમિટ કરો. કેન્દ્રનો ઓપરેટર પ્રમાણીકરણ માટે ફિંગરપ્રિન્ટ સ્કેન, આઈરિસ સ્કેન અથવા બંને કરી શકે છે. સરકારે બાળકો માટે તેમના આધાર કાર્ડ અપડેટ કરવાનું ફરજિયાત બનાવ્યું છે. પરિણામે, યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) એ આ હેતુ માટે માર્ગદર્શિકા જારી કરી છે. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્રો લખવામાં આવ્યા છે, જેમાં તેમને અપડેટ્સ તાત્કાલિક પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે.

## ભારતીય સેનાએ પાકિસ્તાન બોર્ડર પર કર્યો અમોઘ ફ્યૂરી અભ્યાસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

પાકિસ્તાન સરહદથી લગભગ ૧૦૦ કિલોમીટર દૂર, રાજસ્થાનના થાર રણમાં આવેલા મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં સપ્ત શક્તિ કમાન્ડે ‘અમોઘ ફયુરી’ નામનો મહાઅભ્યાસ હાથ ધર્યો છે. ભારતીય સેનાએ આ ઈન્ટિગ્રેટેડ ફાયરપાવર એક્સરસાઈઝ કરીને પોતાની યુદ્ધ ક્ષમતા, સંકલન અને ઓપરેશનલ તૈયારીઓનું પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે. આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય વાસ્તવિક યુદ્ધ જેવી પરિસ્થિતિઓમાં સેનાની સજ્જતાનું પરીક્ષણ કરવાનો હતો. આ અભ્યાસમાં યુદ્ધ ટેન્કો, પાયદળ લડાયક વાહનો, હુમલો હેલિકોપ્ટર, લાંબા અંતરની તોપખાના પ્રણાલીઓ, ડ્રોન અને અન્ય અત્યાધુનિક શસ્ત્ર પ્રણાલીઓને સામેલ કરાઈ છે. ભારતીય સેનાએ સૈનિકોની ઝડપી તૈનાતી, આક્રમક



જમીની કાર્યવાહી અને સંયુક્ત કાર્યવાહી હેઠળ અનેક યુદ્ધાભ્યાસ કર્યો છે. અભ્યાસ દરમિયાન નેટવર્ક આધારિત સંચાર, કમાન્ડ અને કંટ્રોલ માળખાં, તેમજ વાસ્તવિક સમયની દેખરેખ અને લક્ષ્ય નિર્ધારણ પ્રણાલીઓનો પણ ઉપયોગ કરાયો છે. આ ક્ષમતાઓના પરીક્ષણથી આધુનિક યુદ્ધક્ષેત્રમાં ઉભરતા જોખમોનો અસરકારક રીતે સામનો કરવાની સેનાની ક્ષમતા વધુ મજબૂત બની છે. આ ક્ષમતાઓના પરીક્ષણથી આધુનિક યુદ્ધક્ષેત્રમાં ઉભરતા જોખમોનો અસરકારક રીતે સામનો કરવાની સેનાની ક્ષમતા વધુ મજબૂત બની છે.

### દિલ્હીના પ્રાણીસંગ્રહાલયમાં હાર્ટ એટેકથી આફ્રિકન હાથી શંકરનું મોત

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨।

દિલ્હીના રાષ્ટ્રીય પ્રાણી સંગ્રહાલય (ઝૂ) ખાતે ૨૯ વર્ષીય આફ્રિકન હાથી શંકરનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું. પ્રાણી સંગ્રહાલય મેનેજમેન્ટે પ્રારંભિક પોસ્ટમોર્ટમ રિપોર્ટના આધારે આ વાતની પુષ્ટિ કરી છે. જોકે, સંપૂર્ણ રિપોર્ટ બરેલી સ્થિત ભારતીય પશુચિકિત્સા સંશોધન સંસ્થા (IVRI) દ્વારા જાહેર કરાશે. મૃત્યુનું સંભવિત કારણ નક્કી કરવા માટે ડિરેક્ટર-સ્તરની તપાસ અને મંત્રાલય ચાલુ છે. પર્યાવરણ મંત્રાલયે શંકરના મૃત્યુ અંગે પ્રાણી સંગ્રહાલય મેનેજમેન્ટ પાસેથી રિપોર્ટ માંગ્યો છે, જેના કારણે સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી અને પ્રાણી સંગ્રહાલય મેનેજમેન્ટમાં ચિંતા ફેલાઈ છે. બેદરકારીને કારણે પ્રાણી સંગ્રહાલયમાં વન્યજીવોના સતત મૃત્યુએ સલામતી અંગે પણ પ્રશ્નો ઉભા કર્યા છે. મૃત્યુનું કારણ નક્કી કરવા માટે તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. વધુ તપાસ માટે, IVRI, બરેલીના નિષ્ણાતોની ટીમ, આરોગ્ય સલાહકાર સમિતિ અને મંત્રાલયના પ્રતિનિધિઓની દેખરેખ હેઠળ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે.

# સોફ્ટ ડ્રીંક્સથી લઈને સીગારેટ સુધી ૪૦ સ્લેબના કારણે મોંઘી થઈ જશે

### આજથી પાન મસાલા, સિગારેટ અને તમાકુ જેવા પાપકારક ઉત્પાદનો પર ૪૦% GST ટેક્સ લાગશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

નવા GST દરો ૨૨ સપ્ટેમ્બરથી નવરાત્રિની શરૂઆત સાથે અમલમાં આવશે. નવા દરો લાગુ થયા પછી મોટાભાગની રોજિંદા વસ્તુઓ સસ્તી થઈ જશે. જોકે, જો તમે ઠંડા પીણા અને સીગારેટના શોખીન છો, તો તમને આંચકો લાગી શકે છે. આ દિવસથી ઠંડા પીણાં અને સીગારેટ વધુ મોંઘા થશે. નવા રજૂ થયેલા 40% જીએસટી સ્લેબ હેઠળ ઘણી પ્રીમિયમ પ્રોડક્ટ્સ મોંઘી થશે. આ નવા સ્લેબ હેઠળ, તમામ પ્રકારના સોફ્ટ ડ્રીંક્સ, કાર્બોનેટેડ પીણાં, કેફીનયુક્ત પીણાં અને નોન-આલ્કોહોલિક ફ્લેવર્ડ ડ્રિંક્સ પર સૌથી વધુ જીએસટી લાગશે. આમાં બજારમાં મળતા અનેક પ્રકારના સોફ્ટ ડ્રિંક્સ અને એનર્જી ડ્રિંક્સનો સમાવેશ થાય છે. 40% ટેક્સ લક્ઝરી વાહનો પર પણ લાગુ થશે. આમાt 1,200cc થી વધુ એન્જિન ક્ષમતા અને 4,000 mm થી વધુ લંબાઈવાળી કાર તેમજ 350cc થી વધુની મોટરસાયકલનો સમાવેશ થાય છે. આ કેટેગરીમાં સામાન્ય રીતે હાઈ-એન્ડ સેડાન, એસયુવી અને પ્રીમિયમ બાઈકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વ્યક્તિગત ઉપયોગ માટેના લક્ઝરી વાહનો જેમ કે યાટ, ખાનગી વિમાનો અને રેસિંગ કાર પણ આ જ ઉચ્ચ ટેક્સ સ્લેબ હેઠળ આવશે. જોકે, આ વાહનોનો ઉપયોગ માત્ર વ્યક્તિગત અથવા મનોરંજનના હેતુ માટે થાય તો જ 40% ટેક્સ લાગશે, જ્યારે વ્યાવસાયિક ઉપયોગ માટે તેના પર આ ટેક્સ લાગશે નહીં. 40% GST સ્લેબ (૧૧ સપ્ટેમ્બરથી તાત્કાલિક અમલમાં) હેઠળ આવનારી બધી વસ્તુઓની યાદીમાં જોઈએ તો એરાટેડ વોટર, કાર્બોનેટેડ પીણાં, કેફીનયુક્ત પીણાં, નોન આલ્કોહોલિક ફ્લેવર્ડ ડ્રીંક, સોફ્ટ ડ્રિંક્સ, એનર્જી ડ્રિંક્સ, ૧૨૦૦ સીસીથી વધુ એન્જિન ક્ષમતા ધરાવતી કાર, ૪૦૦૦ મીમીથી વધુ લાંબી કાર, ૩૫૦ સીસીથી વધુ એન્જિન ક્ષમતા ધરાવતી મોટરસાયકલો, યાટ્સ (વ્યક્તિગત ઉપયોગ માટે) પ્રાઈવેટ વિમાન (વ્યક્તિગત ઉપયોગ માટે) રેસિંગ કાર (વ્યક્તિગત ઉપયોગ માટે) 40% GST પર કર લાદવામાં આવનારી વસ્તુઓની યાદી:(લોન ચુકવણી પછી)માં જોઈએ તો પાન મસાલા, ગુટખા, સિગારેટ, ચાવવાની તમાકુ, જરદા, કાચી તમાકુની, બીડી. આ ૪૦%નો સ્લેબ પાન મસાલા, ગુટખા, સિગારેટ, ચાવવાની તમાકુ, જરદા, કાચી તમાકુ અને બીડી જેવી સિન ગુડ્સ માટે નક્કી કરવામાં આવ્યો છે, છતાં પણ આ ઉત્પાદનો પર તાત્કાલિક ધોરણે આ ઉચ્ચ ટેક્સ લાગુ કરવામાં આવશે નહીં.

## તંત્રી લેખ...

# ૮ વર્ષ સુધી ગબ્બર સિંહ ટેક્સ લગાવીને ૫૫ લાખ કરોડ વસૂલ્યા

આગામી ૨૨ સપ્ટેમ્બરથી લાગુ થનારી નવી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) પ્રણાલીને કોંગ્રેસે "માત્ર મલમ પટ્ટી" ગણાવી છે અને આરોપ લગાવ્યો છે કે આ સુધારા અપૂરતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સુધારાઓને ભારતના વિકાસને વેગ આપનારા ગણાવ્યા છે, જ્યારે કોંગ્રેસના નેતાઓએ સરકારની આલોચના કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જણાવ્યું હતું કે, જીએસટી સુધારાઓથી 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' વધશે અને નાગરિકો માટે બચતનો ઉત્સવ શરૂ થશે. તેમણે કહ્યું કે આનાથી ભારતના વિકાસને વેગ મળશે. બીજીતરફ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મોદી સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, 'કોંગ્રેસના સરળ અને અસરકારક જીએસટીના બદલે, તમારી સરકારે નવ અલગ-અલગ સ્લેબના સ્વરૂપ માં ગબ્બર સિંહ ટેક્સ લાદ્યો છે અને આઠ વર્ષમાં ૫૫ લાખ કરોડ રૂપિયાથી વધુની વસૂલાત કરી છે. હવે ૨.૫ લાખ કરોડના બચત ઉત્સવની વાત કરીને કેન્દ્ર સરકાર લોકોને માત્ર મલમપટ્ટી લગાવી રહી છે. જનતા ક્યારેય ભૂલશે નહીં કે, તમે તેમના દાળ-ચોખા-અનાજ, પેન્સિલ, પુસ્તકો, સારવાર અને ખેડૂતોના ટ્રેક્ટર - દરેક વસ્તુ પર સૌથી વધુ જીએસટી વસૂલ્યો છે. તમારી સરકારે જનતાની માફી માંગવી જોઈએ! સરકારે જે GST સિસ્ટમ લાગુ કરી છે તે જટિલ છે અને તેનાથી સામાન્ય લોકો પર આર્થિક બોજ વધ્યો છે. સરકારે ઊંચા ટેક્સ દ્વારા લોકો પાસેથી મોટી રકમ વસૂલી છે અને હવે થોડી રાહત આપીને લોકોને ભ્રમિત કરવાનો પ્રયાસ કરી રહી છે. ' બીજીતરફ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મોદી સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, 'કોંગ્રેસના સરળ અને અસરકારક જીએસટીના બદલે, તમારી સરકારે નવ અલગ-અલગ સ્લેબના સ્વરૂપ માં ગબ્બર સિંહ ટેક્સ લાદ્યો છે અને આઠ વર્ષમાં ૫૫ લાખ કરોડ રૂપિયાથી વધુની વસૂલાત કરી છે. હવે ૨.૫ લાખ કરોડના બચત ઉત્સવની વાત કરીને કેન્દ્ર સરકાર લોકોને માત્ર મલમપટ્ટી લગાવી રહી છે. જનતા ક્યારેય ભૂલશે નહીં કે, તમે તેમના દાળ-ચોખા-અનાજ, પેન્સિલ, પુસ્તકો, સારવાર અને ખેડૂતોના ટ્રેક્ટર - દરેક વસ્તુ પર સૌથી વધુ જીએસટી વસૂલ્યો છે. તમારી સરકારે જનતાની માફી માંગવી જોઈએ! સરકારે જે GST સિસ્ટમ લાગુ કરી છે તે જટિલ છે અને તેનાથી સામાન્ય લોકો પર આર્થિક બોજ વધ્યો છે. સરકારે ઊંચા ટેક્સ દ્વારા લોકો પાસેથી મોટી રકમ વસૂલી છે અને હવે થોડી રાહત આપીને લોકોને ભ્રમિત કરવાનો પ્રયાસ કરી રહી છે. ' કોંગ્રેસ નેતા જયરામ રમેશે પણ જીએસટી સુધારાઓને અપૂરતા ગણાવ્યા છે. તેમણે કહ્યું કે 'કેન્દ્ર સરકારે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની ચિંતાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. તેમણે કાપડ, પર્યટન, નિકાસકારો અને કૃષિ સંબંધિત ક્ષેત્રોની સમસ્યાઓને પણ હલ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. રમેશે રાજ્યોને વીજળી, આલ્કોહોલ, પેટ્રોલિયમ અને રિયલ એસ્ટેટ જેવી વસ્તુઓને GST હેઠળ લાવવા માટે પ્રોત્સાહિત કરવાની વાત પણ કરી છે.

## માંડલ-બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (MBSIR)ના કારણે છેવાડાના ગામો સુધી પહોંચ્યો વિકાસ, લોકોના જીવનધોરણમાં થયો સુધારો

### ₹૩૦ હજારની સેલેરી સાથે કારકિર્દીની શરૂઆત કરનારા પ્રદ્યુમનસિંહ ઝાલાનું આજે વાર્ષિક ટર્નઓવર ₹૩.૫૦ કરોડ

। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

વિશ્વના સૌથી મોટા ઓટોમોબાઈલ હબ તરીકે ઊભરી રહેલું માંડલ-બેચરાજી વિશેષ રોકાણ ક્ષેત્ર (MBSIR) એ ઓટોમોબાઈલ અને ઓટો કોમ્પોનન્ટ્સનું ઉત્પાદન કરતા ઉદ્યોગોનું કેન્દ્ર છે. મારૂતિ સુઝુકી અને હોન્ડા જેવી જાણીતી કંપનીઓ સ્થાપિત થવાના કારણે અહીંના સ્થાનિક ધંધા-રોજગારને વેગ મળ્યો છે અને લોકોના જીવનધોરણનું સ્તર ઊંચું આવ્યું છે.

**₹૩૦ હજારની સેલેરી સાથે કારકિર્દીની શરૂઆત કરનારા પ્રદ્યુમનસિંહ ઝાલાનું આજે વાર્ષિક ટર્નઓવર ₹૩.૫૦ કરોડ**

માંડલ-બેચરાજીનો ઔદ્યોગિક વિકાસ થવાના કારણે બેચરાજીના ૩૧ વર્ષીય પ્રદ્યુમનસિંહ ઝાલા આજે પોતાના વ્યવસાયમાં આગળ પડતા છે અને કરોડોનું ટર્નઓવર ધરાવે છે. બી.ઈ. મિકેનિકલનો અભ્યાસ કર્યા બાદ તેઓ ૩૦ હજારની સેલેરી સાથે કંપનીમાં જોબ કરતા હતા. આજે બેચરાજીમાં તેમની પાસે જેકે ટાયર, બ્રિજસ્ટોન, યોકોહોમા અને એક્સાઈડની ડીલરશિપ છે અને મહિને એક લાખથી વધુ રૂપિયાનો નફો કરે છે. પ્રદ્યુમનસિંહ ઝાલા જણાવે છે કે, "હું છેલ્લા ૪ વર્ષથી ટાયર બિઝનેસ સાથે જોડાયેલો છું. શરૂઆતમાં અમારું વાર્ષિક ટર્નઓવર ₹૫૦ લાખ હતું, જે આજે લગભગ સાડા ૩ કરોડ સુધી પહોંચ્યું છે. SIRમાં અમારી ખુદની જમીન હતી, પણ જ્યારે રોડ અને અન્ય સુવિધાઓ મળી ત્યારે જ અમે બિઝનેસ શરૂ કરી શક્યા. MBSIRના કારણે ગામનો પણ સારો વિકાસ થયો છે અને દરેક વ્યક્તિને પોતાના વ્યવસાયને લગતું કામ મળી રહ્યું છે."

**MBSIR બનવાને કારણે સ્થાનિક સ્તરે અઢળક તકો ઉપલબ્ધ**

અમદાવાદના માંડલ તાલુકાના સીતાપુર ગામના અને ખેતી અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા અમરસિંહ ઠાકોરે જણાવ્યું હતું કે, "સીતાપુર તથા આસપાસના ગામના લોકોને અહીં સ્થપાયેલી કંપનીઓમાં રોજગારી મળી રહી છે. આ તકો સ્કિલ્ડ અને અનસ્કિલ્ડ લેબર બંનેને પ્રાપ્ત થઈ છે. એક સમયે લોકો નોકરી માટે સ્થળાંતર કરતા, પણ MBSIRને કારણે સ્થળાંતર કરનારા લોકોમાં અત્યંત ઘટાડો થયો છે. આજે ઔદ્યોગિક વિસ્તારો ધમધમતા હોવાથી નાના-મોટા વ્યવસાયોનો વકરો વધ્યો છે. કરિયાણા, કાપડ, ડેરી જેવા નાના વ્યવસાયકારોને પણ લાભ થયો છે."

**ચાંદણકીમાં ટી સ્ટોલ ચલાવતા સુરેશભાઈ બજાણિયાનો વકરો થયો બમણો**

બેચરાજીથી ૩ કિમી દૂર ચાંદણકીમાં ટી સ્ટોલ ચલાવતા સુરેશભાઈ બજાણિયાએ જણાવ્યું હતું કે, "માંડલ બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન બન્યું, એ પહેલાં માત્ર ગામના લોકો અને એક ગામથી બીજે ગામ જતા લોકો જ ચા પીવા માટે ક્યારેક આવતા. હવે MBSIR બનવાના કારણે કનેક્ટિવિટી વધી છે, જેથી ટી સ્ટોલ પર આવતા ગ્રાહકોની સંખ્યા પણ વધી છે. પહેલાં અમારે દિવસમાં ₹૧૦૦૦થી ₹૧૨૦૦ જેટલો વકરો થતો હતો. પણ હવે મારો રોજનો ₹૪૦૦૦થી ₹૫૦૦૦ જેટલો વકરો થાય છે. ધંધાની આવક વધવાના કારણે જીવનધોરણમાં પણ સુધારો આવ્યો છે. બાળકોને સારું શિક્ષણ પણ આપી શકીએ છીએ."

**ગામડાંઓમાં વિકાસ થયો, નાના વ્યવસાયો માટે તકો વધી**

બેચર ગામના આંગણવાડી કાર્યકર ગોપીબેન પ્રજાપતિએ જણાવ્યું હતું કે, "માંડલ-બેચરાજીમાં અનેક પ્લાન્ટ્સના આવવાથી આજુબાજુના ગામડાઓમાં નોંધનીય વિકાસ થયો છે. લોકોના ધંધાની આવક વધવાના કારણે જીવનધોરણમાં પણ સુધારો આવ્યો છે.

---

**આપણે તો ફક્ત એટલું જ વિચારીએ કે જો સમયમાં ભોગી ઇન્દ્રની સ્તુતિ સાંભળી મા જગદંબા પ્રસન્ન થતાં હોય તો આપણી તો એ જરૂર સાંભળશે**

# "એકમ થી નોમ" સુધીનું જાગરણ જીવને સાધનાનાં અંતિમ શિખર સુધી દોરી જાય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ગઈકાલે આપણે શક્રાદયની સ્તુતિના પાંચ શ્લોકનો ભાવાનુવાદ કર્યો અને એ પૂર્ણપણે શાસ્ત્રોત છે. આપણે જોયું કે શક્ર એટલે કે ઇન્દ્ર મા જગદંબાની સ્તુતિ કરી રહ્યાં છે. પુરાણોનાં જે કોઈ દેવી-દેવતાઓના પાત્રો વિશેની આપણને જાણકારી છે, એમાંથી એટલું તો તારવી શકાય કે ઇન્દ્ર દેવતાઓનાં રાજા હતા,**

આજે શારદીય નવરાત્રિનો બીજો દિવસ એટલે કે મા નવદુર્ગાનાં બ્રહ્મચારીણી સ્વરૂપની આરાધનાનો દિવસ. નવદુર્ગા એટલે દીવસે દીવસે મોટી થતી કન્યાનાં જુદા જુદા રુપ, એવો એક સુંદર અર્થ કરીએ તો, બ્રહ્મચારિણી એટલે નવ યૌવના, પણ હજી કુંવારિકા છે. નવરાત્રિ એ જીવ જાગરણનો મહિમા ગાવામાં આવે છે, અને સીધીસાદી સાધનાથી પણ ચક્રભેદનની ક્રિયા સંભવ બને છે. ગરબે રમતી ગોરીઓમાં મા અંબાના દર્શન કરવાં એ એટલું કઠિન નથી,અને એમાં પણ સૂર તાલ સાથે ભાવ ભળ્યા પછી ગરબો ગવાતો હોય તો મસ્તી પણ આવે! ભક્તિમાં નિજાનંદની મસ્તી ન્હોય, તો એ ફળદાયી સાબિત થતી નથી. નવરાત્રી એટલે એક થી નવ દિવસ રમાતી રમત! અને એનું એક જુદી રીતે ચિંતન કરીએ. આપણે ત્યાં માત્ર તારીખ નહીં પણ પંચાંગ મુજબ તિથિનું પણ મહત્વ છે, અને એ રીતે જોઈએ તો એકમ એટલે અદ્વૈત,જીવ પોતાની સધાનાનાં અંતિમ શિખરે પહોંચી મા જગદંબાને કહે છે કે, તું જ મારા રોમેરોમમાં વસે છે. એજ રીતે બીજ એટલે તું ને હું એમ દ્વૈત! એ પણ સારો ભાવ છે. ત્રીજ એટલે હું સત્વ રજસ અને તમસ એ ત્રણ ગુણ ધરાવું છું, મારે તારી જેમ ત્રિગુણાતિત થવું છે,ચોથ એટલે ધર્મના ચાર ચરણમાં અટવાયેલ છું, માર્ગ બતાવો, પાંચમે પંચ પાંચ પ્રાણને એક નિષ્ઠ કરવાં આવ્યો છું, છઠ્ઠ એ કાર્તિકેય જેમ છ પુરુષાર્થથી જીવન સજાવવું છે. સાતમ એ ભીતરનાં સાત લોકમાં ઈચ્છાઓ ઘૂમી રહી છે, એને શાંત કર. આઠમ હે અષ્ટભૂજા ધારી અષ્ટાંગ યોગની સમજ આપો જેથી શુદ્ધ આનંદને પામી શકું, નોમ મારું શરીર નવ દ્વાર ધરાવે છે, અને જેવું છે એવું લઈ હું તારે ચરણે આવી છું, નોમ એ પૂર્ણાંક છે, તો હું શું કામ અપૂર્ણ! આમ આપણે ઉંધે થી અદ્વૈત સુધી પહોંચવાનું છે. જોકે આરતીનો સંદર્ભ લઈએ તો શારદીય નવરાત્રિમાં પૂનમ સુધીની તિથિઓ મહત્વની જ છે, એટલે કે સાધક જીવ જ્યાં હોય ત્યાંથી શરૂ કરે તો પણ મંઝિલ સુધી પહોંચી જ જાય, બસ પહોંચવાનું સાહસ ખેડવું પડે.

ગઈકાલે આપણે શક્રાદયની સ્તુતિના પાંચ શ્લોકનો ભાવાનુવાદ કર્યો અને એ પૂર્ણપણે શાસ્ત્રોત છે. આપણે જોયું કે શક્ર એટલે કે ઈન્દ્ર મા જગદંબાની સ્તુતિ કરી રહ્યાં છે. પુરાણોનાં જે કોઈ દેવી-દેવતાઓના પાત્રો વિશેની આપણને જાણકારી છે, એમાંથી એટલું તો તારવી શકાય કે ઈન્દ્ર દેવતાઓનાં રાજા હતા, અને એ સૌથી વધુ ભોગી અને કામુક વૃત્તિ ધરાવતા હતાં, તેમજ તેને પોતાના સ્વર્ગલોકના અધિપતિ હોવાનું, બળવાન અને બુદ્ધિમાન હોવાનું અભિમાન હતું, ખેર છોડો એ ભોગના વિષયમાં આપણે નથી જવું . આપણે તો ફક્ત એટલું જ વિચારીએ કે જો સમયમાં ભોગી ઈન્દ્રની સ્તુતિ સાંભળી મા જગદંબા પ્રસન્ન થતાં હોય તો આપણી તો એ જરૂર સાંભળશે.

★★ શક્રાદય સ્તુતિ★★

કિં વર્ણયામ તવ રૂપમચિન્ત્યમેતત્
કિં ચાતિવીર્યમસુરક્ષયકારિ ભૂરિ
કિં ચાહવેષુચરિતાનિ
તવાદ્ભુતાનિસર્વેષુદેવ્યસુરદેવગણાદિકેષુ ૫

હે દેવી! તમારા અચિન્તય રૂપનું, અસુરોનો નાશ કરનારા તમારા મહાન પરાક્રમનું અને સમસ્ત દેવતાઓ તથા દૈત્યો સમક્ષ યુદ્ધમાં પ્રગટાવેલા તમારા અદભુત ચરિત્રનું વર્ણન અમે કેવી રીતે કરીએ? (૫)

★ હેતુઃ સમસ્તજગતાં ત્રિગુણાપિ દોષૈ
ર્નજ્ઞાયસેહરિહરાદિભિરપ્યપારા
સવાશ્રયાખિલમિદં જગદંશભૂત,
મવ્યાકૃતા હિ પરમા પ્રકૃતિસ્ત્વમાદ્યા ૬

તમે જ સૌનો આશ્રય છો,આ સમસ્ત જગત તમારું અંશભૂત છે. તમે સૌની આદિભૂત અવ્યાકૃત પ્રકૃતિ છો, અને આ જગત તમારા આશ્રયે છે. (૬)

★યસ્યાઃ સમસ્તસુરતા સમુદીરણેન
તૃપ્તિં પ્રયાતિ સકલેષુમખેષુદેવિ
સ્વાહાસિ વૈપિતૃગણસ્ય ચ તૃપ્તિહેતુ,
રુચ્ચાર્યસેત્વમત એવ જનૈઃ સ્વધા ચ ૭

હે દેવિ! સમસ્ત યજ્ઞોમાં જેના ઉચ્ચારણથી બધા દેવતાઓ તૃપ્તિ સંપન્ન કરે છે, તે સ્વાહા તમે છો. આ ઉપરાંત તમે અમારાં પિતૃઓની તૃપ્તિનું કારણ પણ છો તેથી સૌ તમને સ્વધા પણ કહે છે.(૭)

★યા મુક્તિહેતુરવિચન્ત્યમહાવ્રતા ત્વં
અભ્યસ્યસેસુનિયતેન્દ્રિયતત્ત્વસારૈઃ
મોક્ષાર્થિભિર્મુનિભિરસ્તસમસ્તદોષૈ,
વિદ્યાસિ સા ભગવતી પરમા હિ દેવિ ૮

હે દેવિ!જેઓ મોક્ષ પ્રાપ્તિનું સાધન છે, અચિંત્ય મહાવ્રત સ્વરૂપા છે, તેમજ જેમનો અભ્યાસ સમસ્ત દોષોથી રહિત,જીતેન્દ્રિય, તત્વને જ સાર વસ્તુ માનનાર તથા મોક્ષની અભિલાષા રાખનારા મુનિઓ કરે છે, તે ભગવતી પરા વિદ્યા તમે જ છો. (૮)

આ સ્તુતિ ઈન્દ્ર આદિદેવતાઓ અને ઋષિઓ દ્વારા કરવામાં આવી છે, અને એ સમયે એ કેટલી પ્રાસંગિક હશે? એ આપણે જાણતા નથી. પરંતુ એક વાત નક્કી છે કે, ક્યાંક શક્તિની પ્રશંસા થાય છે, અને ક્યાંક શક્તિને આગળ પોતાના હિતનું કરવા માટે પ્રાર્થના થાય છે, એટલે કે પોતાનું ધાર્યું કામ કરાવવા માટે સ્તુતિ થઈ છે. ત્યારે પણ સત્વ રજસ અને તમસ ગુણથી જ જીવનું જીવન પ્રભાવિત હશે! કારણ કે દેવતા ભોગી છે, એટલે ભોગ પ્રેરિત રજસ ગુણ પોતાના ભોગ માટે ચતુરાઈ કરતાં હોય એવું પણ લાગે. આપણને એમ થાય કે નવ નવ દિવસ શક્તિની ઉપાસના શું કામ? તો મા જગતજનની જગદંબા સમગ્ર સૃષ્ટિની ચૈતન્ય શક્તિ છે, એટલે જ શક્તિની બોલબાલા જીવનમાં ખૂબ જ છે, ચૈતન્ય શક્તિ વગર પૃથ્વી ઉપર પાન પણ હલી શકતું નથી. પરમાત્માની આ સુંદર વ્યવસ્થા જળવાઈ રહે, તેની માટે શક્તિ એક આવશ્યક પરિબળ છે. મોટેભાગે કોઈ વિશેષ વ્યક્તિની આપણે પ્રશંસા કરીએ તો તમે આવા છો, અથવા આવી છો એવું એની સિદ્ધિ ટાંકીને કહેતા હોઈએ છીએ, પરંતુ મા તો આપણી છે! તું આવી છો! એવું કહેવાની બદલે મા જગત જનની જગદંબા ને તું મારી છો!; અને હું જેવી છું એવી તારી છું! માત્ર એટલું કહીએ તો પણ આપણી સ્તુતિ માતા સ્વીકારી લેશે, જેને પોતાના ગણ્યાં હોય તેના ગુણદોષ આપણે જોતા નથી, એમ માતા તો આપણને આપણા સમજે જ છે, માટે જ તે આપણું પરિપાલન અને ભરણપોષણ કરી રહી છે. પરંતુ આપણે તકવાદી છીએ એટલે સ્વરૂપ બદલાય ત્યારે ઘડીકમાં મારી અને ઘડીકમાં તારી એમ કહેતા હોઈએ છીએ! તત્વતઃ પરમ અને ચૈતન્ય શક્તિ એક જ છે, બાકી બધા તો એના સ્વરૂપો છે. જેમ ઊર્જા શક્તિના કેટલા સ્વરૂપો છે, અને રસાયણશક્તિ જ્યાં કામ કરે ત્યાં યાંત્રિક શક્તિને લગાડવામાં આવે તો, એનું પરિણામ જેમ વિપરીત આવે અથવા તો પરિણામ ન મળે, એમ આપણે પણ આપણી જરૂરિયાત મુજબ શક્તિના સ્વરૂપને પૂજતા હોઈએ છીએ, પરંતુ મૂળ શક્તિ સ્ત્રોત તો દુર્ગા જ છે, અને એ દુર્ગા સૌના જન્મોજનમના શુભ મંગલ માટે જ હંમેશા ક્રિયાશીલ રહે છે એ ભરોસો આપણે એના પર રાખવો પડે, કે મા એટલે મા. જેના કોઠામાં આપણે ઉછર્યા હોઈએ, જેના અંકમાં આપણે નિશ્ચિત થઈને સુતા હોઈએ, એવી મા વિશે તો દરેકની સ્વતંત્ર અનુભૂતિ હોય જ! બસ જ્ઞાન દ્રવ્ય અને ક્રિયા એ રીતે મા જગદંબાની ઉપાસના કરવામાં આવશે તો એ સ્વરૂપ એટલું નજીક અનુભવી શકાશે. જય અંબે.

---

**નવલાં નોરતાંની રમઝટ-૨**

# સાથિયા પુરાવો દ્વારે, દિવડા પ્રગટાવો રાજ, આજ મારે આંગણે પધારશે માઁ પાવાવાળી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)



**આજે બીજા દિવસે દુર્ગા શ્રી બ્રહ્મચારિણી આદિશક્તિ દુર્ગાનું બીજું સ્વરૂપ બ્રહ્મચારિણીનું છે, અહીયા બ્રહ્મચારિણીનું તાત્પર્ય તપચારિણી છે. તેમણે ભગવાન શંકરને પતિ સ્વરૂપે પ્રાપ્ત કરવા માટે ઘોર તપસ્યા કરી હતી. એટલા માટે તે તપશ્ચારિણી અને બ્રહ્મચારિણીના નામથીઓળખાય છે. નવરાત્રિના બીજા દિવસે આમની પુજા-અર્ચના કરવામાં આવે છે. આમની પુજા કરવાથી મનુષ્યને તપ,ત્યાગ, વૈરાગ્ય, સદાચાર અને સંયમની વૃદ્ધી થાય છે. તેમજ મન પણ કર્તવ્ય પથ પરથી વિચલીત થતું નથી.**

નવલા નોરતાની રમઝટનો આજે બીજો દિવસ નોરતાની ગઈકાલ થી શરૂ થઈ પ્રથમ દિવસે ઘટ સ્થાપન અને ગરબી પધરાવી માતાજીના ગુણગાન ગાવાની શરૂઆત કરી આમ તો નવરાત્રિ આખા ભારતમાં ખુબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. આપણે તો ગુજરાતી એટલે ગરબા વગર તો નોરતાં થોડાં જામે??? આ નોરતાંનું પર્વ નવ દિવસ સુધી ચાલે છે.પણ આ વર્ષે દિવસ સુધી ચાલશે આ દશ દિવસની અંદર આપણે પાર્વતી, લક્ષ્મી અને સરસ્વતીની નવ દેવી ઓના રૂપમાં પુજા કરીએ છીએ. પહેલા દિવસે પાર્વતીના ત્રણ સ્વરૂપ(કુમાર, પાર્વતી અને મહા કાલી) આગળના ચાર દિવસોમાં લક્ષ્મી માતાના સ્વરૂપોની અને પાછલા ત્રણ દિવસોમાં સરસ્વતી ના ત્રણ રૂપોની પુજા કરવામાં આવે છે. આ ત્રણેય દેવીઓ શક્તિ,જ્ઞાન અને સંપદાનું પ્રતિનિધિત્વ કરે છે. તો આ નવ રૂપો વિશે થોડીક જાણી કારી ગઈકાલે એટલે કે પહેલા દિવસે મેળવી ઘટસ્થાપન બાદ દુર્ગા શૈલીપુત્રી આદિશક્તિ દુર્ગાનું પૂજન અર્ચન કર્યુ પહેલું સ્વરૂપ શ્રી શૈલીપુત્રીનું છે. આ પર્વતરાજ હિમાલયની પુત્રી હોવાથી તેને શૈલીપુત્રી કહેવામાં આવે છે. નવરાત્રિના પ્રથમ દિવસે આની આરાધના અને પુજા કરવામાં આવે છે.આમની પુજા કરવાથી મુલાધાર ચક્ર જાગ્રત થાય છે જેના દ્વારા સાધકને ચક્ર જાગ્રત થવાથી મળતી સિધ્ધીઓ તેની જાતે જ પ્રાપ્ત થઈ જાય છે.

આજે બીજા દિવસે દુર્ગા શ્રી બ્રહ્મચારિણી આદિશક્તિ દુર્ગાનું બીજું સ્વરૂપ બ્રહ્મચારિણીનું છે, અહીયા બ્રહ્મચારિણીનું તાત્પર્ય તપચારિણી છે. તેમણે ભગવાન શંકરને પતિ સ્વરૂપે પ્રાપ્ત કરવા માટે ઘોર તપસ્યા કરી હતી. એટલા માટે તે તપશ્ચારિણી અને બ્રહ્મચારિણીના નામથીઓળખાય છે. નવરાત્રિના બીજા દિવસે આમની પુજા-અર્ચના કરવામાં આવે છે. આમની પુજા કરવાથી મનુષ્યને તપ,ત્યાગ, વૈરાગ્ય, સદાચાર અને સંયમની વૃધ્ધી થાય છે. તેમજ મન પણ કર્તવ્ય પથ પરથી વિચલીત થતું નથી.

ત્રીજા અને ચોથા દિવસે દુર્ગા શ્રી ચંદ્રઘંટા-દુર્ગા શ્રી કૃષ્માંડા આદિ શક્તિ દુર્ગાનું ત્રીજુ રૂપ એટલે શ્રી ચંદ્રઘંટા.આમના મસ્તક પર ઘંટના આકારનોઅર્ધચંન્દ્ર છે.એટલામાટે તેમને ચંદ્રઘંટા કહેવામાં આવે છે. નવરાત્રિના ત્રીજા દિવસે આ દેવી ની પુજાઅર્ચના કરવામાં આવે છે આમની પુજા કરવાથી મણિપુર ચક્રની પ્રાપ્તિ થાય છે અને તેના દ્વારા મળતી સિધ્ધિઓ તેની જાતે જ મળી જાય છેતેમજ સાંસારિક કષ્ટોથી મુક્તિ મળી જાય છે. આધ્ય શક્તિ દુર્ગાનું ચોથું સ્વરૂપ એટલે શ્રી કૃષ્માંડા. પોતના તિના ઉદરમાંથી બ્રહ્માંડને ઉત્પન્ન કરવાને કારણે તેમને કુષ્માંડાદેવી ના નામથી ઓળખવામાં આવે છે કુષ્કોડા દેવીના પુજનથી અનાહત ચક્ર જાગૃતિની સિધ્ધિ ઓ પ્રાપ્ત થાય છે. શ્રી કુષ્માંડાની રાખવાની છે. ઉપાસના કરવાથી બધા જ રોગો અને કષ્ટો નાશ પામે છે. આમની ભક્તિથી આયુષ્ય બળ અને આરોગ્યની વૃધ્ધી થાય છે. પાંચમા દિવસે દુર્ગા શ્રી સ્કંદમાતા આદિશક્તિ દુર્ગાનું પાંચમું રૂપ એટલે શ્રી સ્કંદમાતા છે. શ્રી સ્કંદ (કુમાર કાર્તિકેય)ની માતા હોવાને કારણે તેમને શ્રી સ્કંદ માતા કહેવામાં આવે છે. નવરાત્રિના પાંચમા દિવસે આમની પુજા- અર્ચના કરવામાં આવે છે.તેમની આરાધના કરવાથી વિશુધ્ધ ચક્રથી પ્રાપ્ત થનાર સિધ્ધિઓ મળે છે. તેમજ મૃત્યુલોકમાં જ સાધક ને પરમ શાંતિ અને સુખનો અનુભવ થાય છે.આને માટે મોક્ષ નો દ્વાર તેની જાતે જ સુલભ થઈ જાય છે. છઠ્ઠા દિવસે દુર્ગા શ્રી કાત્યાયની આદિશક્તિ દુર્ગાનું છઠ્ઠું સ્વરૂપ એટલે શ્રીકાત્યાયની મહર્ષી કાત્યાયનીનો તપસ્યાથી પ્રસન્ન થઈને આદિશક્તિએ તેમના ઘરે પુત્રી સ્વરૂપે જન્મ લીધો હતો. એટલા માટે તે શ્રી કાત્યાયની કહેવાય છે. નવરાત્રિના છઠ્ઠા દિવસે આનમી પુજા અર્ચના કરવામાં આવે છે. શ્રીકાત્યાયનીની ઉપાસનાકરવાથી આજ્ઞા ચક્ર જાગૃત થવાથી સિધ્ધિ ઓ પ્રાપ્ત થાય છે.તે આ લોકમાં રહીને પણ અલૌકીક તેજ અને પ્રભાવ મેળવે છે. તેમજ તેના રોગ,ભય,સંતાપ,શોક,એ બધી જ વ્યથાઓનો નાશ થઈ જાય છે.સાતમા દિવસે દુર્ગા શ્રી કાલ રાત્રિ આદિશક્તિ શ્રીદુર્ગાનું સાતમું સ્વરૂપ એટલે શ્રીકાલરાત્રિ છે. આ કાળનો નાશ કરનારી છે. એટલા માટે કાલરાત્રિ કહેવાય છે. નવરાત્રિના સાતામા દિવસે આમની પુજા અર્ચના કરવામાં આવે છે.આ દિવસે સાધકે પોતાનું ચિત્ત ભાનુ ચક્ર (કપાળની વચ્ચે)સ્થિર કરીને સાધના કરવી જોઈએ.

શ્રી કાલરાત્રિની સાધના કરવાથી સાધકને ભાનુ ચક્ર જાગૃત થવાથી તેની સિધ્ધિઓ તેની મેળે જ પ્રાપ્ત થઈ જાયછે. આઠમા દિવસે દુર્ગા શ્રી મહાગૌરી આદિ શક્તિ દુર્ગાનું આઠમું સ્વરૂપ એટલે શ્રી મહા ગૌરી. આમનો વર્ણ ગોરો છે એટલા માટે તેમને મહાગૌરી કહેવામાં આવે છે.નવરાત્રિના આઠમા દિવસે આમની પુજા કરવામાં આવે છે.આ દિવસે સાધકે પોતાનું ચિત્ત સોમચક્ર ઉર્ધ્વ લલાટ પર સ્થિર કરીને સાધના અરવી જોઈએ. શ્રી મહાગૌરીની આરાધના કરવાથી સોમચક્ર જાગૃત થવાથી તેની સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે. આમની ઉપાસના કરવાથી અસંભા કાર્ય પણ સંભવ બની જાય છે. શ્રી કાલરાત્રિની સાધના કરવાથી સાધકને ભાનુ ચક્ર જાગૃત થવાથી તેની સિધ્ધિઓ તેની મેળે જ પ્રાપ્ત થઈ જાયછે.આઠમા દિવસે દુર્ગા શ્રી મહાગૌરી આદિ શક્તિ દુર્ગાનું આઠમું સ્વરૂપ એટલે શ્રી મહા ગૌરી. આમનો વર્ણ ગોરો છે એટલા માટે તેમને મહાગૌરી કહેવામાં આવે છે.નવરાત્રિના આઠમા દિવસે આમની પુજા કરવામાં આવે છે.આ દિવસે સાધકે પોતાનું ચિત્ત સોમચક્ર ઉર્ધ્વ લલાટ પર સ્થિર કરીને સાધના અરવી જોઈએ. શ્રી મહાગૌરીની આરાધના કરવાથી સોમચક્ર જાગૃત થવાથી તેની સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે. આમની ઉપાસના કરવાથી અસંભા કાર્ય પણ સંભવ બની જાય છે.

નવમા દિવસે દુર્ગા શ્રી સિદ્ધિદાત્રી આદિશક્તિ શ્રી દુર્ગાનું નવમું સ્વરૂપ એટલે શ્રી સિદ્ધિદાત્રીનું છે. આ બધા જ પ્રકારની સિધ્ધિઓ ની દાત્રી છે એટલા માટે તેને સિદ્ધિદાત્રી કહેવામાં આવે છે. નવરાત્રિના નવમા દિવસે આમની પુજા અર્ચના કરવામાં આવે છે. આ દિવસે સાધકે પોતાનિ ચિત્ત નિર્વાણ ચક્ર એટલે કે મધ્ય કપાળ માં કરીને સાધના કરવાથી તેને બધા જ પ્રકારની સિધ્ધિની પ્રાપ્તિ થાય છે. સૃષ્ટીમાં કઈ પણ તેના માટે અગમ્ય નથી રહી જતું. વાંચકમિત્રો નવલા નોરતામાં આધ્ય શક્તિ ભવાનીની ઉપાસના આરાધના શરૂ કરી રહયા છીએ સૌને મા આધ્ય શક્તિ ભવાની મનોવાંછિત ફળ આપે તેવી પ્રાર્થના સહ અસ્તુ.

# ‘કિંગ’ના સેટ પરથી ‘બોલિવૂડ કિંગ’નો લુક વાઈરલ થયો!

## ફિલ્મ ‘કિંગ’નું શૂટિંગ લંડન, પોલેન્ડ, ભારત અને વિશ્વભરના અન્ય ઘણા સ્થળોએ કરવામાં આવશે

શાહરુખ ખાનની મોસ્ટ અવેટેડ ફિલ્મ ‘કિંગ’નું શૂટિંગ ફરી શરૂ થઈ ગયું છે. તેના પુત્ર આર્યન ખાનના ડિરેક્શન હેઠળની પહેલી ફિલ્મ ‘‘બેડ્સ ઓફ બોલિવૂડ’’નું પ્રમોશન કર્યા પછી, શાહરુખ ખાને પોલેન્ડમાં શૂટિંગ શરૂ કરી દીધું છે. એવામાં સેટ પરથી સ્ટાર કાસ્ટના લુક્સ સામે આવી રહ્યા છે.ફિલ્મમાં શાહરુખ ખાન મુખ્ય ભૂમિકામાં છે. સેટ પરથી સામે આવેલા ફોટોમાં શાહરુખ ખાનનો સોલ્ટ એન્ડ પેપર લુક જોવા મળી રહ્યો છે. તેણે અગાઉ કોઈ પણ ફિલ્મમાં આવો દેખાવ કર્યો નોથી. તેણે અનેક ટેટૂ પણ કરાવ્યા છે. અહેવાલો સૂચવે છે કે તે ફિલ્મમાં ડોનની ભૂમિકા ભજવી રહ્યો છે.ધ આર્ચીઝ ફિલ્મમાં ઓટીટીમાં ડેબ્યૂ કર્યા પછી, શાહરુખ ખાનની પુત્રી સુહાના ખાન પણ ફિલ્મ ‘કિંગ’થી મોટા પડદા પર ડેબ્યૂ કરી રહી છે. તે સેટ પર બ્રાઉન ટોપ અને ટ્રાઉઝર પહેરીને ખૂબ જ



શાનદાર દેખાતી જોવા મળી હતી.ફિલ્મ ‘કિંગ’માં અભિષેક બચ્ચન ખલનાયકની ભૂમિકા ભજવી રહ્યા છે. આ ફિલ્મમાં એક્ટરે પહેલાં ક્યારેય ન જોયેલા લુકમાં જોવા મળશે. સેટ પરથી મળેલા ફોટામાં તે ફોર્મલ બ્લેઝર, નવી હેરસ્ટાઈલ અને ચશ્મા પહેરેલા જોવા મળે છે.કર્યુ‘ઓમ શાંતિ ઓમ‘, ‘ચેન્નાઈ એક્સપ્રેસ’, ‘હેપ્પી ન્યૂ યર’, ‘પઠાણ’ અને ‘જવાન’ જેવી બ્લોકબસ્ટર ફિલ્મો પછી, દીપિકા પાદુકોણ હવે શાહરુખ ખાન સાથે ફિલ્મ ‘કિંગ’માં જોવા મળશે. દીપિકા આ ફિલ્મમાં સુહાનાની માતાની ભૂમિકા ભજવશે. તાજેતરમાં, દીપિકાએ સત્તાવાર રીતે ફિલ્મ ‘કિંગ’નો હિસ્સો હોવાની જાણ કરી અને એ પણ જાહેર કર્યુ હતું કે તેણે તેનું શૂટિંગ શરૂ કરી દીધું છે.ફિલ્મ ‘કિંગ’નું શૂટિંગ લંડન, પોલેન્ડ, ભારત અને વિશ્વભરના અન્ય ઘણા સ્થળોએ કરવામાં આવશે. શૂટિંગ મુંબઈના મહેબૂબ સ્ટુડિયોમાં શરૂ થયું હતું,

# ઓછા ઓક્સીજન લેવલમાં શૂટિંગ કર્યાથી સલમાનના સ્વાસ્થ્ય પર અસર

સલમાન ખાન હાલ બેટલ ઓફ ગલવાનના શૂટિંગમાં વ્યસ્ત છે. હાલમાં જ અભિનેતાએ લદ્દાખનું પ્રથમ શેડયુલ પુરુ કર્યુ છે અને મુંબઈ પાછો ફર્યો છે. હવે બીજા શેડયુલના શૂટિંગની તૈયારી મુંબઈમાં થઈ ગઈ છે. પરંતુ અભિનેતાએ એ શૂટિંગ શરૂ કરતા પહેલા બ્રેક લીધો છે. સલમાન અને ફિલ્મની ટીમે લદ્દાખમાં ૧૦ ડિગ્રી કરતાં પણ ઓછા તાપમાનમાં શૂટિંગ કર્યુ હતું જેના કરણે તેની તબિયત પર વિપરિત અસર પડી હોવાથી તે એક એઠવાડિયું આરામ કરવાનો છે. ફિલ્મ સાથે જોડાયેલા સૂત્રે જણાવ્યું હતું કે, બેટલ ઓફ ગલવાનનું બીજું શેડયુલ મહત્વપૂર્ણ છે. જેમાં ભરપુર ઈમોશનલ અને એકશન સીન્સ શૂટ કરવાના છે. સલમાન ખાન લદ્દાખથી શૂટિંગ કરીને પાછો આવ્યા પછી તેના આગામી અઠવાડિયે જ શૂટિંગ શરૂ કરવાની યોજના હતી. પરંતુ સલમાને હાલ થોડા દિવસ આરામ કરવાનો નિર્ણય કર્યો છે. સલમાન અને ફિલ્મની



ટીમે લદ્દાખમાં ૧૦ ડિગ્રી કરતાં પણ ઓછા તાપમાનમાં શૂટિંગ કર્યુ હતું જેના કરણે તેની તબિયત પર વિપરિત અસર પડી હોવાથી તે એક એઠવાડિયું આરામ કરવાનો છે. ફિલ્મ સાથે જોડાયેલા સૂત્રે જણાવ્યું હતું કે, બેટલ ઓફ ગલવાનનું બીજું શેડયુલ મહત્વપૂર્ણ છે. જેમાં ભરપુર ઈમોશનલ અને એકશન સીન્સ શૂટ કરવાના છે. સલમાન ખાન લદ્દાખથી શૂટિંગ કરીને પાછો આવ્યા પછી તેના આગામી અઠવાડિયે જ શૂટિંગ શરૂ કરવાની યોજના હતી. પરંતુ સલમાને હાલ થોડા દિવસ આરામ કરવાનો નિર્ણય કર્યો છે. સલમાન અને ફિલ્મની ટીમે લદ્દાખમાં ૧૦ ડિગ્રી કરતાં પણ ઓછા તાપમાનમાં શૂટિંગ કર્યુ હતું જેના કરણે તેની તબિયત પર વિપરિત અસર પડી હોવાથી તે એક એઠવાડિયું આરામ કરવાનો છે. ફિલ્મ સાથે જોડાયેલા સૂત્રે જણાવ્યું હતું કે, બેટલ ઓફ ગલવાનનું બીજું શેડયુલ મહત્વપૂર્ણ છે. જેમાં ભરપુર ઈમોશનલ અને એકશન સીન્સ શૂટ કરવાના છે.

# અભિનેતા સંજય દત્તે મુંબઈમાં શરુ કર્યુ પોતાનું રેસ્ટોરન્ટ

મુંબઈમાં ઘણા બોલિવૂડ સ્ટાર્સ રેસ્ટોરન્ટ ધરાવે છે. હવે, બોલિવૂડના ખલનાયક સંજય દત્ત પણ આ યાદીમાં જોડાયા છે. અભિનેતાએ ગઈકાલે પોતાનું રેસ્ટોરન્ટ લોન્ચ કર્યુ. આ પ્રસંગે એક ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો, જ્યાં સંજય તેની પત્ની સાથે સ્ટાઈલિશ લુકમાં પહોંચ્યો હતો. બંનેનો એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.સંજય દત્ત, એક અભિનેતા હોવા ઉપરાંત, એક ઉદ્યોગપતિ પણ બની ગયો છે. શનિવારે, તેમણે મુંબઈમાં તેમના રેસ્ટોરન્ટ, ‘‘સોલેર રેસ્ટોરન્ટ’’ માટે લોન્ચ પાર્ટીનું આયોજન કર્યુ હતું. આ ભવ્ય કાર્યક્રમમાં અભિનેતાએ તેની પત્ની સાથે ધાંસુ એન્ટ્રી કરી હતી. બંને ખૂબ જ સ્ટાઈલિશ દેખાતા હતા. આ દંપતીએ કાર્યક્રમમાં પેપ્સ માટે પોઝ પણ આપ્યા હતા.સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા



એક વીડિયોમાં, સંજય દત્ત કાળા ટી-શર્ટ સાથે ડિઝાઈનર લેધર જેકેટ પહેરેલો જોવા મળે છે. આ દરમિયાન, તેની પત્ની, માન્યતા દત્ત, ટૂંકા ડ્રેસમાં અદભુત દેખાતી હતી, જે કાર્યક્રમમાં લાઈમલાઈટ લૂંટી રહી હતી. માન્યતાએ ગ્લોસી મેકઅપ, હીલ્સ અને મેચિંગ બેગ સાથે પોતાનો લુક પૂર્ણ કર્યો. ચાહકો આ કપલના શાહી લુકને ખૂબ પસંદ કરી રહ્યા છે અને કોમેન્ટ સેક્શનમાં તેમની પ્રશંસા કરી રહ્યા છે.કામની વાત કરીએ તો, સંજય દત્ત તાજેતરમાં ફિલ્મ ‘‘બાગી ૪’’ માં જોવા મળ્યો હતો. અભિનેતાએ ટાઈગર શ્રોફ, હરનાઝ કૌર સંધુ અને સોનમ બાજવા સાથે કામ કર્યુ હતું. સંજય દત્તની આ વર્ષે ઘણી મોટી ફિલ્મો રિલીઝ થવાની છે, જેમાં ‘‘ધુરંધર’’નો સમાવેશ થાય છે, જેમાં તે બોલિવૂડ સ્ટાર રણવીર સિંહ સાથે જોવા મળશે. આ ફિલ્મ આ વર્ષે ૫ ડિસેમ્બરે રિલીઝ થશે.

### મારા જીવનનો સૌથી મહત્વપૂર્ણ પ્રોજેક્ટ : આમીર

# મહાભારત પર મારું કામ શરુ થઈ ગયું છે : આમીર

આમિર ખાન આગામી સમયમાં ફિલ્મ ‘‘મહાભારત’’ લઈને આવી રહ્યો છે. આમિરે હવે આ ફિલ્મ પર એક મોટી અપડેટ આપી છે. આમિર કહે છે કે તે ઘણા વર્ષોથી તેનું આયોજન કરી રહ્યો છે. જ્યારથી આ ફિલ્મનો ઉલ્લેખ થયો છે, ત્યારથી ચાહકો તેના વિશે જાણવા માંગે છે. આમિર કહે છે કે તે તેની અન્ય કોઈપણ ફિલ્મથી વિપરીત છે. તે



એક આધ્યાત્મિક અને સર્જનાત્મક પ્રયાસ છે, જેને તે તેના જીવનનો સૌથી મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માને છે. આમિરે ખુલાસો કર્યો કે ફિલ્મનું શૂટિંગ અને સ્ક્રિપ્ટ બે મહિનામાં શરૂ થઈ શકે છે. આ પ્રોજેક્ટ પર ચર્ચા ઘણા વર્ષોથી ચાલી રહી છે, પરંતુ ફિલ્મ હજુ સુધી પૂર્ણ થઈ નથી. વાતચીત દરમિયાન, જ્યારે રામાયણ પર ફિલ્મ બની રહી છે, ત્યારે મહાભારત પર ફિલ્મ કેમ નથી બની, ત્યારે આમિરે કહ્યું, ‘‘મારું કામ શરૂ થઈ ગયું છે.’’ તેમણે સમજાવ્યું કે આ પ્રોજેક્ટ તેમના મનમાં ૨૫-૩૦ વર્ષથી ઘૂમી રહ્યો છે. તેઓ તેને પ્રેમ અને દ્રષ્ટિથી બનાવી રહ્યા છે. આમિરે કહ્યું કે તે તેમના જીવનનો સૌથી મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે.આમિરે વધુમાં કહ્યું કે મહાભારત એક યજ્ઞ છે, તેથી તમારે તેના માટે તૈયાર રહેવું જોઈએ.

# ‘સારી સ્ક્રિપ્ટ મળશે પછી જ ફિલ્મ બનાવીશ’: પ્રિયદર્શન

## હેરા ફેરી-૩ વિવાદ બાદ દિગ્દર્શકની મોટી જાહેરાત

બોલિવૂડમાં કેટલીક ફિલ્મો એવી છે જે, વર્ષ ૨૦૦૦ માં આવેલી હેરાફેરી જેવી કલ્ટ ક્લાસિક બની હતી. આ ફિલ્મને પ્રિયદર્શન દ્વારા દિગ્દર્શિત કરવામાં આવી છે. તેમજ ફિલ્મમાં અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને પરેશ રાવલ અભિનય કરે છે. આ ફિલ્મ ત્રણ મુશ્કેલીમાં મુકાયેલા વ્યક્તિઓની જોરદાર સ્ટોરી છે, જે આકસ્મિક રીતે ખંડણીના કોલમાં ફસાઈ જાય છે. છેલ્લા વીસ વર્ષોમાં, મીમ્સ, આઈકોનિક સંવાદો અને વારંવાર ટીવી શોએ આ ફિલ્મને લોકપ્રિય બનાવી રાખી છે. હવે, હેરા ફેરી ૩ની ચર્ચાએ ફરી એકવાર ઈન્ટરનેટ પર ધમાલ મચાવી છે.એક ઈન્ટરવ્યૂમાં વાતચીત દરમિયાન દિગ્દર્શક પ્રિયદર્શને આ પ્રિય ફ્રેન્ચાઈઝની સિક્વલ બનાવવા અંગ તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, જો સ્ટોરી પહેલી ફિલ્મ જેટલી જ



મજબૂત અને મનોરંજક હશે તો જ તેઓ આગળ વધશે.તેમણે કહ્યું કે, સાચો પડકાર પાત્રોને ફરીથી શોધવાનો નથી, પરંતુ એવી સ્ટોરી શોધવાનો છે, જે અધિકૃત લાગે અને એટલી જ મનોરંજક હોય. તેમનું કહેવું છે કે, ‘જ્યાં સુધી મને ફિલ્મ માટે યોગ્ય સ્ટોરી નહીં મળે ત્યાં સુધી હું ત્રીજો ભાગ બનાવવાની કોશિશ નહીં કરું. જો સ્ક્રિપ્ટ મારા વિચાર પ્રમાણે સારી નહીં હોય, તો હું આ ફિલ્મ નહીં બનાવું. હું મારી કારકિર્દીના એવા તબક્કે પહોંચી ગયો છું, જ્યાં હું મોટી ભૂલ કરીને નીચે પડવા નથી માંગતો.’હેરાફેરી ફ્રેન્ચાઈઝનો ઈતિહાસ પણ રસપ્રદ છે. મલયાલમ ફિલ્મ રામજી રાવ સ્પીકિંગ (૧૯૮૯) થી પ્રેરિત પહેલી ફિલ્મ ખૂબ જ હિટ રહી હતી અને ભારતની સૌથી વધુ કમાણી કરનારી કોમેડી ફિલ્મોમાંની એક બની હતી.



અમારી વચ્ચે ક્યારેય કોઈ પ્રશ્ન, ઝઘડો કે તણાવ થયો નથી

# ધર્મ અમારા રસ્તામાં નહીં આવે : અભિનેત્રી સોનાક્ષી

લગભગ આઠ વર્ષ સાથે રહ્યા પછી ૨૦૨૪ માં તેના લાંબા સમયના બોયફ્રેન્ડ ઝહીર ઈકબાલ સાથે લગ્ન કરનાર સોનાક્ષી સિંહા તેના ચાહકોને પહેલા કરતાં વધુ નજીકથી પોતાની દુનિયામાં જોવા આપી રહી છે. એક નિખાલસ વાતચીતમાં, અભિનેત્રીએ પ્રેમ, આંતરધાર્મિક લગ્ન, કૌટુંબિક સંબંધો અને તેની નવી ફિલ્મો વિશે વાત કરી.જ્યારે સોનાક્ષી સિંહાને પૂછવામાં આવ્યું કે શું ધર્મ ક્યારેય તેમના સંબંધોમાં અવરોધ આવ્યો છે, ત્યારે તેણે તરત જ આ ખ્યાલને ફગાવી દીધો. તેણીએ કહ્યું, ‘‘આપણે જે રીતે દંપતી તરીકે છીએ તેમાં તે નહીં આવે. અમે જે રીતે ઘરમાં રહીએ છીએ અને જે રીતે અમારો ઉછેર થયો છે તેના કારણે, તે અને તેનો પરિવાર ચોક્કસ રિવાજોનું પાલન કરે છે, જેનો હું ખરેખર આદર કરું છું, અને હું અને મારો પરિવાર ચોક્કસ રિવાજોનું પાલન કરીએ છીએ, જેનો તેઓ આદર કરે છે. ધર્મ એવી વસ્તુ છે જે ક્યારેય અમારી વચ્ચે નહીં આવે. તેના વિશે ક્યારેય કોઈ પ્રશ્ન, ઝઘડો કે તણાવ થયો નથી, અને મને લાગે છે કે તે તેની સૌથી સુંદર વાત છે. આપણી શક્તિ આદરમાં રહેલી છે.’’૩૮ વર્ષીય સોનાક્ષીએ એ પણ જણાવ્યું કે કેવી રીતે તેના માતાપિતા, અભિનેતા શત્રુઘ્ન સિંહા અને



રાજકારણી પૂનમ સિંહાએ ઝહીરને પરિવારનો એક ભાગ તરીકે દિલથી સ્વીકાર્યો છે.મારી માતા મને પૂછતી રહે છે કે તે શું ખાશે, અને મારા પિતાને તેની સાથે સમય વિતાવવાનું ખૂબ ગમે છે. મને લાગે છે કે તેઓ ખૂબ સારા મિત્રો બની ગયા છે. જ્યારે હું રૂમમાં આવું છું, ત્યારે તેઓ સામાન્ય રીતે વાતો કરતા હોય છે, અને હું ફક્ત શાંતિથી બેઠી હોઉં છું.ઝહીર સાથેના તેના સંબંધો વિશે બોલતા, સોનાક્ષીએ સમજાવ્યું કે અમે કહીએ છીએ કે અમે કોઈ એવી વ્યક્તિ ઈચ્છીએ છીએ જેની સાથે આપણે વૃદ્ધ થઈ શકીએ. પરંતુ ઝહીર જેવા વ્યક્તિ સાથે રહ્યા પછી, તમને ખ્યાલ આવે છે કે તમે એવી વ્યક્તિ ઈચ્છો છો જેની સાથે તમે બાળક રહી શકો. તે હંમેશા મજાક કરે છે. તમે સતત હસતા રહો છો.

# ‘આઉટ સાઈડર હોવાને કારણે મારી સાથે અન્યાય થયો’

## એક્ટ્રેસ કંગના રણૌતે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ઇનસાઇડર અને આઉટ સાઇડરની ડિબેટ શરૂ કરી દીધી

એક્ટ્રેસ કંગના રણૌતે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઈનસાઈડર અને આઉટ સાઈડરની ડિબેટ શરૂ કરી દીધી છે, જેનો આજ સુધી કોઇ અંત આવ્યો નથી. આ ડિબેટ આગની જેમ ફેલાઈ ગઈ છે. બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં ઘણા એવા એક્ટર અને એક્ટ્રેસ ખાસ કરીને જે આઉટસાઈડર્સ છે, તેમણે પણ આ મુદ્દે પોતાનું દુઃખ વ્યક્ત કર્યુ છે. હાલની વેબ સીરિઝ ‘સ્પેશિયલ ઓપ્સ’ના એક્ટર મુઝમ્મિલ ઈબ્રાહિમે પણ પોતાનું નિવેદન આપ્યું હતું. જણાવી દઈએ કે, મુઝમ્મિલ ઈબ્રાહિમને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક દાયકાથી વધુ સમય થઈ ગયો છે, છતાં તેને ઈન્ડસ્ટ્રીમાં કોઈ ખાસ પ્રોજેક્ટ ઓફર થયા નથી. એક્ટરનું દર્દ છલકાયુંએક્ટર મુઝમ્મિલ ઈબ્રાહિમે ઈન્ડસ્ટ્રીમાં ઘણુ સ્ટ્રગલ કર્યુ છે. આજે પણ ઘણાં ઉતાર-ચઢાવ જોયા છે. મુઝમ્મિલે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, ‘બોલિવૂડના ફિલ્મમેકર્સ આઉટસાઈડર એક્ટરના પોટેન્શિયલ પર સવાલો ઉભા કરે છે. જે ભવિષ્યમાં સારા એક્ટર બની શકે છે.’મુઝમ્મિલે વધુ જણાવ્યું કે, ‘જો તમે તમારા કામમાં ઘણા સારા અને અનુભવી છો તો તે તમને નીચે પડાવાની દરેક કોશિશ કરશે. તમને કંઇ આવડતું નથી એવી છબી પણ ઉભી કરશે. બોલિવૂડમાં સ્ટ્રગલ કરી રહેલા બધા એક્ટરે તે અનુભવ્યું છે. મેં કાર્તિક આર્યન, સુશાંત સિંહ રાજપૂતને પણ જોયો છે. આ બંનેએ પણ ફેસ કર્યુ છે. જે એક્ટરમાં પોટેન્શિયલ હોય છે તે જ આ બધુ ફેશ કરતાં હોય છે.’ કશ્મીર મોડલથી એક્ટર બનેલા મુઝમ્મિલે કોન્ટેસ્ટ જીત્યો હતો. ત્યારબાદ તે ઘણા હિટ મ્યૂઝિક વીડિયોમાં નજર આવશે. એક ઈન્ટરવ્યૂમાં મુઝમ્મિલે જણાવ્યું હતું કે, તેની પહેલી ફિલ્મનો અનુભવ ઘણો ટ્રોમેટિક રહ્યો હતો. એક્ટર મુઝમ્મિલ ઈબ્રાહિમે ૨૧ વર્ષની ઉંમરે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કર્યુ હતું. સેટ પર ઘણો ખરાબ માહોલ હતો. પૂજા ભટ્ટની ફિલ્મ ‘ધોખા’ વિશે વાત કરીએ તો મુઝમ્મિલે જણાવ્યું કે, ‘મેં ક્યારેય ટોક્સિક વાતાવરણને ફેસ કર્યુ નથી.



### મેકર્સને આપ્યો જવાબ

# ‘કલ્કી ૨’ માંથી બહાર થવા પર દીપિકા પાદુકોણે તોડી ચુપ્પી

દીપિકા પાદુકોણને માતા બનવાની ભારે કિંમત ચૂકવવી પડી રહી છે. સંદીપ રેડ્ડી વાંગાની સ્પિરિટ પછી એક્ટ્રેસને કલ્કીની સિક્વલ ફિલ્મમાંથી બહાર કરી દેવામાં આવી છે. પ્રભાસ સ્ટારર ફિલ્મના મેકર્સે જાહેરાત કરી કે કલ્કી ૨ માટે ડેડિકેશન અને કમિટમેન્ટની જરૂર છે જે દીપિકા પાદુકોણ હાલમાં પૂરી કરી શકતી નથી જેના કારણે તેને ફિલ્મમાંથી બહાર કરી દેવામાં આવી છે. આ પછી દીપિકાએ પહેલી વાર ચુપ્પી તોડતા જાહેરાત કરી કે, તેના હાથમાં એક મોટી ફિલ્મ આવી છે. તે શાહરુખ ખાનની અપકમિંગ ફિલ્મ કિંગમાં લીડ રોલમાં નજરે પડશે.દીપિકા પાદુકોણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને આની જાહેરાત આપી છે. તે શાહરુખ ખાન, સુહાના ખાનની મચ અવેઈટેડ ફિલ્મ કિંગનો ભાગ બનવાની છે. દીપિકા પોતાના ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર લખે છે, ‘લગભગ ૧૮ વર્ષ પહેલાં, ઓમ શાંતિ ઓમના શૂટિંગ દરમિયાન તેણે મને પહેલો પાઠ શીખવ્યો હતો કે ફિલ્મ બનાવવી, તે દરમિયાનનો અનુભવ અને તમે જે લોકો સાથે તે બનાવો છો - આ બધું તેની સફળતા કરતાં વધુ મહત્વનું છે. હું તેની સાથે સંપૂર્ણપણે સંમત છું અને તે જ પાઠને મેં અત્યાર સુધીના દરેક નિર્ણયમાં અપનાવ્યો છે. અને કદાચ આ જ કારણ છે કે અમે હવે અમારી છઠ્ઠી ફિલ્મ સાથે બનાવી રહ્યા છીએ.’આ સાથે દીપિકા પાદુકોણે જાહેરાત કરી કે, તે શાહરુખ ખાનની કિંગમાં લીડ એક્ટ્રેસ હશે. આ પોસ્ટમાં તે કિંગ ખાનનો હાથ પકડીને નજરે પડે છે. આ કેપ્શનને તેણે જે ફોટો સાથે શેર કર્યો છે તેમાં બંને માત્ર એકબીજાનો હાથ પકડીને નજરે પડે છે. આ પ્રોજેક્ટ દીપિકાના કરિયરના આ પડાવ પર ખૂબ જ મહત્વ ધરાવે છે કારણ કે આ સમયે તે મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી છે.માતા બન્યા પછી સંદીપ રેડ્ડી વાંગા સાથે દીપિકા પાદુકોણનો વિવાદ ખૂબ જ ચર્ચામાં હતો. એક્ટ્રેસે ફિલ્મ સ્પિરિટ માટે ૮ કલાકની શિફ્ટની માંગ કરી હતી જેના કારણે તેને ફિલ્મમાંથી દૂર કરી દેવામાં આવી. આ જ કારણે તેને કલ્કી ૨ માંથી પણ બહાર કરી દેવામાં આવી.દીપિકા પાદુકોણ પછી કિયારા આડવાણીને પણ માતૃત્વની કિંમત ચૂકવવી પડી રહી છે. એક્ટ્રેસને હાલમાં તેની ફિલ્મ શક્તિ શાલિનીમાંથી રિપ્લેસ કરવામાં આવી છે. ૨૨ વર્ષની એક્ટ્રેસ અનીત પડ્ડાને



કિયારાની જગ્યાએ રિપ્લેસ કરવામાં આવી છે. આ ટ્રેન્ડે ફરી વિચારવા માટે મજબૂર કરી દીધું છે કે શું આજના સમયમાં પણ એક્ટ્રેસને માતૃત્વ અથવા કરિયરમાંથી કોઈ એક પસંદ કરવા માટે મજબૂર થવું પડશે. શું આટલા વર્ષોમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જરા પણ બદલાવ આવ્યો નથી? આ ટ્રેન્ડે ફરી વિચારવા માટે મજબૂર કરી દીધું છે કે શું આજના સમયમાં પણ એક્ટ્રેસને માતૃત્વ અથવા કરિયરમાંથી કોઈ એક પસંદ કરવા માટે મજબૂર થવું પડશે. શું આટલા વર્ષોમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જરા પણ બદલાવ આવ્યો નથી?

### બ્રેસ્ટ કેન્સર જાણો, સમજો અને સમયસર પગલાં ભરો

# સ્વસ્થ નારી – સશક્ત પરિવાર અભિયાન, બ્રેસ્ટ કેન્સરથી બચાવ માટે પહેલું પગલું: માહિતી અને નિદાન

। (માહિતી) નડિયાદ, તા.૨૨ ।

મહિલાનું આરોગ્ય એ માત્ર એક વ્યક્તિનું નહીં, આખા પરિવારના ઉજળા ભવિષ્યનું આધારસ્તંભ છે. સ્વસ્થ નારી – સશક્ત પરિવાર એ સંદેશ છે કે જ્યારે નારી તંદુરસ્ત હોય છે ત્યારે ઘરના દરેક સભ્યમાં ઉજાસ ફેલાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના દૃઢ સંકલ્પ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આ અભિયાન ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ખેડા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ મહિલા આરોગ્ય અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો મહત્તમ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કારણ કે જ્યારે નારી શક્તિશાળી બને છે, ત્યારે જ સમાજ સશક્ત બને છે. આજના આધુનિક જીવનશૈલીમાં મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર (સ્તન કેન્સર) એક ગંભીર આરોગ્ય સમસ્યા બની રહ્યું છે. વિશ્વભરમાં અને ભારતમાં વધતા કેસોને ધ્યાનમાં રાખીને મહિલાઓમાં આ બાબતે સમયસર ચકાસણી અને જાગૃતિ ખૂબ જ જરૂરી છે.

**જાણીએ...બ્રેસ્ટ કેન્સરના મુખ્ય કારણો**

●બ્રેસ્ટ કેન્સરના ઘણા મુખ્ય કારણો હોય છે, જેમ કે વારસાગત (જિનેટિક) કારણો, જેમાં પરિવારની મહિલાઓને બ્રેસ્ટ કેન્સર થયું હોય તો જોખમ વધુ રહે છે. ●આજકાલની અનિયમિત જીવનશૈલી પણ મહત્વનો ભાગ ભજવે છે. જેમ કે, જંક ફૂડ, વધુ તેલિયું અને મસાલેદાર ખોરાકનું સેવન, ધુમ્રપાન અને દારૂ પીવાની આદત. ●મોડા લગ્ન અને મોડું માતૃત્વ પણ મેજર રિસ્ક ફેક્ટર ગણાય છે. ●શારીરિક પરિશ્રમના અભાવે શરીરમાં ચરબી વધારે થાય છે, જેનાથી કેન્સર થવાની શક્યતા વધી શકે છે. ● હોર્મોનલ દવાઓ અથવા ગર્ભનિરોધક ગોળીઓનો લાંબા સમય સુધી ઉપયોગ કરવો અને બાળકને સ્તનપાન ન કરાવવું પણ બ્રેસ્ટ કેન્સરના જોખમને વધારી શકે છે.

**કઈ ઉંમરે બ્રેસ્ટ કેન્સરની રહે છે વધુ સંભાવના?**

બ્રેસ્ટ કેન્સર અંગે ચર્ચા કરતાં વિશેષરૂપે નોંધવું જરૂરી છે કે ૪૦ વર્ષની ઉંમર પછી મહિલાઓમાં આ રોગ થવાની શક્યતા નોંધપાત્ર રીતે વધી જાય છે. જોકે, આજના સમયમાં જીવનશૈલીમાં થયેલા ફેરફારોના કારણે ૩૦ થી ૩૫ વર્ષની ઉંમરે પણ બ્રેસ્ટ કેન્સરના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. માટે દરેક મહિલાએ પોતાના આરોગ્ય પ્રત્યે જાગૃત રહીને નિયમિત રીતે તબીબી ચકાસણી કરાવવી ખૂબ જ આવશ્યક છે, જેથી રોગની સમયસર ઓળખ થઈ શકે અને યોગ્ય સારવાર મળી શકે.

મહિલાઓ જાતે કઈ રીતે ધ્યાન રાખી શકે?

●મહિલાઓએ પોતાનું આરોગ્ય જાળવવા માટે કેટલીક સરળ પરંતુ મહત્વપૂર્ણ આદતો અપનાવવી જોઈએ... ●દર મહિને માસિક ધર્મ પૂર્ણ થયા બાદ બ્રેસ્ટ સેલ્ફ-એગ્ઝામિનેશન કરી સ્તન આરોગ્યનું અવલોકન કરવું જરૂરી છે. ●જો સ્તનમાં કોઈ ગાંઠ, સોજો, રંગમાં ફેરફાર, ચામડીમાં કરચલીઓ, કે દૂધ અથવા લોહીની કોઈ અસામાન્ય પ્રવૃત્તિ જણાય, તો

**તરત તબીબી સલાહ લેવી જોઈએ.**

●૪૦ વર્ષ પછી દર ૧ થી ૨ વર્ષે મેમોગ્રાફી કે અલ્ટ્રાસાઉન્ડ ચકાસણી કરાવવી આરોગ્ય માટે લાભદાયી સાબિત થાય છે. ●વધુમાં સંતુલિત આહાર જેમ કે વધુ શાકભાજી, ફળો, દૂધ, દાળ અને અનાજનું નિયમિત સેવન કરવું તથા નિયમિત કસરત અને યોગ કરવાથી સંપૂર્ણ રીતે આરોગ્ય સુદ્રઢ રહે છે.

●સૌથી મહત્વની બાબત છે કે ધુમ્રપાન અને દારૂ જેવી હાનિકારક આદતોથી દૂર રહેવું. જો બ્રેસ્ટ કેન્સર થાય તો શું પગલાં લેવા જોઈએ?

# ઝાલોદ નગરપાલિકા હોલમા પી. એમ સ્વનિધિ કલ્યાણ યોજના અંતર્ગત લોકમેળાનુ આયોજન કરાયું




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

તા.૨૨.૦૯.૨૦૨૫ સોમવારના રોજ ઝાલોદ નગરપાલિકા ખાતે નગરપાલિકા પ્રમુખ.કારોબારી અધ્યક્ષ.શહેર ભાજપ પ્રમુખ.શહેર ભાજપ મંત્રી તથા અન્ય સદસ્યોના અધ્યક્ષ સ્થાને શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અન્વયે **PM Svnidhi yojna** અંતર્ગત લોક. કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું.જેમાં વિવિધ બેંકના મેનેજરોની ઉપસ્થિતિમાં શહેરી ફેરિયા અને **PM Svnidhi 2.0** ની વિસ્તૃત સમજણ આપવામાં આવી વિવિધ યોજનાની સમજણ આપવામાં આવી.અને મેળાને ખુલ્લો મૂકવામાં આવ્યો.

# નડિયાદના માંગરોલી ગામના બાળકને મળ્યુ સ્વાસ્થ્ય, પરિવારને હૂંફ, માર્ગદર્શન અને આર્થિક સહયોગ

। (માહિતી) નડિયાદ, તા.૨૨ ।

રાજ્યની માતાઓ અને નાના બાળકો માટે સતત ચિંતનશીલ ગુજરાત સરકાર દ્વારા કુપોષણની સમસ્યાને જડ મૂળ થી દૂર કરવા પોષણ સંગમ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. આ કાર્યક્રમની સફળતાનો પુરાવો આપણને નડિયાદ તાલુકાના માંગરોલી ગામમાથી મળ્યો. જ્યારે નિયમીત આરોગ્ય તપાસ, પોષણ અને કાઉન્સેલીંગ દ્વારા આ ગામના પાંચ માસના પરમ પંચાલ બાળકમા ૨ કે.જી વજનનો વધારો જોવા મળ્યો છે. પરમ પંચાલનુ અગાઉ વજન ફક્ત ૪.૪૦૦ કે.જી હતુ જે આજે વધીને ૬.૪૦૦ કે.જી નુ થયુ છે. વિગતે જોઈએ તો માંગરોલી સેજાના પંચાયત ઘરની સામેના કેન્દ્રમાં આરોગ્ય તપાસ દરમિયાન પરમ કલ્પેશભાઈ પંચાલનુ વજન માત્ર ૪.૪૦૦ કિલોગ્રામ અને ઊંચાઈ ૬૦ સે.મી માલુમ થયુ. જેથી બાળક પરમને ગંભીર તીવ્ર કુપોષણ (**Severe acute malnut®iion- SAM**) શ્રેણીમાં મૂકવામાં આવ્યો. પોષણ સંગમ કાર્યક્રમ હેઠળ, પરમને સ્વસ્થ બનાવવા માટે વ્યાપક અભિગમ અપનાવવામાં આવ્યો. ત્રણ મહિના સુધી પોષણ આહાર, નિયમિત કાઉન્સેલિંગ અને આરોગ્ય તપાસણી પૂરી પાડવામાં આવી. ૧ મે, ૨૦૨૫ના રોજ, જ્યારે તેનું વજન ૫.૨૦૦ કિલોગ્રામ હતું, ત્યારથી નોંધપાત્ર પ્રગતિ થઈ. આજે, પરમનું વજન ૬.૪૦૦ કિલોગ્રામ અને ઊંચાઈ ૬૭ સે.મી થઈ છે. આ નોંધપાત્ર સુધારાથી બાળક **SAM** શ્રેણીમાંથી સામાન્ય શ્રેણીમાં આવ્યો છે. આ સફળતાનો શ્રેય આંગણવાડી કાર્યકર બહેનની અથાક મહેનત, નિયમિત ગૃહ મુલાકાતો અને કાંગારુ મધર કેરના નિદર્શનને જાય છે. માતા-પિતાનો સક્રિય સહકાર અને નડિયાદના ન્યુટ્રિશન રિહેબિલિટેશન સેન્ટર (**NRC**) ખાતે મળેલ યોગ્ય માર્ગદર્શન અને સારવારે મહત્વની ભૂમિકા ભજવી.

# ઝાલોદ ખોડિયાર માતાના મંદિરે નવરાત્રી નિમિતે વાજતે ગાજતે ધ્વજારોહણ કરવામા આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

તારીખ ૨૨-૦૯-૨૦૨૫ સોમવાર આસો સુદ એકમ થી માતાજીના પવિત્ર નવરાત્રીના પર્વની શરૂઆત થનાર છે. માતાજીની ભક્તિ થકી માતાજીના આશીર્વાદ મેળવવા માટે દરેક ભક્તો માતાજીની ભક્તિમા લીન જોવા મળે છે આજરોજ ખોડિયાર માતાજીના મંદિરે નવરાત્રી નિમિતે માઈ ભક્તો દ્વારા માતાજીની ધ્વજાનુ પૂજન અર્ચન કરી વાજતે ગાજતે માતાજીના જય જય કાર સાથે માતાજીના મંદિરના શિખરે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. માતાજીના મંદિરનું પ્રાંગણ બોલ માડી અંબે જય જય અંબેના નાદ સાથે ગુંજી ઉઠયું હતું. માતાજીના નવરાત્રી નિમિત્તે અખંડ જ્યોત પ્રાગટ્ય, મંગળા આરતી કરવામાં આવી હતી. માતાજીના મંદિરે ઉપસ્થિત સહુ માઈ ભક્તો દ્વારા માતાજીની મહાઆરતી પણ કરી હતી.નવરાત્રી નિમિત્તે માતાજીના મંદિરે આવેલ સહુ માઈ ભક્તો માતાજીના મંદિરના પ્રાંગણમાં ગરબા પણ રમ્યા હતા. આસો સુદ આઠમ ૩૦-૦૯-૨૦૨૫ મંગળવારના રોજ માતાજીના મંદિરે હોમહવન સવારે ૧૧ વાગે રાખવામાં આવેલ છે જેની પૂર્ણાહુતિ સાંજે ૬:૧૫ વાગે થનાર છે.

# ૨૫મી સપ્ટેમ્બરે ITI ફાગવેલ ખાતે ટેક્નિશિયન સ્ટુડન્ટ્સ માટે ટ્રેનિંગ અને જોબ ફેર કાર્યક્રમ યોજાશે

। (માહિતી) નડિયાદ, તા.૨૨ ।

**ITI** ફાગવેલ અને ડિજિટલ સોલ્યુશન્સ પ્રોવાઈડર કંપની ઈન્ટેલીસ્માર્ટ ઈન્ફ્રાના સંયુક્ત ઉપક્રમે ૨૫મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦.૩૦ કલાકે **ITI** ફાગવેલ ખાતે ઈલેક્ટ્રીશિયન ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ માટે 'સ્ટુડન્ટ ટ્રેનિંગ ઈન ઈલેક્ટ્રીશિયન પ્રોગ્રામ' અંતર્ગત ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ સેશનનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ દરમિયાન સ્માર્ટ મીટરના ટેક્નિકલ અપ્રૂવલથી લઈને સ્માર્ટ મીટરમાં બિલ જનરેટ થવા સુધીની તમામ માહિતી સ્ટુડન્ટ્સને અપાશે. સ્ટેપ (**STEP**) પ્રોગ્રામ **ITI** કેમ્પસ ખાતે જ યોજાશે જેમાં ઈન્ટેલીસ્માર્ટ ઈન્ફ્રા કંપનીના એક્સપર્ટ્સ સ્ટુડન્ટ્સને ટ્રેનિંગ આપશે. આ એક દિવસીય પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાઓને એનર્જી સેક્ટરની લેટેસ્ટ ટેક્નોલોજી અને સેફ્ટી પ્રોટોકોલ વિશે માર્ગદર્શન આપવાનો છે. શોર્ટલિસ્ટ કરાયેલા સ્ટુડન્ટ્સને કંપની સાથે કામ કરવાનો મોકો પણ આપવામાં આવશે.

# CCTV માં કેનાલ પાસે જતો શખ્સ દેખાયો, સાઈકો કિલરની શક્યતા

। (માહિતી) ગાંધીનગર, તા.૨૨ ।

ગાંધીનગરના અડાલજના અંબાપુર પાસે લુંટ વિથ મર્ડરના કેસમાં ગાંધીનગર પોલીસે શંકાસ્પદ વ્યક્તિને પકડવા માટે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. દહેગામ વિસ્તારમાં પોલીસ નાકાબંધી કરી છે. પ્રાથમિક માહિતી મુજબ સાઈકો કિલરે હત્યા કરી હોવાની શકયતા છે. ગાંધીનગરમાં અડાલજ કેનાલ પાસે લૂંટ વિથ મર્ડરના ગુનામાં પોલીસને એક મહત્વની કડી હાથમાં લાગી છે. પોલીસે બનાવ સ્થળ આસપાસના સીસીટીવી તપાસતા આશરે એકાદ વાગ્યાની આસપાસ એક શખ્સ બાઈક લઈને કેનાલના સર્વિસ રોડ પર જતો જોવા મળ્યો છે. રાત્રે બે અઢી વાગ્યાના અરસામાં બહાર નીકળતો પણ જોવા મળ્યો છે. પોલીસે આ ગુનાનો ભેદ ઉકેલવા માટે ઉક્ત મોડસ ઓપરેન્ડીથી ગુનાને અંજામ આપનાર આરોપીઓની નામાવલી શોર્ટ લિસ્ટ કરવામાં આવી હતી. જેમાં ભૂતકાળમાં બે વર્ષ અગાઉ લુંટ વિથ મર્ડરના ગુનાને અંજામ આપનાર એક આરોપી જામીન ઉપર છૂટીને બહાર આવ્યો હોવાનું તપાસમાં ખૂલ્યું છે. પોલીસે આ આરોપીને ઝડપી પાડવા ચારે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ગઈકાલે ઘટના બન્યા બાદથી જ ગાંધીનગર પોલીસની અલગ અલગ ટીમો ટેકનિકલ અને વ્યુમન સોર્સના આધારે શકમન આરોપીને ઝડપી પાડવા માટે એક્ટિવ થઈ હતી. આ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે આરોપી દહેગામ તરફ ભાગ્યો છે. જેના પગલે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ દહેગામ વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો. આરોપી દહેગામના નાદોલ વિસ્તારમાં હોવાની માહિતીના આધારે પોલીસે સર્ચ હાથ ધર્યું હતું. આરોપીને પકડવા માટે પોલીસે ફાયરિંગ કર્યુ હોવાની વાત પણ સામે આવી હતી. જોકે, બાદમાં આ મામલે એસપી રવિ તેજા વાસમ શેટ્ટીએ સ્પષ્ટતા કરી કે, ફાયરિંગ જેવું કશું નથી. શકમંદ આરોપીને પકડવા માટે પોલીસની ટીમો દહેગામ વિસ્તારમાં શોધખોળ હાથ ધરી રહી છે.

# ઝાલોદ નગરના અગ્રવાલ સમાજ દ્વારા અગ્રસેન મહારાજની ૫૧૪૯ વર્ષની ઉજવણી આન બાન શાન સાથે કરવામાં આવી

### નગરમાં ભવ્ય શોભાયાત્રામા સમાજના લોકો મોટા પ્રમાણમાં જોડાયા, અગ્રવાલ યુવામંચના પ્રમુખ તરીકે ચૂંટાતા સાહિલ અગ્રવાલ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

અગ્રવાલ સમાજના કુલ પ્રવર્તક એવા ભગવાન અગ્રસેન મહારાજની ઓળખ મહાન રાજા તરીકે ગણવામાં આવે છે. તેઓ અગ્રવાલ સમાજ માટે જાણીતું ધામ ગણાય છે તેવા આગ્રોહા ધામના સુપ્રસિદ્ધ ભારતીય રાજા હતા. તેઓનો શ્રી રામ ભગવાનની ૩૪ મી પેઢીમા ( રામના પુત્ર કુશ ) જન્મ થયેલ છે. ભગવાન અગ્રસેને સમાજવાદની સ્થાપના કરી હતી જેનો મૂળ ઉદ્દેશ તેઓના રાજ્યમા આવનાર દરેક વ્યક્તિને એક રૂપિયો એક ઈંટ આપી તેને વ્યાપાર અને રહેવા માટે મદદરૂપ બનવું જેથી તેઓને સમાજવાદના અગ્રદૂત પણ માનવામાં આવે છે. ભગવાન અગ્રસેને ૧૦૮ વર્ષ સુધી રાજ કર્યું હતું તેમના શાસન કાળમાં શાસન વ્યવસ્થા, સામાજિક સમરસતા વધુ મજબૂત બની હતી. મહારાજ અગ્રસેન મહાભારતના યુદ્ધમા પાંડવોના પક્ષ માંથી યુદ્ધ લડેલ હતું. અગ્રસેન મહારાજના રાજ્યમા સુંદર શાસન વ્યવસ્થા થી આજુબાજુના રાજાઓ નિરંતર હુમલાઓ કરતા રહેતા હતા પરંતુ દરેક યુદ્ધમા અગ્રસેન મહારાજનો વિજય થતો હતો. અગ્રસેન મહારાજના રાજ્યમા અચાનક વિકરાળ આગ લાગી હતી અને આ આગની લપેટમાં આખું રાજ્ય વિખેરાઈ ગયું હતું અને રાજ્યના લોકો બીજા રાજ્યમા જઈ વેપાર કરવા લાગ્યા અને ત્યાં તેઓ પોતાની મૂળ ઓળખાણ ન છોડી અને તેઓ અગ્રવાલ છે તેવી આગવી ઓળખ ઉભી કરેલ હતી આજે પણ અગ્રસેન મહારાજના વંશજ એવા અગ્રવાલ સમાજના તમામ લોકો અગ્રસેન મહારાજના સિદ્ધાંતો પર ચાલે છે અને સમાજની સેવા ગામ, નગર કે રાજ્યની સેવા કરી પોતાની આગવી ઓળખ અને પ્રતિષ્ઠા ઉભી કરેલ છે.

અગ્રવાલ સમાજ ઝાલોદ દ્વારા અગ્રસેન મહારાજના ૫૧૪૯ મા જન્મોત્સવ નિમિત્તે પંચ દિવસીય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતી. આ પંચ દિવસીય મહોત્સવમા લોકપ્રિય રમત એવી ક્રિકેટ ટુર્નામેન્ટ (**APL**) તેમજ પૌરાણિક અનેક રમતોનુ આયોજન કરવામાં આવ્યું હતુ. આ દરેક રમતોમા સમાજના નાના બાળકો, યુવાનો, મહિલાઓ તેમજ વડીલોએ ભાગ લઈ તમામ રમતોના આયોજને સફળ બનાવ્યું હતું. ચાર દિવસ સળંગ ચાલનારી અગ્રવાલ પ્રેમીયર લીગ (**APL**) ના વિજેતા અગ્રવાલ ટાઈટંસ ટીમ થઈ હતી તેઓએ અગ્રવાલ જાયંસ ઈલેવનને ફાઈનલમાં હરાવી હતી. અગ્રવાલ સમાજના યુથ ક્લબની રચના કરી સર્વ સંમતિ થી સાહિલ અગ્રવાલને સમાજના યુથ પ્રમુખ બનાવવામાં આવેલ હતા. તેમજ આગામી સમયમાં યુવા મહિલા મંચ રચવાની વાતને પણ સમાજ દ્વારા સંમતિ આપવામાં આવી હતી. અગ્રવાલ સમાજ દ્વારા છેલ્લા બે દિવસ દરમ્યાન વેશભૂષા, રાસ ગરબા, ડાન્સ તેમજ અગણીત સ્પર્ધાઓ યોજાઈ હતી દરેક સ્પર્ધાઓમાં ઈનામો પણ આપવામાં આવ્યા હતા. સાંજે ગીતા મંદિર થી અગ્રસેન મહારાજજીની શોભાયાત્રા વાજતે ગાજતે અને શિસ્તબદ્ધ રીતે નીકળી હતી. ભગવાન અગ્રસેન મહારાજના જય જય કાર સાથે વાતાવરણ ગુંજી ઉઠયું હતું. ભગવાન અગ્રસેન મહારાજની શોભાયાત્રા પુરી થયા બાદ ઈનામ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને છેલ્લે મહાઆરતી અને મહાપ્રસાદ સાથે ભગવાન અગ્રસેન મહારાજનો ૫૧૪૯ મા જન્મોત્સવ નિમિતે યોજાયેલ પંચ દિવસીય મહોત્સવનુ સમાપન કરવામાં આવ્યું હતું. અગ્રવાલ સમાજના કાર્યકારી પ્રમુખ મનોજ અગ્રવાલ દ્વારા સમાજ દ્વારા યોજાયેલ દરેક પ્રોગ્રામ માટે સાથ સહકાર આપવા માટે સમાજનો આભાર માન્યો હતો. આ સમગ્ર પ્રોગ્રામનુ સુંદર આયોજન અગ્રવાલ સેવાસંઘ, અગ્રવાલ યુથ ક્લબ તેમજ અગ્રવાલ મહિલા મંડળ દ્વારા કરવામાં આવેલ હતું. અગ્રવાલ સમાજના કાર્યકારી પ્રમુખ મનોજ અગ્રવાલ દ્વારા સમાજ દ્વારા યોજાયેલ દરેક પ્રોગ્રામ માટે સાથ સહકાર આપવા માટે સમાજનો આભાર માન્યો હતો. આ સમગ્ર પ્રોગ્રામનુ સુંદર આયોજન અગ્રવાલ સેવાસંઘ, અગ્રવાલ યુથ ક્લબ તેમજ અગ્રવાલ મહિલા મંડળ દ્વારા કરવામાં આવેલ હતું.

# પ્રદેશ કાર્યકર્તા અભ્યાસ વર્ગ ૨૦૨૫




તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૨૨ ।

સહકાર ભારતી ગુજરાત પ્રદેશનો અભ્યાસ વર્ગ સહકાર ભવન સરદાર સરોવર કેવડીયા કોલોની ખાતે તારીખ:- ૨૦/૯/૨૫ અને તારીખ:- ૨૧/૯/૨૫ ના રોજ બે દિવસનો રાખવામાં આવેલ હતો. કાર્યક્રમની શરૂઆત સહકાર ગીત તેમજ દીપ પ્રાગટ્ય થી કરવામાં આવેલ હતી. અભ્યાસ વર્ગમાં (૧) સહકાર ભારતી ની સંકલ્પના ઉદ્દેશો તથા માન્યતાઓ. (૨) કાર્યકર્તા અને કાર્યકર્તા નિર્માણ પદ્ધતિ (૩) સંગઠનાત્મક રચના અને કાર્ય પદ્ધતિ (૪) પ્રદેશ તથા જિલ્લા સ્તરના પદાધિકારીઓની ભૂમિકા (૫) સહકાર ભારતી ના વિવિધ કાર્યક્રમો (૬) કાર્ય વિસ્તાર (૭) પ્રકોસ્ટ રચના તથા સંચાલન (૮) આગામી કાર્યની દિશા વગેરેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી. જેમાં શ્રી મહેશભાઈ પટેલ.પ્રદેશ અધ્યક્ષ.શ્રી જયંતીભાઈ કેવટ. પ્રદેશ મહામંત્રી. શ્રી ચીમનભાઈ ડોબરીયા. પ્રદેશ સંગઠન પ્રમુખ વગેરે એ વિસ્તૃત માહિતી આપેલ હતી. કાર્યક્રમના અંતે શ્લોક બોલી પૂર્ણાહુતિ કરવામાં આવેલ હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે સાંજે પરી અથવા મિત્રો સાથે થોડીક હળવાશ માણો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. બાળકો વધુ ધ્યાનની માગ કરશે-પણ તેઓ સહાયક અને દેખભાળભર્યું વર્તન કરશે. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે અને તમારી યોજનાઓમાં તેમના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખી શકો છો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વધુ પડતો ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે.

**કર્ક (ડ,હ) :**

આજે તેવું થી શકે છે કે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાકર્કિક આધાર લો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. અંગત બાબતો ઉકેલવાના તમારા અભિગમમાં ઉદાર રહો, પણ તમારી પ્રેમ અને સારસંભાળ ધરાવતા લોકોને તમારી વાણીથી નુકસાન ન પહોંચે તેનું ધ્યાન રાખજો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. પ્રિયપાત્ર સાથે ઝઘડો કરાવે એવા મુદ્દાઓ ટાળવા તમારી માટે શ્રેષ્ઠ રહેશે. લાગણીશીલ અંતરાયો તમને તકલીફ આપી શકે છે.

**તુલા (ર,ત) :**

આજથી સવારે શરૂ કરેલ આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. આજે તમે કુદરતી સૌંદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. આજનો દિવસ તમારા બધા માટે ખૂબ જ સક્રિય તથા સામાજિક પ્રવૃત્તિઓથી ભરેલો દિવસ રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે કોઈ પણ તકલીફમાં જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો.

**મકર (ખ,જ) :**

કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. તમારા રોમેન્ટિક અભિપ્રાયોને જાહેર ન કરો. તમે જે કંઈ કામ કરો છો તેનું શ્રેય બીજાને ન લેવા દેતા. તમે જે હંમેશાં સાંભળવા માગતા હતા.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારે નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે. આજે તમે રોમેન્ટિક સ્પંદનો અનુભવશો. કામના સ્થળે વરિષ્ઠો તથા સહ-કમર્મચારીઓ તરફથી સહકાર તમારૂં મનોબળ વધારશે.






પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અરુણાચલ પ્રદેશના ઈટાનગરમાં ઈન્દિરા ગાંધી પાર્ક ખાતે આયોજિત પ્રદર્શનની મુલાકાત લીધી, ઈટાનગર, અરુણાચલ પ્રદેશમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સના શિલાન્યાસ અને ઉદ્ઘાટન દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ.

## ન્યૂઝ બ્રિફ

### આઇફોન ૧૭ના પ્રો કરતાં બેસિક વર્ઝન માટે યુઝર્સનો વધતો ઈન્ટરેસ્ટ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।**

એપલ દ્વારા હાલમાં જ આઈફોન ૧૭ની હાઈ-ડિમાન્ડને જોઈને પ્રોડક્શનમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એપલ દ્વારા આઈફોન ૧૭ લોન્ચ કર્યા બાદ એની પ્રી-બુકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. આ બુકિંગ એપલના ધારવા કરતાં ખૂબ જ વધુ હતું. તેમ જ આઈફોનની ડિલિવરી શરૂ કરવામાં આવતાં એને ખૂબ જ સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. આથી એપલ દ્વારા એનું પ્રોડક્શન વધારવા માટે કહેવામાં આવ્યું છે. આ માટે લક્સશેરને તેમના આઉટપુટમાં ૪૦ ટકાનો વધારો કરવા માટે કહી દેવામાં આવ્યું છે. તેમ જ અન્ય સપ્લાયરને પણ ૩૦ ટકા વધારો કરવા માટે કહેવામાં આવ્યું છે. આઈફોન ૧૭ તેના પ્રો વર્ઝનની સરખામણીએ વધુ ડિમાન્ડમાં છે. એક સમય હતો જ્યારે પ્રો વર્ઝનના કેમેરા અને સ્ક્રીન બન્ને ખૂબ જ સારા હતા. જોકે હવે આઈફોન ૧૭માં પણ એ ફીચર આપી દેવાથી યુઝર્સ મોંઘો મોબાઈલ લેવા કરતાં બેસિક આઈફોન ખરીદવાનું પસંદ કરી રહ્યાં છે. એક સમયે હતો જ્યારે એપલ તેના યુઝર્સને પ્રો મોડલ્સ ખરીદવા માટે પ્રેરિત કરતું હતું. જોકે હવે પ્રો મોડલની કિંમત એટલી વધી ગઈ છે કે એપલ પણ હવે સસ્તા આઈફોનની વધુ ડિમાન્ડનો સામનો કરી રહ્યું છે. એપલ દ્વારા આઈફોન ૧૭નું પ્રોડક્શન વધારવામાં આવ્યું છે એ તેમની સ્ટ્રેટેજી હોવાનું કહેવામાં આવી રહ્યું છે. એપલ તેના વાર્ષિક પ્રોડક્શન પર ધ્યાન આપી રહ્યું છે. એપલને એ ખબર છે કે તેના પ્રો વર્ઝન આજે નહીં તો કાલે વેંચાવાના છે, પરંતુ તે બેસિક મોડલને હાલમાં વધુ મહત્ત્વ આપી રહ્યું છે. એપલ ઈચ્છે છે કે તેના ટોટલ પ્રોડક્શનના ૨૫ ટકા આઈફોન ૧૭ હોય, ૬૫ ટકા આઈફોન ૧૭ પ્રો અને પ્રો મેક્સ હોય તેમ જ બાકીના ૧૦ ટકા આઈફોન એર હોય.

### ઈઝરાયલના હુમલામાં એક જ દિવસમાં ૯૧ના મોત

**। (એજન્સી) ગાઝા, તા.૨૨ ।**

પાણી અને ભોજન માટે સંકટનો સામનો કરી રહેલા ગાઝામાં ઈઝરાયલે ફરી ભયાનક હુમલો કર્યો છે. રિપોર્ટ હુમલામાં એક જ દિવસમાં આશરે જાણીતા ડૉક્ટરના પરિવાર ૯૧ પેલેસ્ટાઈનીઓના મોત થયા છે. અલ જઝીરાના રિપોર્ટ મુજબ, ઈઝરાયલે શનિવારે ગાઝામાં ઘરો, શિબિરો, ટેન્ટ અને લોકોને લઈ જઈ રહેલા ટ્રકને ટાર્ગેટ બનાવ્યા હતા. આ હુમલાઓ એટલા શક્તિશાળી હતો કે ધરતીકંપના આંચકા જેવો લાગ્યો હતો. હુમલામાં ઘણી બિલ્ડિંગો ધ્વસ્ત થઈ ગઈ છે. આ હુમલામાં ગાઝાની સૌથી મોટી હોસ્પિટલ અલ-શિફાના ડિરેક્ટર મોહમ્મદ અબુ સાલમિયાના ભાઈ, તેમના સાસરિયાં અને તેમના બાળકો સહિત અનેક પરિવારજનો માર્યા ગયા છે. નાસર વિસ્તારમાં થયેલા બીજા હુમલામાં એક ટ્રકને નિશાન બનાવવામાં આવ્યો હતો, જેમાં સવાર લોકોના મોત થયા હતા. ઈઝરાયલના સતત હુમલાઓથી ડરેલા ગાઝા સિટીના લોકો ઉત્તર તરફ ભાગી રહ્યા છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે ઈજાગ્રસ્તો સુધી દવાઓ અને ખોરાક પહોંચાડવો પણ મુશ્કેલ બની ગયો છે.

### એશિયા કપમાં મોટો ઉલટફેર

# બાંગ્લાદેશે ૬ વખતના ચેમ્પિયન શ્રીલંકાને હરાવીને ફાઈનલ માટે દાવો કર્યો મજબૂત

## પહેલા બેટિંગ કરતા શ્રીલંકાએ ૧૬૮ રનનો સ્કોર બનાવ્યો, જેનો પીછો બાંગ્લાદેશે રોમાંચક અંતિમ ઓવરમાં કર્યો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।**

બાંગ્લાદેશે શ્રીલંકાને ૪ વિકેટથી હરાવ્યું. એશિયા કપના સુપર ૪ તબક્કાની શરૂઆત રોમાંચક જીત સાથે થઈ. પહેલા બેટિંગ કરતા, શ્રીલંકાએ ૧૬૮ રનનો સ્કોર બનાવ્યો, જેનો પીછો બાંગ્લાદેશે રોમાંચક અંતિમ ઓવરમાં કર્યો. બાંગ્લાદેશ માટે તૌહિદ હૃદયોયે મેચવિનિંગ ઈનિંગ રમી, જેમાં તેણે ૫૮ રન બનાવ્યા. છ વખતના એશિયા કપ ચેમ્પિયન શ્રીલંકા પરની આ રોમાંચક જીતે બાંગ્લાદેશને ૨૦૨૫ એશિયા કપ ફાઈનલ તરફના પ્રથમ



પગલા પર પહોંચાડ્યું. ટોસ જીત્યા પછી બાંગ્લાદેશનો પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય સમજદાર સાબિત થયો. ૧૬૯ રનના લક્ષ્યનો પીછો કરતા, બાંગ્લાદેશની શરૂઆત નબળી રહી, કારણ કે તાંઝીદ હસન તમીમ ખાતું ખોલવામાં નિષ્ફળ ગયો. કેપ્ટન લિટન દાસે ૧૬ બોલમાં ૨૩ રન બનાવ્યા અને સૈફ હસન સાથે ૫૯ રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી. ત્યારબાદ સૈફ હસન અને તૌહિદ હૃદયોયે બાંગ્લાદેશને વિજયની નજીક લાવવા માટે ૫૪ રનની ભાગીદારી કરી. હસન ૧૪મી ઓવરમાં ૬૧ રન બનાવીને આઉટ થયો. હૃદય હજુ પણ ક્રીઝ પર હતો, અને બાંગ્લાદેશની જીતની આશા તેના પર ટકી રહી હતી. ૧૯મી ઓવરમાં, હૃદય પણ ૫૮ રન બનાવીને આઉટ થયો, અને મેચ રોમાંચક બનવાની તૈયારીમાં હતો.

### H-1B વિઝા મામલે સૌથી મોટા સમાચાર

# નવી ફી વાર્ષિક નહીં પરંતુ વન ટાઈમ જ આપવાની રહેશે

## જે લોકો પાસે H-1B વિઝા છે અને અમેરિકાની બહાર છે તે લોકોને પરત ફરતા સમયે ફી નહિ ચુકવવી પડે

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨ ।**

H-1B વિઝા માટે ફી વધારવાના નિર્ણયથી વિશ્વભરમાં હોબાળો મચી ગયો છે. આ એક મોટો ફટકો છે, ખાસ કરીને ભારતના ટેક જાયન્ટ્સ માટે. ૨૪ કલાકની અંદર, કંપનીઓએ કર્મચારીઓને યુએસ પાછા ફરવાનું કહ્યું છે, જેના પરિણામે વિમાન ભાડું બમણું થઈ ગયું છે. આ વચ્ચે H-1B વિઝા પર વ્હાઈટ હાઉસની સ્પષ્ટતા આવી છે. H-1B વિઝા મામલે વ્હાઈટ હાઉસે મોટી સ્પષ્ટતા કરી છે. વ્હાઈટ હાઉસે જણાવ્યું કે, નવો ફી વધારો માત્ર નવી વિઝા અરજીકર્તાને જ લાગુ પડશે. નવી ફી વાર્ષિક નહીં પરંતુ વન ટાઈમ જ આપવાની રહેશે. જે લોકો પાસે H-1B વિઝા છે તેમણે નવી ફી નહીં ભરવી પડે. જે લોકો વિઝા રિન્યુ કરશે તેમણે પણ ફી નહીં ભરવી પડે. જે લોકો પાસે વિઝા છે તેઓ અવરજવર કરી શકશે. વ્હાઈટ હાઈસે સ્પષ્ટતા કરી કે, આ વાર્ષિક ફી નથી, વન ટાઈમ ફી છે. જે ફકત અરજી કરતા સમયે આપવાની રહેશે. જે લોકો પાસે H-1B વિઝા છે અને અમેરિકાની બહાર છે તે લોકોને પરત ફરતા સમયે ફી નહિ ચુકવવી પડે. જે લોકો પાસે વિઝા છે તે સામન્ય રીતે અમેરિકામાં આવી શકશે. આ વિઝા ફી ફકત નવા વિઝા લેશે તેમના માટે છે. રિન્યુ કરનાર કે જેમની પાસે છે તેમને લાગુ નહિ પડે. ટ્રમ્પ વ્હાઈટ હાઉસે $100,000 ની વધેલી H1B વિઝા ફીના વધુ કડક અર્થઘટનને પાછું ખેંચી લીધું છે, સ્પષ્ટતા કરી છે કે તે વર્તમાન વિઝા ધારકોને અસર કરતું નથી અને માર્ચ ૨૦૨૬ ની આસપાસ શરૂ થનારા આગામી લોટરી ચક્રમાં ફક્ત વિઝા અરજદારોને જ લાગુ પડે છે. યુએસ વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકના રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે આપેલા નિવેદનનો સીધો વિરોધ કરતા કે H1B વિઝા પર $100,000 સ્ટીકર શોક વાર્ષિક ફી હશે, વ્હાઈટ હાઉસના પ્રવક્તા કેરોલિન લેવિટે પણ સ્પષ્ટતા કરી છે કે તે એક વખતની ફી હશે જે ફક્ત નવી અરજીઓ પર લાગુ થશે.



ઝારખંડના રાંચીમાં એક મંદિરમાં દુર્ગા પૂજાના પહેલા દિવસે નેપાળી મહિલાઓ પ્રાર્થના કરે છે.

### રસ્તાઓ પર ઉતર્યા હજારો લોકો

# નેપાળ બાદ હવે ફિલિપાઇન્સમાં પણ સરકાર સામે ભારે વિરોધ પ્રદર્શન

**જેમાં સાંસદો, સરકારી અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ પર આરોપ છે કે, તેમણે પૂર-નિયંત્રણ પ્રોજેક્ટ્સમાંથી મોટી લાંચ લીધી અને ગરીબ-આપત્તિગ્રસ્ત દેશમાં સરકારી ધન લૂટાવ્યું છે.**

**। (એજન્સી) ફિલિપાઇન્સ, તા.૨૨ ।**

નેપાળ બાદ હવે ફિલિપાઈન્સમાં પણ સરકાર સામે લોકોમાં જબરદસ્ત આક્રોશ ફેલાયો છે. હજારોની સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. રવિવારે ફિલિપાઈન્સની રાજધાની મનીલામાં હજારો પ્રદર્શનકારીઓએ રસ્તા પર ઉતરી પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. પ્રદર્શનકારીઓની ભીડ એટલી મોટી હતી કે, પોલીસને તેમને કાબૂમાં કરવી મુશ્કેલ બન્યું. ફિલિપાઈન્સમાં આ વિરોધ પ્રદર્શન એક મોટા ભ્રષ્ટાચાર કૌભાંડ સામે હતા, જેમાં સાંસદો, સરકારી અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ પર આરોપ છે કે, તેમણે પૂર-નિયંત્રણ પ્રોજેક્ટ્સમાંથી મોટી લાંચ લીધી અને ગરીબ-આપત્તિગ્રસ્ત દેશમાં સરકારી ધન લૂટાવ્યું છે. કોઈપણ પ્રકારની હિંસા અટકાવવા માટે પોલીસ અને સૈન્યને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. મનીલામાં એક ઐતિહાસિક પાર્ક અને રાજધાની ક્ષેત્રના મુખ્ય ઈઢજીછ હાઈવે પર ડેમોક્રેસી સ્મારક નજીક અલગ-અલગ પ્રદર્શનોની સુરક્ષા માટે હજારો પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા. ફિલિપ ાઈન્સમાં થયેલા મોટા પાયે વિરોધ પ્રદર્શનો અને હિંસાને ધ્યાનમાં રાખીને અમેરિકા અને ઓસ્ટ્રેલિયન દૂતાવાસોએ તેમના નાગરિકોને પ્રદર્શનોથી દૂર રહેવાની સલાહ આપી છે. પ્રદર્શનકારીઓએ ફિલિપાઈન્સના ધ્વજ લહેરાવ્યા હતા અને એક મોટું બેનર પ્રદર્શિત કર્યું હતું જેમાં લખ્યું હતું કે, ‘‘હવે નહીં, બસ થઈ ગયું, તેમને જેલમાં મોકલો.’’ વિદ્યાર્થી નેતા અલ્થિયા ટ્રિનિડાડે કહ્યું કે, ‘‘મને દુઃખ થાય છે કે આપ ણે ગરીબીમાં જીવીએ છીએ, આપણા ઘરો અને ભવિષ્ય બરબાદ થઈ ગયા છે, જ્યારે આ લોકો આપણા ટેક્સના રૂપિયાથી આલીશાન કાર, વિદેશ યાત્રાઓ અને મોટા વ્યવસાયિક સોદાઓ માટે કરે છે.’’ લોકોનો આરોપ છે કે, ફિલિપાઈન્સના પૂર પ્રોજેક્ટ્સમાં મોટું કૌભાંડ થયું છે. તે બુલાકન પ્રાંતની છે, જે પૂરગ્રસ્ત વિસ્તાર છે જ્યાં પૂર નિયંત્રણ પ્રોજેક્ટ્સને હલકી ગુણવત્તાવાળા અથવા ખરેખર ક્યારેય બનાવવામાં આવ્યા નથી તેવું વર્ણવવામાં આવ્યું છે. કેથોલિક બિશપ કોન્ફરન્સના વડા કાર્ડિનલ પાબ્લો વર્જિલિયો ડેવિડે કહ્યું કે, ‘‘અમારું લક્ષ્ય અસ્થિરતા નથી, પરંતુ લોકશાહીને મજબૂત બનાવવાનું છે.’’કેથોલિક બિશપ કોન્ફરન્સના વડા કાર્ડિનલ પાબ્લો વર્જિલિયો ડેવિડે લોકોને શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરવા અને જવાબદારીની માંગ કરવાની અપીલ કરી. આયોજકોએ કહ્યું કે, તેમનું ધ્યાન ભ્રષ્ટ લોક નિર્માણ અધિકારીઓ, સાંસદો અને નિર્માણ કંપનીના માલિકોને ખુલ્લા પાડવા પર છે. તેઓ રાષ્ટ્રપતિ ફર્ડિનેન્ડ માર્કોસ જુનિયરના રાજીનામાની માંગ કરી રહ્યા ન હતા.

### કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીનું નિવેદન

# હું બ્રાહ્મણ છું, ભગવાને સૌથી મોટો ઉપકાર કર્યો કે અમને અનામત ન મળ્યું

**। (એજન્સી) નાગપુર, તા.૨૨ ।**

કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નિતિન ગડકરીએ નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન મજાકના અંદાજમાં કહ્યું કે, ‘હું બ્રાહ્મણ જાતિનો છું અને ભગવાને મારા પર સૌથી મોટો ઉપકાર કર્યો કે અમને અનામત નથી આપ્યું. વ્યક્તિનું મહત્વ તેની જાતિ, ધર્મ, ભાષા કે લિંગ પરથી નહીં, પરંતુ તેના ગુણો અને ઉપલબ્ધિઓ પરથી નક્કી થવું જોઈએ.’ ગડકરીએ કહ્યું કે, ‘મહારાષ્ટ્રમાં ભલે બ્રાહ્મણોનું મહત્વ નથી, પરંતુ ઉત્તર પ્રદેશ અને બિહાર જેવા રાજ્યોમાં તેઓનું ખૂબ મહત્ત્વ છે. જ્યારે પણ હું ત્યાં જાઉં છું, ત્યારે જોઉં છું કે દુબે, મિશ્રા, ત્રિપાઠી જેવા લોકોનો ખૂબ શક્તિશાળી અને દબદબો છે. જેમ અહીં મરાઠા જાતિનું મહત્વ છે, તેવી જ રીતે ત્યાં બ્રાહ્મણો શક્તિશાળી છે. હું તેઓને કહું છું કે, હું કોઈ જાતિવાદમાં માનતો નથી. કોઈ પણ વ્યક્તિ જાતિ, ધર્મ કે ભાષાથી મોટો હોતો નથી, પરંતુ તે ગુણોથી મોટો હોય છે.’ થોડા દિવસ પહેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અંગે પ્રશ્ન કરવામાં આવતા ગડકરીએ કહ્યું કે, ‘આ સવાલનો જવાબ માત્ર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા જ આપી શકે છે. તમે ખોટા વ્યક્તિને પ્રશ્ન પૂછ્યો છે.’

### INS અરિહંતથી બમણું શક્તિશાળી

# ચીનની દરિયાઈ તાકાત સામે ભારતે બનાવ્યું મેગા ન્યૂક્લિયર રિએક્ટર

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।**

ભારતે નૌસેનાની તાકાતમાં વધારો કરવા માટે એક ખાસ અને ખતરનાક ટેકનોલોજી ડેવલપ કરી છે. ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC) દ્વારા ૨૦૦ મેગાવોટ ઈલેક્ટ્રિક (MWe)નો એક નવો ન્યુક્લિયર રીએક્ટર બનાવાયો છે. આ રીએક્ટર જીપ ક્લાસની ન્યુક્લિયર સબમરીન અને ન્યુક્લિયર અટેક સબમરીન (પ્રોજેક્ટ ૭૭) માં લગાવવામાં આવશે, જેનાથી સબમરીનની શક્તિ બમણી થઈ જશે. હાલમાં ભારતની INS અરિહંત અને INS અરિઘાત જેવી ન્યુક્લિયર સબમરીનમાં ૮૩ સ્ઉીનો રીએક્ટર છે, જે નાના હોવાથી સબમરીન લાંબો સમય પાણીની અંદર રહી શકતી નથી, જેના કારણે મિશન ટૂંકા થઈ જાય છે. જોકે હવે નવો 200 MWeનો રીએક્ટર બમણી શક્તિ પુરી પાડશે, જેના કારણે સબમરીનને વધુ સમય માટે ડૂબી રહેવા માટે તેમજ લાંબા મિશન પૂરા કરવા માટે સક્ષમ બનાવશે. જીપ ક્લાસ ભારતની નેક્સ જનરેશનની બેલિસ્ટિક મિસાઈલ સબમરીન (SSBN) છે, જે આઈએનએસ અરિહંત ક્લાસ કરતાં મોટી એટલે કે ૧૩૦૦૦ ટનની હશે. આ સબમરીનમાં ૫૦૦૦ કિલોમીટરની રેન્જની ‘K-5 SLBM 12-16 ICBM મિસાઈલો’ લગાવી શકાશે.

# ભૂતપૂર્વ રણજી સ્ટાર બેટ્સમેન BCCI ના પ્રમુખ બનવાના દાવેદાર

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ને ટૂંક સમયમાં નવા પ્રમુખ મળશે. અહેવાલ મુજબ, દિલ્હી રણજી ટ્રોફીના ભૂતપૂર્વ સ્ટાર બેટ્સમેન મિથુન મનહાસને BCCI પ્રમુખ પદ માટે ચૂંટવામાં આવ્યા છે. દિલ્હીમાં યોજાયેલી એક મહત્વપૂર્ણ બેઠકમાં તેમના નામને મંજૂરી આપવામાં આવી હતી. ભૂતપૂર્વ ઓલરાઉન્ડર રોજર બિન્નીના રાજીનામા બાદ BCCI પ્રમુખનું પદ ત્રણ અઠવાડિયાથી ખાલી હતું. મિથુન મનહાસે ભલે ભારતીય ટીમમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમ્યું ન હોય, પરંતુ સ્થાનિક ક્રિકેટમાં તેમનું ખૂબ સન્માન કરવામાં આવે છે. તેમણે ૧૯૯૭/૯૮ સીઝનમાં દિલ્હી માટે ફર્સ્ટ-ક્લાસ ડેબ્યૂ કર્યું હતું અને ઝડપથી ટીમના મિડલ ઓર્ડરનો આધાર બની ગયા હતા. તેમની કારકિર્દીનો સૌથી મહત્વપૂર્ણ ક્ષણ ૨૦૦૭/૦૮ રણજી ટ્રોફી સીઝન હતો, જ્યારે તેમણે દિલ્હીની ૧૬ વર્ષ જૂની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. લગભગ બે દાયકાની કારકિર્દીમાં, તેમણે ૧૫૭ ફર્સ્ટ-ક્લાસ મેચોમાં ૯૭૧૪ રન બનાવ્યા, જેમાં ૨૭ સદી અને ૪૯ અડધી સદીનો સમાવેશ થાય છે. બાદમાં તેઓ જમ્મુ અને કાશ્મીર માટે રમ્યા અને છેલ્લે ૨૦૧૬માં રમ્યા. મનહાસ આઈપ ીએલમાં પણ હાજરી આપી ચૂક્યા છે. તેમણે દિલ્હી ડેરડેવિલ્સ, પુણે વોરિયર્સ ઈન્ડિયા અને ચેન્નાઈ સુપર કિંગ્સ જેવી ફ્રેન્ચાઈઝી માટે ક્રિકેટ રમી છે. નિવૃત્તિ પછી, તેમણે કોચિંગ સંભાળ્યું અને ૨૦૧૮માં દિલ્હી રણજી ટીમના મુખ્ય કોચ બન્યા. ત્યારબાદ તેઓ પંજાબ કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરમાં જોડાયા. તાજેતરમાં, તેઓ ગુજરાત ટાઈટન્સના સહાયક બેટિંગ કોચ તરીકે સેવા આપી રહ્યા છે. બીસીસીઆઈ પ્રમુખ પદ માટે પસંદગી ઘણીવાર રાજકીય ગતિશીલતા સાથે જોડાયેલી રહી છે. ક્રિકબઝના અહેવાલ મુજબ, બીસીસીઆઈના વરિષ્ઠ અધિકારીઓ અને શાસક પક્ષ ભાજપના નેતાઓ વચ્ચે દિલ્હીમાં બેઠકો દરમિયાન મનહાસના નામ પર સંમતિ સધાઈ હોવાનું કહેવાય છે. ગૃહમંત્રી અમિત શાહના નિવાસસ્થાને પણ આ મુદ્દા પર ચર્ચા થઈ હતી.

# નવરાત્રિને લઈ DGP વિકાસ સહાયે વિડિઓ કોન્ફરન્સ કરી

## વિડિઓ કોન્ફરન્સ કરી તમામ જિલ્લા પોલીસ વડા, કમિશનર અને રેન્જ IGને કેટલીક મહત્વપૂર્ણ સૂચના આપી

| (એજન્સી) અમદાવાદ, તા.૨૨ |

ગુજરાતમાં નવરાત્રિના તહેવારને ધ્યાનમાં રાખીને, રાજ્યના પોલીસ વડા (DGP) વિકાસ સહાયે સુરક્ષા અને બંદોબસ્તની સમીક્ષા માટે તમામ જિલ્લા પોલીસ વડાઓ, પોલીસ કમિશનરો અને રેન્જ IG સાથે એક મહત્વની વિડીયો કોન્ફરન્સ યોજી. આ બેઠકનો મુખ્ય હેતુ નવરાત્રિના આયોજન, કડક પોલીસ બંદોબસ્ત અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો. DGPએ આ બેઠકમાં કેટલીક મહત્વપૂર્ણ સૂચનાઓ આપી હતી. જેમાં નવરાત્રિ દરમિયાન રાત્રિના સમયે ગરબાના સ્થળો અને આસપાસના વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવાની સૂચના આપવામાં આવી. મહિલાઓની સુરક્ષા માટે કાર્યરત શી ટીમને વધુ સક્રિય અને સતર્ક રહેવા માટે ભાર મૂકવામાં આવ્યો. નવરાત્રિ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા સલામત નવરાત્રિ ડ્રાઈવ ચલાવવામાં આવશે. આ ઉપરાંત, ગ્રામ્ય પોલીસ અધિક્ષક (SP) ઓમ પ્રકાશ જાટે પણ નવરાત્રિની તૈયારીઓ અંગે પ્રેસ કોન્ફરન્સ યોજીને માહિતી આપી. તેમણે જણાવ્યું કે ગ્રામ્ય પોલીસ દ્વારા નવરાત્રિ માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે અને તહેવાર દરમિયાન પોલીસ ખડેપગે રહેશે. ગ્રામ્ય વિસ્તારમાં ૭૯૨ સ્થળોએ ગરબાનું આયોજન છે. જેમાં ૨૧ જાહેર કોમર્શિયલ ગરબા, ૩૨ જાહેર પબ્લિક નવરાત્રી અને બાકીના ગ્રામ્ય ગરબાનો સમાવેશ



થાય છે. આ તમામ સ્થળોએ સુરક્ષા જાળવવા માટે પોલીસ અને હોમ ગાર્ડ સહિત કુલ ૧,૭૦૦ કર્મચારીઓ તૈનાત રહેશે. સુરક્ષા વ્યવસ્થાની દેખરેખ માટે 4 DySP, 20 PI અને 31 PSI ફરજ પર રહેશે. મહિલાઓની સુરક્ષાને પ્રાથમિકતા આપતા, ગરબાના સ્થળોએ શી ટીમ અને હેલ્પ ડેસ્ક ઊભા કરવામાં આવશે. લોકોને તાત્કાલિક મદદ મળી રહે તે માટે પોલીસ અધિકારીઓના નંબર સાથેના બેનરો પણ લગાવવામાં આવશે. ૧૧૨ પોલીસ વાન અને જિલ્લાની તમામ પોલીસ કાર સતત પેટ્રોલિંગમાં રહેશે. અંધારાવાળા વિસ્તારો (બ્લેક સ્પોટ) અને વધુ ટ્રાફિકવાળા સ્થળો પર પણ ખાસ ધ્યાન આપવામાં આવશે. સાયબર ટીમ પણ સોશિયલ મીડિયા પર ધાર્મિક ટીકા-ટિપ્પણીઓ પર નજર રાખશે. આ વર્ષે સુરક્ષા વ્યવસ્થામાં એક ખાસ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાં આયોજિત ૭૦ જેટલા મોટા ગરબાના આયોજકો અને સિક્યોરિટી કંપનીઓ સાથે મળીને પોલીસ, મેડિકલ અને ફાયર વિભાગની ટીમો મોક ડ્રિલ કરશે. આ મોક ડ્રિલનો હેતુ આકસ્મિક પરિસ્થિતિઓ જેવી કે પાવર કટ, આગ, મેડિકલ ઈમર્જન્સી અથવા ભીડમાં કોઈ પડી જાય તેવી પરિસ્થિતિમાં શું કરવું તેની તાલીમ આપવાનો છે. તાલીમમાં CPR (કાર્ડિયોપલ્મોનરી રિસસિટેશન) જેવી મેડિકલ તાલીમ, રસ્તો ખુલ્લો રાખવાની તાલીમ અને પાવર કટ થાય તો રેડિયમ ડાયરેક્શનની વ્યવસ્થા જેવી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. SPએ અંતમાં ખાતરી આપી કે ગ્રામ્ય પોલીસ નવરાત્રિને સુરક્ષિત બનાવવા માટે કટિબદ્ધ છે અને લોકો નિર્ભય થઈને આ તહેવારની ઉજવણી કરી શકે છે.

## રાજકોટ પોલીસ વડાનું ગુનેગારોને અલ્ટીમેટમ

| (એજન્સી) રાજકોટ, તા.૨૨ |

રાજકોટ જિલ્લા પોલીસ વડાનું ગુનેગારોને અલ્ટિમેટમ આપ્યું છે. બે કે તેથી વધુ ગુનામાં ઝડપાયેલા અપરાધીઓને ચેતવણી આપવામાં આવી કે, હવે જો કોઈ ગુનાખોરી આચરી તો કડક કાર્યવાહી થશે. રાજકોટમાં ૪૦૦ જેટલા ગુનેગારોને જિલ્લા પોલીસ વડાએ સંબોધન કર્યું હતું. ગોંડલના SRP ગ્રાઉન્ડ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. મહત્વનું છે કે, આજથી શારદીય નવરાત્રીનો શુભારંભ થઈ રહ્યો છે. ત્યારે રાજકોટ જિલ્લા પોલીસ એક્શનમાં આવી છે. સાથે જ ગુનાખોરી આચરતા લોકોનું એક લિસ્ટ બનાવી. જેમાં ગંભીર ગુનામાં સંડોવાયેલા ૪૦૦ જેટલા લોકોને જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે ચેતવણી આપી અને કહ્યું છે કે, હવે જો કોઈ પ્રકારનો ગુનો આચરશે તો કડક કાર્યવાહી થશે. સાથે જ જિલ્લામાં યોજાનારા ગરબામાં પોલીસ ચાંપતી નજર રાખશે. મહિલા પોલીસ દળની સી ટીમને સીવીલ ડ્રેસમાં ડીપ્લોય કરવામાં આવશે. રાજકોટ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં બે કે વધુ ગુનામાં ઝડપાયેલ ગુનેગારોને જિલ્લા પોલીસ વડાએ અલ્ટિમેટમ આપ્યું છે. રાજકોટ જિલ્લામાં પ્રથમ વખત ગુનેગારોને સુધારવા માટે જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે અનોખો અભિગમ અપનાવ્યો છે. ગોંડલ એસ.આર.પી.ગ્રાઉન્ડ ખાતે જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે ગુનેગારોને સંબોધીને સુધરી જવા ચેતવણી આપી. તેઓએ દારૂ, જુગાર, ચોરી, લૂંટ, જેવા અનેક ગુનામાં બે કે વધુ વખત ઝડપાયેલા ૮૦૦ કરતા વધુ ગુનેગારોમાંથી પ્રથમ ૪૦૦ જેટલા ગુનેગારોને સંબોધન કર્યું. તેમણે ગુનેગારોને કહ્યું કે, ગુનાખોરીને લઈને પોતાના સમાજ અને પરિવાર સહિતના લોકોની બરબાદી થાય છે. ગુનેગારો સુધરશે નહિ અને વધુ ગુનો કરશે તો તેમનુ હવે નીકળશે જાહેરમાં સરઘસ નીકળશે.

### નવરાત્રિના પ્રથમ દિવસે વ્યાપક વેચાણ થયું

## અમદાવાદમાં ૮૦૦થી વધુ ફોરવ્હીલર અને ૨૦૦૦થી વધારે ટુ વ્હીલરનું વેચાણ

| (એજન્સી) અમદાવાદ, તા.૨૨ |

નવરાત્રિના પ્રારંભ સાથે લોકોને GSTના ઘટાડાના અમલીકરણથી લોકોમાં રાહત થઈ છે. ખાસ કરીને ઓટો મોબાઈલમાં GST ઘટાડો થતા દિવાળી પહેલા દિવાળીનો માહોલ ઓટો ડીલરને ત્યાં જોવા મળ્યો. ટુ વ્હીલર અને ફોર વ્હીલર ખરીદી કરવા ગ્રાહકોનો ધસારો વધ્યો છે. નવરાત્રિના પ્રથમ દિવસે અમદાવાદ શહેરમાં ૮૦૦થી વધુ ફોરવ્હીલર અને ૨૦૦૦થી વધારે ટુ વ્હીલરનું વેચાણ થયું હોવાનું સામે આવ્યું છે. કેન્દ્ર સરકારની જીએસટી ઘટાડાની ભેટ ઓટો ઈન્ડસ્ટ્રીમાં નવું આશાનું કિરણ લઈને આવી છે. મા અંબેની આરાધનાનું પર્વ નવરાત્રિનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે આજથી જીએસટી ઘટાડાનો લાભ પણ દેશવાસીઓને મળ્યો તેની સીધી અસર ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીમાં જોવા મળી હતી. સવારથી જ શહેરના વિવિધ શો રૂમમાં પોતાનું નવું વ્હીકલ ખરીદવા માટે ધસારો વધ્યો છે. સરકારે જે રીતે જીએસટીમાં ઘટાડો કર્યો છે તેનાથી ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીમાં દિવાળી પહેલા જ દિવાળી આવી છે. ટુ વ્હીલરમાં ૮૦૦૦ રૂપિયાથી લઈને ૧૫૦૦૦ રૂપિયા સુધીનો ઘટાડો જોવા મળ્યો છે તો બીજી તરફ ફોર વ્હીલરમાં પણ ૫૫ હજાર રૂપિયાથી લઈને અઢી લાખ રૂપિયા સુધીનો ફાયદો ગ્રાહકોને મળશે. જીએસટી ભાવ ઘટાડાને લઈને આજે નવરાત્રિના પ્રથમ દિવસે અમદાવાદ શહેરમાં ૮૦૦થી વધુ ફોરવીલર અને ૨૦૦૦થી વધારે ટુ વ્હીલરનું વેચાણ થયું છે. જ્યારે સમગ્ર રાજ્યમાં આજે અંદાજિત ૨૫૦૦ અને ૮૦૦૦ થી પણ વધારે ટુ-વ્હીલરનું વેચાણ થયું છે.

### AAPના ધારાસભ્ય ચૈતર વસાવાને રાહત

## AAPના ધારાસભ્ય ચૈતર વસાવાના હાઈકોર્ટે આખરે જામીન કર્યા મંજૂર

| (એજન્સી) નર્મદા, તા.૨૨ |

લાંબા સમયથી જેલવાસ ભોગવી રહેલા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને આખરે જામીન મળ્યા છે. જોકે, તેમને જામીનના એક શરતનું પાલન કરવું પડશે. ધારાસભ્ય ચૈતર વસાવા સામે ડેડિયાપાડામાં નર્મદા પ્રાંત ઓફિસમાં તોડફોડ, મારામારી અને ધમકીનો આરોપ છે. AAP ના ધારાસભ્ય ચૈતર વસાવાના જામીન મંજૂર થયા છે. ગુજરાત હાઈકોર્ટે શરતી જામીન મંજૂર કર્યા છે. જેમાં ચૈતર વસાવા પોતાના મત વિસ્તારમાં પ્રવેશ નહિ કરી શકે. તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટે સત્રમાં હાજરી આપવા માટે તેમના ત્રણ દિવસના વચગાળાના જામીન મંજૂર કર્યા હતા. કોર્ટે તેમને ૮ થી ૧૦ સપ્ટેમ્બર સુધી પોલીસ જાપ્તા સાથે જામીન મંજૂર કર્યા હતા. આ બાદ તેઓ ફરીથી વડોદરા સેન્ટ્રલ જેલમાં હાજર થયા હતા. આ રીતે ડેડિયાપાડાના ધારાસભ્ય વિધાનસભાના સત્રમાં હાજરી આપી શક્યા હતા.

### રૂ. ૧૬ કરોડની છેતરપિંડીમાં ઇડીની કાર્યવાહી

## ઇડીએ ટ્રેન રોકાવીને બેંકના બરતરફ અધિકારીની ધરપકડ કરી

| (એજન્સી) અમદાવાદ, તા.૨૨ |

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ બુધવારે બે રાજ્યોમાં ૧૩ કલાકથી વધારે સમય સુધી દરોડા પાડયા હતાં. આ કાર્યવાહી પછી બીઓઆઈના બરતરફ કરાયેલા અધિકારી હિતેશ સિંગલાની ધરપકડ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે હિતેશ સિંગલા પર વરિષ્ઠ નાગરિકો, સગીરો, મૃતક ગ્રાહકો અને નિષ્ક્રિય ખાતાધારકોના ૧૨૭ ખાતાઓમાંથી ૧૬.૧૦ કરોડ રૂપિયાની હેરાફેરીનો આરોપ મૂકવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર છેતરપિંડીનો પર્દાફાશ થયા પછી સિંગલા ભાગેડું હતાં. ઈડીના અધિકારીઓએ અમદાવાદમાં ઉજ્જૈન-વેરાવળ ટ્રેન રોકાવીને ભાગેડું સિંગલાની ધરપકડ કરી હતી. ઈડીના અધિકારીઓએ સિંગલાને મુંબઈની પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) કોર્ટમાં રજૂ કર્યા હતાં. કોર્ટે ત્યાંથી તેમને ઈડીની કસ્ટડીમાં મોકલી દીધા હતાં. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર સિંગલાએ લગભગ બે વર્ષ સુધી છેતરપિંડી આચરી હતી. સિંગલાએ કોઈની પણ મંજૂરી વગર એફડી, પીપીએફ, વરિષ્ઠ નીગરિકોનાં બેંક ખાતા અને ચાલુ નિષ્ક્રિય ખાતાને બંધ કરવા માટે બીઓઆઈની સિસ્ટમમાં હેરાફેરી કરી હતી. એક રિપોર્ટ અનુસાર તપાસમાં જાણવા મળ્યું છે કે સિંગલાએ છેતરપિંડી આચરવા માટે એવા ખાતાઓની પસંદગી કરી હતી જેમાં તપાસની શક્યતા ખૂબ જ ઓછી હતી.

# ધોળેશ્વર સાબરમતી નદીમાં નાહવા પડેલા મિત્રો પૈકી એકનું ડૂબી જતા મોત

## પિતૃ અમાવસ્યા નિમિત્તે અમદાવાદની પીજીમાં રહેતા મિત્રો મંદિરે દર્શન કરવા આવ્યા અને નાહવા ગયા હતા

| (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ |

ગાંધીનગર શહેર નજીક ધોળેશ્વર પાસે પસાર થતી સાબરમતી નદીમાં અમદાવાદથી આઠેક જેટલા મિત્રો નદીમાં નાહવા માટે પડયા હતા. જે પૈકી એક યુવાનનું નદીના ઊંડા પાણીમાં ડૂબી જવાને કારણે મોત થયું છે. અહીં પ્રતિબંધ હોવા છતાં નદીમાં નાહવાની પ્રવૃત્તિ વધી હોવાથી જાહેરનામું કાગળ ઉપર જ રહી ગયું હોવાનું લાગી રહ્યું છે.ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી સાબરમતી નદીમાં ઊંડા ખાડા છે અને આ સ્થિતિમાં વરસાદી પાણી આવ્યા બાદ હવે આ ખાડાઓમાં પાણી ભરાઈ રહ્યા છે. જેથી જિલ્લામાં નદી અને તળાવમાં નહીં આવવા માટે વહીવટી તંત્ર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે પરંતુ તેનું પાલન થતું નથી. આજે મોટી સંખ્યામાં લોકો ધોળેશ્વર પાસે સાબરમતી નદીમાં નાહવા માટે પડયા હતા તે દરમિયાન અમદાવાદના એક યુવાનનું મોત થયું હોવાનું બહાર આવ્યું છે. જે ઘટના સંદર્ભે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અમદાવાદ ઈન્કમટેક્સ ખાતે આવેલી પીજીમાં રહેતા ૮ જેટલા મિત્રો પિતૃ અમાવસ્યા નિમિત્તે ધોળેશ્વર મંદિરે દર્શન કરવા માટે આવ્યા હતા અને તેમણે જોયું તો નદીમાં મોટી સંખ્યામાં લોકો નાહવા માટે પડયા હતા. જેના પગલે આ યુવાનો પણ અહીં નદીના પાણીમાં નાહવા માટે ઉતર્યા હતા. જે પૈકી મૂળ મહારાષ્ટ્રનો યુવાન ગૌતમ શ્યામભાઈ દુરાંગ નદીના પાણીમાં ડૂબવા લાગ્યો હતો. જેના પગલે અન્ય મિત્રોએ બૂમાબૂમ કરી હતી અને તેનો મિત્ર કુલદીપ પ્રજાપતિ નદીમાં કૂદી પડયો હતો પરંતુ બંનેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો જો કે કુલદીપને બહાર કાઢી લેવામાં આવ્યો હતો પરંતુ ગૌતમ પાણીમાં ડૂબી ગયો હતો. જે સંદર્ભે ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી પરંતુ ફાયર બ્રિગેડના હાથમાં કંઈ આવ્યું નહોતું અને પરત ફરી હતી ત્યારે સ્થાનિક તરવૈયાઓને રૂપિયા આપીને આ યુવાનના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. જે અંગે હાલ પોલીસે અકસ્માતે મોત દાખલ કરી તપાસ શરૂ કરી છે. જે પૈકી મૂળ મહારાષ્ટ્રનો યુવાન ગૌતમ શ્યામભાઈ દુરાંગ નદીના પાણીમાં ડૂબવા લાગ્યો હતો. જેના પગલે અન્ય મિત્રોએ બૂમાબૂમ કરી હતી અને તેનો મિત્ર કુલદીપ પ્રજાપતિ નદીમાં કૂદી પડયો હતો પરંતુ બંનેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો જો કે કુલદીપને બહાર કાઢી લેવામાં આવ્યો હતો પરંતુ ગૌતમ પાણીમાં ડૂબી ગયો હતો. જે સંદર્ભે ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી પરંતુ ફાયર બ્રિગેડના હાથમાં કંઈ આવ્યું નહોતું અને પરત ફરી હતી ત્યારે સ્થાનિક તરવૈયાઓને રૂપિયા આપીને આ યુવાનના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. જે અંગે હાલ પોલીસે અકસ્માતે મોત દાખલ કરી તપાસ શરૂ કરી છે.

## દિવાળીમાં એસટી બસમાં મુસાફરી કરનારોને નહીં પડે કોઈ હાલાકી !

| (એજન્સી) સુરત, તા.૨૨ |

આગામી દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને, સુરતથી વતન જતા લોકોની સુવિધા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) દ્વારા વધારાની બસો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વર્ષે, કુલ ૧૬૦૦ જેટલી વધારાની બસો સુરતથી જુદા જુદા શહેરો અને ગામડાઓ માટે ઉપડશે. આ બસો મુખ્યત્વે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને દાહોદ જેવા વિસ્તારોમાં જશે, જ્યાં દિવાળી દરમિયાન મુસાફરોની ભારે ભીડ જોવા મળે છે. સુરતમાં નોકરી કે ધંધા અર્થે રહેતા હજારો લોકો તહેવારો ઉજવવા પોતાના વતન જતા હોય છે, જેના કારણે સામાન્ય બસોમાં જગ્યા મળવી મુશ્કેલ બની જાય છે.

# બંગાળની ખાડી પર સિસ્ટમ, નવરાત્રિમાં વરસાદ પણ ગરબા રમવા આવશે



| (પ્રતિનિધી) અમદાવાદ, તા.૨૨ |

નવરાત્રિ રમવા માટે થનગની રહેલા યુવાનો માટે ગણતરીના ૪૮ કલાકો બાકી રહ્યા છે. અને બજારમાં ખરીદી માટે યુવાનોની પડાપડી થઈ રહી છે ત્યારે હવામાનને લઈને સમાચાર ખેલૈયાઓ માટે સારા નથી. હવામાન વિભાગ દ્વારા આગાહી મુજબ બંગાળની ખાડી પર એર સાયકલોનિક સિસ્ટમ બનતા વરસાદ વરસવાની પુરેપુરી સંભાવના વ્યક્ત કરાઈ છે.

આગામી સોમવારથી નવરાત્રિના પ્રથમ નોરતા સાથે જ નવરાત્રિની શરૂઆત થઈ રહી છે. અને આ નવરાત્રિ પહેલા હાલ દરરોજ વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે ખેલ્યાઓ વરસાદને લઈને ચિંતિત થઈ ઉઠ્યા છે. તેમની આ ચિંતામાં વધારો કરે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરાઈ છે.

આગાહી મુજબ બંગાળની ખાડી પર એક નવી સિસ્ટમ બની રહી છે, જેના કારણે આગામી અઠવાડિયે વરસાદનો એક રાઉન્ડ આવી શકે તેમ છે. આ વરસાદ ૧ ઓક્ટોબર સુધી રહે તેવી પુરેપુરી શકયતાઓ છે. રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની પણ શકયતા છે. આમ નવરાત્રિની શરૂઆતમાં જ વરસાદની આગાહીથી નોરતાના નવ દિવસોમાં વિઘ્ન આવી શકે તેમ છે. સુરત શહેરમાં છેલ્લા ચાર દિવસથી મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે, જેના કારણે સુરતના કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે. સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. સુરતના ઉધના-નવસારી રોડ પર પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા હતા. ભારે વરસાદના કારણે વાહનચાલકો ફસાયા હતા અને રસ્તાઓ પર નદીઓની માફક પાણી વહેતું જોવા મળ્યું હતું. ખાસ કરીને રાત્રિના સમયે અસહ્ય ગરમી અને બફારા બાદ વહેલી સવારથી જ શરૂ થયેલા ધોધમાર વરસાદે વાતાવરણમાં ઠંડક પ્રસરાવી દીધી હતી.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૪ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. નર્મદાના નાંદોદમાં ૪ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો, જ્યારે બોડેલી અને હાલોલમાં ૪ ઈંચ વરસાદ વરસ્યો હતો. જેતપુર પાવી, જાંબુઘોડા, નેત્રંગમાં ૩ ઈંચ, જ્યારે સંખેડા, માલપુર, ખાનપુર અને કપડવંજમાં ૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત, ૩૫ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. રાજ્યના ૧૧ તાલુકાઓમાં ૨ ઈંચથી વધુ વરસાદ અને ૨૦ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના ખેડૂતો અને નાગરિકોને વરસાદના આગમનથી રાહત મળી છે, પરંતુ નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેતી રાખવા જણાવવામાં આવ્યું છે. જેતપુર પાવી, જાંબુઘોડા, નેત્રંગમાં ૩ ઈંચ, જ્યારે સંખેડા, માલપુર, ખાનપુર અને કપડવંજમાં ૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત, ૩૫ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. રાજ્યના ૧૧ તાલુકાઓમાં ૨ ઈંચથી વધુ વરસાદ અને ૨૦ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના ખેડૂતો અને નાગરિકોને વરસાદના આગમનથી રાહત મળી છે, પરંતુ નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેતી રાખવા જણાવવામાં આવ્યું છે. સપ્ટેમ્બર-૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૧૦૮ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ પ્રદેશમાં ૧૩૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૧૮ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૧૨ ટકા, પૂર્વ-મધ્યમમાં ૧૧૦ ટકા જ્યારે સૌરાષ્ટ્રમાં ૯૩ ટકાથી વધુ સરેરાશ વરસાદ નોંધાયો છે. વધુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૧૪૫ ડેમ હાઈએલર્ટ એટલે કે ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાયા છે. જ્યારે ૧૨ ડેમ એલર્ટ પર તેમજ ૧૭ ડેમ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલમાં તેની કુલ ક્ષમતાના ૯૩ ટકાથી વધુ જળસંગ્રહ ઉપલબ્ધ છે.

## ગુજરાતમાંથી વિદેશ ભણવા જતા વિદ્યાર્થીઓની સંખ્યા ૪૦% ઘટી



| (એજન્સી) અમદાવાદ, તા.૨૨ |

ગુજરાતમાંથી દર વર્ષે અમેરિકા, કેનેડા, યુકે, જર્મની અને ઓસ્ટ્રેલિયા સહિતના દેશોમાં ઉચ્ચ અભ્યાસ માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જતા હોય છે. ત્યારે અમેરિકા સહિતના દેશોમાં જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૪૦ ટકાનો ઘટાડો નોંધાયો છે.અન્ડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટના અભ્યાસ બાદ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જતા વિદ્યાર્થીઓએ જે યુનિવર્સિટીમાંથી ડિગ્રી મેળવી હોય, ત્યાં માર્કશીટ તેમજ ડિગ્રી વેરિફિકેશન માટે તથા ટ્રાન્સક્રિપ્ટ માટે ઓનલાઈન અરજી કરવાની હોય છે. ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા બે વર્ષના અરજીઓના આંકડા જોઈએ તો વિદેશ જનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો છે. આંકડા મુજબ એપ્રિલ ૨૦૨૨થી માર્ચ ૨૦૨૩ સુધીમાં કુલ ૧૪,૮૬૪ વિદ્યાર્થીઓએ વેરીફીકેશન અને ટ્રાન્સક્રિપ માટે અરજી કરી હતી. જ્યારે એપ્રિલ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪ સુધીમાં કુલ ૧૮૨૩૭ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી. જેની સામે એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ સુધીના એક વર્ષમાં ૧૧૦૭૧ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી. આમ ૨૦૨૩-૨૪ના ઘટાડો નોંધાયો છે. મહત્ત્વનું છે કે છેલ્લા ૨-૩ ત્રણ વર્ષમાં અમેરિકા અને કેનેડામાં સ્ટુડન્ટ વિઝા નિયમો સહિતના અનેક નિયમો વર્ષની સામે ૨૦૨૪-૨૫માં ૪૦% જેટલો બદલાયા છે અને કેટલેક અંશે કડક પણ થયા છે, જેની અસર વિદેશ જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં જોવા મળે છે.આ આંકડા તો માત્ર રાજ્યની સૌથી મોટી અને જૂની એવી ગુજરાત યુનિવર્સિટીના છે, પરંતુ જીટીયુ તેમ જ અન્ય સરકારી સ્ટેટ યુનિવર્સિટીના માર્કશીટ અને ડિગ્રી વેરિફિકેશનના આંકડા જોઈએ તો વધુ ચિત્ર સ્પષ્ટ થઈ શકે. જ્યારે એપ્રિલ ૨૦૨૫થી ઓગસ્ટ ૨૦૨૫ના પાંચ મહિનાના ગુજરાત યુનિવર્સિટીના વેરિફિકેશનના આંકડા જોઈએ તો ૪૦૬૬ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી.

### સાયબર ગઠિયાઓનો આતંક યથાવત

## તમારું પાકિસ્તાન સાથે કનેક્શન છે તેમ કહી શિક્ષિકાને ધમકાવી 30 લાખ પડાવ્યા

### સીબીઆઈ ઓફિસરની ઓળખ આપીને નેટ બેન્કિંગ ચાલુ કરાવી તબક્કાવાર રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા

| (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ |

હાલમાં સાયબર ગઠિયાઓનો તરખાટ વધી રહ્યો છે ત્યારે ગાંધીનગર જિલ્લાના કલોલમાં રહેતા મહિલા શિક્ષિકાને સીબીઆઈ ઓફિસરની ઓળખ આપીને સાયબર ગઠિયાઓ દ્વારા તબક્કાવાર ૩૦ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હોવાની ઘટના બહાર આવી છે. જે મામલે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.સમગ્ર દેશમાં હાલ સાયબર ગઠિયાઓનો તરખાટ વધી રહ્યો છે ત્યારે ખાસ કરીને મહિલાઓ અને વૃદ્ધોને ડિજિટલ એરેસ્ટ કરીને આ ગઠિયાઓ દ્વારા ધાક ધમકી આપીને લાખો કરોડો રૂપિયા પડાવવામાં આવી રહ્યા છે ત્યારે ફરી વખત ગાંધીનગર જિલ્લામાં આ ટોળકીએ વધુ એક મહિલા શિક્ષિકાને ભોગ બનાવ્યો છે.જે ઘટના અંગે મળતી વિગતો પ્રમાણે કલોલમાં રહેતા અને ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે કામ કરતા મહિલાને ગત ૪ એપ્રિલના રોજ તેમના મોબાઈલ ઉપર વોટ્સએપ વિડીયો કોલ આવ્યો હતો અને કોલ કરનારે પોતાનું નામ મોહિત શર્મા જણાવ્યું હતું અને સીબીઆઈ ઓફિસર તરીકેની ઓળખ આપી હતી. જેણે આ શિક્ષિકાને કહ્યું હતું કે તમારું પાકિસ્તાન સાથે કનેક્શન છે ત્યારબાદ ધમકાવી હતી અને જો આગળ કાર્યવાહી ના કરવી હોય તો ૧૮,૦૦૦ની માંગણી કરી હતી. જે ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ મોહિત શર્માએ અન્ય બે વ્યક્તિઓનો પરિચય કરાવ્યો હતો જેમાં એક દેવાંશીશ મિશ્રા જે એસબીઆઈ બેન્કમાં ચીફ જનરલ મેનેજર હોવાનું કહ્યું હતું અને ત્યારબાદ સેન્ટ્રલ બેન્કના મેનેજર તરીકે પણ અન્ય એક વ્યક્તિએ ઓળખ આપી હતી.જેમણે દિવસમાં સતત ૧૦ થી ૧૫ વખત વોટ્સએપ કોલ કરીને તેમની સમગ્ર વિગત મેળવી લીધી હતી. આ સાયબર ટોળકી દ્વારા શિક્ષિકાની માતાનું બેન્ક ખાતાનું ઓનલાઈન નેટબેન્કિંગ ચાલુ કરાવીને તેનો એક્સેસ મેળવી લીધો હતો અને શિક્ષિકાને વિશ્વાસ અપાવ્યો હતો કે તમારા રૂપિયા બમણા થઈને સરકાર પરત કરી દેશે.

આમ તબક્કાવાર કુલ ૨૯.૯૦ લાખ રૂપિયા જુદાજુદા બેંક ખાતાઓમાં જમા કરાવડાવ્યા હતા. જોકે તેમને રૂપિયા પરત મળ્યા ન હતા અને ત્યારબાદ સગા સંબંધીઓને આ સંદર્ભે વાત કરતા તેમની સાથે સાયબર ફ્રોડ કરવામાં આવ્યો હોવાનું બહાર આવતા સાયબર હેલ્પલાઈનમાં ફરિયાદ આપી હતી અને ત્યારબાદ હાલ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે તેનો એક્સેસ મેળવી લીધો હતો અને શિક્ષિકાને વિશ્વાસ અપાવ્યો હતો કે તમારા રૂપિયા બમણા થઈને સરકાર પરત કરી દેશે. આમ તબક્કાવાર કુલ ૨૯.૯૦ લાખ રૂપિયા જુદાજુદા બેંક ખાતાઓમાં જમા કરાવડાવ્યા હતા. જોકે તેમને રૂપિયા પરત મળ્યા ન હતા અને ત્યારબાદ સગા સંબંધીઓને આ સંદર્ભે વાત કરતા તેમની સાથે સાયબર ફ્રોડ કરવામાં આવ્યો હોવાનું બહાર આવતા સાયબર હેલ્પ લાઈનમાં ફરિયાદ આપી હતી અને ત્યારબાદ હાલ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.